22974


22974

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SMI-19
22974

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુ


22974

22974

તરફથી ભેટ મળેલું છે.

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા
: તંત્રી :
તારાબેન મોડક

卐

તમે આખી દુનિયાને ઠગી શકશો પણ તમારા બાળકને ઠગી શકશો નહિ.

તમે આખી દુનિયાને આંજી શકશો પણ તમારા બાળકને આંજી શકશો નહિ.

તમે તમારું ચારિત્ર્ય ઈશ્વરથી ય છૂપું રાખી શકશો પણ તમારા બાળકથી તે છુપાવી શકશો નહિ.

કુદરતે એમને કોણ જાણે કેવી ય શક્તિ આપી છે કે તેઓ તમને જાણી જ જવાનાં છે—તમારી અસલ જાતને ઓળખી જવાનાં છે.


—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૯ | : : કાર્યાલય : : | અંક ૧
૨૦૦૦ | રાવપુરા : વડોદરા | ફાગણ

गांधी स्मृति ग्रंथालय
भावनगर

LBO
SM1-19
22974

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )


卐


આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક


卐

તમે આખી દુનિયાને ઠગી શકશો પણ તમારા બાળકને ઠગી શકશો નહિ.

તમે આખી દુનિયાને આંજી શકશો પણ તમારા બાળકને આંજી શકશો નહિ.

તમે તમારું ચારિત્ર્ય ઈશ્વરથી ય છૂપું રાખી શકશો પણ તમારા બાળકથી તે છુપાવી શકશો નહિ.

કુદરતે એમને કોણ જાણે કેવી ય શક્તિ આપી છે કે તેઓ તમને જાણી જ જવાનાં છે—તમારી અસલ જાતને ઓળખી જવાનાં છે.

—સ્વ૦ ગિજુભાઈ


વર્ષ ૧૯ | :: કાર્યાલય :: | અંક ૧

૨૦૦૦ | રાવપુરા : વડોદરા | ફાગણ

# સ્વર્ગસ્થ પૂજ્ય કસ્તુરબા ગાંધી

નૂતન બાલશિક્ષણ સંઘના વ્યવસ્થાપક મંડળની એક બેઠક તા. ૧૨-૩-૪૪ ના રોજ મુંબઇ ખાતે મળી હતી. સભાનું કામકાજ શરૂ કરતા પહેલાં સ્વ. પૂ. કસ્તુરબા ગાંધીના શોકજનક અવસાન અંગે નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો:—

"શ્રી નૂતન બાલશિક્ષણ સંઘનું વ્યવસ્થાપક મંડળ પૂ. કસ્તુરબાના અવસાનની અત્યંત ખેદપૂર્વક નોંધ લે છે અને પૂજ્ય ગાંધીજી તથા તેમના કુટુંબીજનો પ્રત્યે આ વિષમ પ્રસંગે અંતઃકરણપૂર્વક સહાનુભૂતિ દર્શાવે છે. પૂજ્ય કસ્તુરબાના અવસાનથી આખા દેશને એક આદર્શ માતાની, કર્તવ્યનિષ્ઠ ગૃહિણીની અને ધર્મપરાયણ સન્નારીની ખોટ પડી છે એમ જાહેર કરે છે, અને તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ મળો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે."

# બાલશિક્ષણ—એક યોગ

(ભગિની સમાજના ટી. એન. માળવી બાલમંદિરના તા. ૨૨–૧–૪૪ ના રોજ ઉજવાયલા વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇએ એક મહત્ત્વપૂર્ણ અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગૃહ અને શાળાના સુમેળ ઉપર જે ભાર મૂકવામાં આવ્યો છે અને તેને એક પ્રકારના 'યોગ' તરીકે વર્ણવવામાં આવ્યો છે, તે સૌથી વધારે ધ્યાન ખેંચે તેવો વિચાર છે. ભગિની સમાજના કાર્યકર્તાઓ તરફથી સાંપડેલી પ્રસ્તુત વ્યાખ્યાનની નકલ "પ્રબુદ્ધ જૈન" માં પ્રગટ થયેલી તે શિક્ષણ પત્રિકાના વાચકોને ઉપયોગી થશે એમ ધારીને બન્નેના સૌજન્ય સાથે અહીં પ્રગટ કરવામાં આવે છે) **તંત્રી.**

જગતના ગંભીર ચિંતકોને સમજાતું જાય છે કે દેશનું કે જગતનું નવું સર્જન આર્થિક કે રાજકીય સુધારાનાં થીગડાં દ્વારા નહિ, પણ વ્યક્તિઓની યથાયોગ્ય કેળવણી દ્વારા જ સાધી શકાય એમ છે અને વ્યક્તિઓની કેળવણીની વાત કરતાં, સહેજે સમજાય એમ છે કે એનો સર્વ આધાર બાળકની કેળવણી ઉપર છે. આ રીતે થતું નવીન નિર્માણ કદાપિ આશ્ચર્યચકિત કરે એવું ત્વરિત નહિ હોય, છતાં તે પાયામાંથી હોઇ, તેની સ્થિરતા અને સચોટતા માટે એ મત હોઇ શકતા નથી. મલિન સ્પર્ધાના દૂષિત વાતાવરણથી દૂર રહી, જાતે જ નિર્માણ કરેલી પણ સંયમ સાથેની સ્વતંત્રતા અને સ્વાશ્રયની પરિસ્થિતિમાં ઊછરેલાં બાળકો, પોતાના વ્યક્તિત્વમાં જે ઉત્તમ તત્ત્વો છે તે પ્રકટ કરતાં થશે ત્યારે જ સમાજ સાચી પ્રગતિ કરી શકશે.

આ સર્વ શક્યતાઓ બાળકેળવણીની નૂતન દ્રષ્ટિમાં રહેલી છે એમ મારું સ્પષ્ટ માનવું છે. પણ તે સાથે એટલું પણ સ્પષ્ટ છે કે કેવળ બાલમંદિર કાઢયાથી અને સાધનો વસાવ્યાથી

એ શકયતાઓ આપોઆપ સિદ્ધ થઇ જતી નથી. બાહ્ય સાધનો ભેગાં કર્યાથી આપણે કૃત-કૃત્ય થઇ જતાં નથી. શિક્ષકો અને સંચાલકો એમ માને કે બાહ્ય સાધનોના શણગારથી નૂતન કેળવણીનાં ચક્રો ગતિમાન થઇ ગયાં અને માબાપ એમ માને કે આપણાં બાળકોને એકાદ બાલમંદિરમાં મોકલીને આપણે ધન્ય બની ગયાં તો એ વિચારસરણીમાં ભૂલ રહેલી છે એમ મને લાગે છે. મૂક સાધનોમાં એવી કંઇ જ શકિત નથી કે જેથી ગંભીર મંથન વિના નવીન કેળવણીનું નવનીત આપોઆપ ઉપર તરી આવે. સાધનોનો જો યોગ્ય ઉપયોગ કર-વામાં ન આવે તો તે આડે માર્ગે દોરનારાં નીવડે એવો પૂરો ભય છે. આપણે જો સદા જાગ્રત ન રહીએ તો, સાધનોમાં એવી એક પ્રકારની મોહિની રહેલી છે કે જેનાથી આપણને મિથ્યા ધન્યતા અનુભવવાનો નશો સહેજે ચઢે એમ છે. તેમાંથી બચવાને અને આપણા આદ-શની સિદ્ધિને માટે દીર્ઘ ચિંતન, શાસ્ત્રીય પ્રયોગો, અને શિક્ષકો તથા માબાપોનો સાચો અને ગાઢો સહકાર તદ્દન આવશ્યક છે. આપણું સાધ્ય જેમ ઘણું ઉચ્ચ અને ક્રાંતિકારી છે, તેમ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પણ એટલાં જ કઠિન અને એક પ્રકારના નવીન તપની અપેક્ષા રાખનારાં છે. નૂતન બાળકેળવણીની દ્રષ્ટિએ જે સાધનો ગણાય છે તે કોઇ સામાન્ય અર્થમાં સમજવાનાં નથી. એ સાધનોની યોજના, તેનો શાસ્ત્રીય ઉપયોગ અને બાળકોનો અધિકારભેદ એ સર્વની પછવાડે ક્રાન્તિકારી દ્રષ્ટિ રહેલી છે, અને એ ક્રાંતિકારી દ્રષ્ટિનું રહસ્ય પામવા માટે જે શકિતની અપેક્ષા છે તે તપ શબ્દથી વ્યંજિત થાય છે.

બાળકો બાલમંદિરમાં દિવસનો કેટલો સમય રહી શકે ? દિવસના પાંચછ કલાક સાદ કરતાં બાકીનો સમય તેઓ પોતાને ઘેર જ ગાળે છે. તેઓ આમ, બાલમંદિર કરતાં પોતાનાં મા-બાપ અને કુટુંબીજનોના સંબંધમાં વિશેષ રહે છે. બાળકની, કે કોઇની પણ ચેતનાના વિભાગ થઇ શકતા નથી, કે જેથી બાળક બાલમંદિરમાં કે અન્ય શાળામાં માત્ર કેળવણી પામે, અને શાળાની બહાર, ઘર કે મહોલ્લામાં તે અક્રિય જેવી રહે, અથવા તો આરામ લે. અમુક કલાકે ઘંટ વાગે ને કેળવણી શરૂ થાય, અને ફરી ઘંટ વાગતાં તે પૂરી થાય, એવી રીતે બાળકનું કે કોઇનું પણ ચિત્તતંત્ર ઘડાયું નથી. એમ ચેત-નાના કે કેળવણીના વિભાગ કરી શકાતા નથી. કેળવણી તો એક નિરંતર ચાલતી ક્રિયા છે. તેથી, ચેતના તેમ જ કેળવણી, સમગ્ર રૂપે લેવાનાં છે. આથી આપણે માટે સ્પષ્ટ સમજવું આવ-શ્યક બને છે કે ઘર કે બાલમંદિર તો શું, પણ આપણા મહોલ્લા અને રસ્તામાં જતાં આવતાં માણસો, નજરે પડતાં સર્વ દ્રશ્યો, આપણાં વિનોદનાં સાધનો, બાળકની નજરે પડતો સકળ મનુષ્ય વ્યવહાર—એ સર્વ, બાળકેળવણીની દ્રષ્ટિએ, એકબીજાને પૂરક બની રહેવાં જોઇએ. રસ્તામાં નજરે પડતાં દ્રશ્યો, રસ્તે જતાં માણ-સોની વાતચીત, એ શું બાળકોનાં કુમળાં મગજ ઉપર અસર નહિ કરતાં હોય ? બરી રીતે તો, આપણો સમાજ સુશિક્ષિત અને સદા જાગૃત હોય તો જાહેરમાં આયાસે કે અનાયાસે, એક પણ દ્રશ્ય એવું પ્રગટ ન થવું જોઇએ, એક પણ શબ્દ એવો ન ઉચ્ચારાવો જોઇએ કે જેની, બીજાઓ ઉપર, અને ખાસ કરીને બાળકો ઉપર માઠી અસર થવા પામે. પણ અત્યારે તો એ શુભ દિનની માત્ર કલ્પના કરવાની રહે છે. મનુષ્યોના બાહ્ય વ્યવહારને, આ દ્રષ્ટિએ નિયંત્રિત

કરવાની આપણી શક્તિ નથી. એ તો જ્યારે દરેક જણ પોતાની જવાબદારી સમજનારું થાય ત્યારે બને. તેથી હાલ તો આપણે ગૃહ અને બાલમંદિરના વાતાવરણમાં નિયમન આણીને સંતોષ માનવાનો રહે છે. આ નિયમન, ગૃહ અને બાલમંદિર વચ્ચે દૃષ્ટિ અને આચરણની બાબતમાં એકતાનતા અને સુમેળ સાધીને જ આણી શકાય એમ છે. એક જ સૂર અને એક જ તાલથી, ગૃહ અને બાલમંદિરનું જીવન-સંગીત ચાલવું જોઈએ. ગૃહ અને શાળાના આ સુમેળને, યોગનું ગૌરવભર્યું નામ ઘટે છે. હિંદુ તત્ત્વજ્ઞાનના પ્રસિદ્ધ યોગમાં આ યોગ ઉમેરીને તેની સાધના કરવામાં આવે તો વ્યષ્ટિ અને સમષ્ટિના સમવાયથી જીવનની સાર્થકતા સિદ્ધ કરી શકાય એ વિષે શંકા રહેતી નથી.

આ બાલમંદિરના શિક્ષકો માબાપ સાથે સંપર્ક સાધવાને પ્રયત્ન કરે છે, તે ઘણું જ સ્તુત્ય છે. આથી શિક્ષક અને માબાપ બન્ને બાળકની સર્વ પ્રવૃત્તિઓથી વાકેફ રહે છે અને એ રીતે બાળકને સમગ્રરૂપે સમજી શકાય છે. વિકસિત થતા બાલમાનસનો યોગ્ય દિશામાં વિકાસ થઈ રહે તે માટે તેના માનસનું જ્ઞાન, સૂક્ષ્મ અવલોકન અને અપાર સમભાવ એકલાં જ નહિ, પણ સાથે બાલમાનસ માટે સન્માન હોવું આવશ્યક છે. આ બાબતમાં શિક્ષકો તો ઘણે અંશે શાસ્ત્રસંપન્ન હોય છે અને પદ્ધતિથી પણ વાકેફ હોય છે. પણ સામાન્ય રીતે માતા-પિતા તેમના નિત્યના બીજા વ્યવસાયોને લીધે, તેમ જ બાળકેળવણી યથાર્થ રીતે શું છે તે પ્રશ્નની ઉપેક્ષાને લીધે, એટલે અંશે તૈયાર હોતાં નથી. પ્રથમ તો આ ઉપેક્ષા દૂર કરવાની છે. આપણે માબાપે સમજવાનું છે, કે બાળકેળવણી એ આપણું પણ કામ છે, અને આપણા ઘરમાં પણ તે આપણે જાતે જ હાથ ધરવી જોઈએ છે. એ જોતાં, બાળકોને બાલમંદિરમાં મોકલવાનાં રહે છે જ. આ કેળવણીના ઉત્તમ પરિપાકને અર્થે, માબાપે ચીવટ અને સૂક્ષ્મતાથી એનો અભ્યાસ અને અવલોકન કર્યા વિના ચાલશે નહિઃ એટલાથી જ આપણો ધારેલો અર્થ સિદ્ધ થશે નહિ. આ પદ્ધતિના અભ્યાસથી તેમ જ શિક્ષકો સાથે સંપર્ક સાધ્યાથી આપણું કર્તવ્ય પરિપૂર્ણ થતું નથી. નૂતન બાળકેળવણીની ભાવના અને કલ્પનામાં અસાધારણ સર્જનશક્તિ રહેલી છે; અને એ સર્જન તે કેવળ બાળકોનું નહિ, પણ સાથે સાથે માબાપનું પણ સર્જન થાય છે. બીજી રીતે કહીએ તો ગૃહ અને બાલમંદિરનો યોગ સાચી રીતે સધાય તે માટે માતાપિતાએ પ્રથમ પોતાની જાતને કેળવવી પડશે. નૂતન બાળકેળવણીના પાયામાં ગૃહ અને બાલમંદિરનો આવો યોગ વિરલ સ્થાન ભોગવે છે. બાળકની પાસેથી જ જે સ્વયંસ્ફૂર્તિ, આત્મસ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને આત્મનિયમનની અપેક્ષા રાખીએ છીએ, તે પ્રથમ આપણા જીવનમાં પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો પડશે. બાળકને મન ગૃહ અને બાલમંદિરનો ભેદ નથી. તેના બાલમાનસ ઉપર વ્યાપક રીતે આઘાત પ્રત્યાઘાત થયા જ કરે છે. તેથી આપણા ગૃહજીવનમાં જોહુકમી, પરાશ્રય, નિયમહીનતા અને દંભ પ્રવર્તતાં હશે તો નૂતન બાળકેળવણીનો પ્રયોગ તદ્દન પંગુ જ રહેવાનો; તેનું પરિણામ નિર્માલ્ય જ રહેવાનું. આપણા વિચારમાં, વાણીમાં અને વર્તનમાં સંયમનો અભાવ હોય, કુટુમ્બ, પડોસી અને મિત્રો પ્રત્યેના આપણા સંબંધોમાં ડોળ અને કૃત્રિમતા હોય, આપણે અસહિષ્ણુ હોઈએ, નોકરચાકર ઉપર હરહંમેશ આધાર રાખનારાં હોઈએ, તેમના

ઉપર દમામ ચલાવતાં હોઇએ, તો કઇ રીતે આપણે આશા રાખી શકીએ કે બાલમંદિરમાં જે જઈને આપણાં બાળકોમાં સ્વયંસ્ફૂર્તિ, સ્વાશ્રય, નિયમન અને સ્વભાવની સરળતા આવે ? નાનાં બાળકો પણ બહુ ચતુર–shrewd હોય છે. ગૃહ કે શાળામાં પ્રવર્તતાં જૂઠ અને દંભ તેઓ સહેજે કળી જાય છે. આથી આપણને સમજાશે કે સ્થૂલ રીતે બાલમંદિરના શિક્ષકોને વર્ષમાં બેચાર વખત મળીએ અને બાળકોની પ્રવૃત્તિઓ વિષે પૂછપરછ કરીએ, તો તેટલાથી આપણો અર્થ સરવાનો નથી. નૂતન બાળકેળવણીની સંજિવનીનો સંચાર પ્રથમ આપણા માબાપના અને કુટુમ્બના જીવનમાં થવો જોઇએ છે.

બીજી બાજુ, બાલમંદિરોએ પણ સદા જાગરુકતા સેવવાની છે. શિક્ષકોમાં બાલમાનસનો અભ્યાસ કરવાની તત્પરતા, સૂક્ષ્મ અવલોકન, આ પદ્ધતિમાં રહેલી અપાર શકયતાઓનું ચિંતન અને કર્તવ્યનિષ્ઠાની અપેક્ષા રહે છે. નહિ તો સ્વયંસ્ફૂર્તિને નામે શિક્ષકોમાં પ્રમાદ અને નિષ્ક્રિયતા અને બાળકોમાં સ્વતંત્રતાના ઢાંકણ નીચે સ્વચ્છંદ પોષાવાનો પૂરો સંભવ રહેલો છે. આ પદ્ધતિમાં અપાર ભયસ્થાનો છે. ઇન્દ્રિયોનું શિક્ષણ તે તેમને સતેજ કરી બહેકાવવા માટે નહિ પણ તેમને સુતીવ્ર કરી, તે સુતીવ્રતા દ્વારા જ ઇંદ્રિયસંયમ કેળવવાના અર્થે છે. સ્વતંત્રતાનું વાતાવરણ ઉપજાવવાનું છે તે એટલા માટે કે બાળકનું શિસ્ત, જડ અને યંત્રવત્ ન બનતાં સ્વયં સ્ફુરે. વ્યક્તિત્વ ખીલવવાનું છે, તે તેને પૃથક્ રાખવા માટે નહિ પણ એક મનોહર ચિત્રમાંના વિવિધ રંગો એકબીજામાં ભળી જઇ, એકત્વ પામી રસરૂપ રમણીયતા ઉત્પન્ન કરે છે તેમ એ વ્યક્તિત્વને પણ સમષ્ટિમાં ભળી જઇ એકત્વનો સાક્ષાત્કાર કરવાનો રહે છે. આત્મશાસન એ આ નવીન પદ્ધતિનો મુખ્ય સૂર છે. અધૂરા અભ્યાસને લીધે કે પરિશીલનની ખામી કે ઉદાસીનતાને લીધે આ મુખ્ય સૂરનું વિસ્મરણ થાય, અથવા તો બાળકની ગમે તેવી અતંત્ર ક્રિયાને સર્જનનું મોટું નામ આપી સંતોષ લેવામાં આવે તો આ નવીન યોગ અપૂર્ણ રહે છે. બીજું એક ભયસ્થાન છે તે વિષે પણ આપણાં સર્વ માબાપો અને શિક્ષકો સહુ અત્યંત સાવધ રહે એ ઇચ્છવા યોગ્ય છે. ગીત, વાદ્ય, નૃત્ય એ નાનાં બાળકોને સાહજિક છે. તે દ્વારા તેઓ પોતાની સર્જન-શક્તિનો પરિચય પામે છે. આ લલિત વિષયો જે અત્યાર સુધી સમાજમાં અને કેળવણીમાં બહિષ્કૃત ગણાતા હતા, તેમને આપણી બાળ-કેળવણીમાં ગૌરવભર્યું સ્થાન આપીને, બાળ-મંદિરોએ બાલજીવનમાં ઉલ્લાસ અને સ્ફૂર્તિ આણ્યાં છે અને તે બદલ આપણે તેમનાં ઋણી છીએ. છતાં જનતાને અને ખાસ કરીને બાળ-કોનાં માતાપિતાને આકર્ષવા, સત્રને અંતે આંજી નાખે એવા રંજન કાર્યક્રમો અને પ્રદર્શનો યોજવાના કેટલેક ઠેકાણે જે કૃત્રિમ પ્રયાસો થાય છે, તે જોઇ આપણે જાગ્રત થવું ઘટે છે. સત્ર દરમિયાન થયેલા સઘળા કામના પરિપાકરૂપે આવા કાર્યક્રમો જો સ્વાભા-વિક રીતે આવતા હોય તો તે ઉચિત છે. પણ દૃષ્ટિને ચકિત કરે એવા કૃત્રિમ પ્રયાસો દ્વારા, બાલસર્જનના વિકાસનો પરિચય આપવાની વૃત્તિ શિક્ષકો સેવે અને એવા પરિચય દ્વારા જ માતાપિતા સંતોષ માનવાના લોભમાં પડે તો બાળકોની સર્જનશક્તિને અપાર નુકસાન થવાનો સંભવ છે. બાળકોની સૌમ્ય કૃતિઓ દ્વારા તેમની સર્જનશક્તિનો પરિચય કરવો અને

કરાવવો એ સહેજ કઠિન છે. બધા રસોમાંથી શાંતરસમાં અવગાહન કરવા માટે જેમ સવિશેષ યોગ્યતા જોઇએ છે, તે પ્રમાણે બાળકોની બધી પ્રવૃત્તિઓમાંથી શાંત અને સૌમ્ય પ્રવૃત્તિઓમાં તેમની નિસર્ગશક્તિ પારખવી એ પ્રમાણમાં અઘરું કાર્ય છે. આથી શિક્ષકોએ અને સંચાલકોએ આવી કેવળ કૃત્રિમ રંજન કૃતિઓથી કૃતકૃત્યતા અનુભવવાનો સરળ માર્ગ લેવો ઘટતો નથી. તેમ જ આપણ માબાપો પણ કેવળ કૃત્રિમ પ્રસંગોએ બાળકોની શક્તિઓના જાહેરમાં થતા પ્રદર્શનથી અને તે માટે મળતાં અભિનંદનથી હરખાઇ જઇશું અને માની બેસીશું કે તેમની કેળવણી યોગ્ય દિશામાં થઈ રહી છે તો આપણાં પ્રિય બાળકોને આપણે કાયમનુ નુકસાન કરી બેસીશું; તેમની બધી શક્તિઓ કુંઠિત થઇ જશે અને તેમના સ્વભાવમાં વિકૃતિ પ્રવેશ પામશે. સ્તુતિ જીરવવી અઘરી છે. કૃપા કરીને મારા કહેવાનો અન્યથા અર્થ કરશો નહિ. હું તો આપણી સામે જે ભયસ્થાનો પડેલાં છે તેનો માત્ર સામાન્ય નિર્દેશ કરું છું. આપણામાંનાં ઘણાં કદાચ એમ માનતાં હશે કે આ નૂતન બાળકેળવણી એ તો માત્ર નાનાં બાળકો માટે છે એવી મને વારંવાર શંકા આવે છે. અલબત્ત આ પ્રયોગો હાલમાં બાળકેળવણીના ક્ષેત્રમાં થઇ રહ્યા છે છતાં વિચાર કરતાં જણાશે કે આ તો એક જીવનની વ્યાપક દૃષ્ટિ છે. એ જીવનદૃષ્ટિને વય, દેશ કે જાતિની મર્યાદા નથી. સનાતન ધર્મરૂપે એ દરેક યુગમાં અને પદ્ધતિમાં રહેવી જોઇએ છે. એ દૃષ્ટિ અત્યારે જે સ્થૂલ સાધનો બાલમંદિરોમાં જોવામાં આવે છે તેટલા પૂરતી જ મર્યાદિત નથી. પણ કેળવણીની સર્વ ઉચ્ચ અને ઉચ્ચતર શ્રેણીઓમાં તે અંતર્ગત રહેવી જોઇએ છે. આથી મારી આગ્રહભરી સૂચના અને વિનતિ છે કે માત્ર પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો નહિ, પણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ગૂંથાયેલા શિક્ષકો અને આપણી વિદ્યાપીઠના બધા કેળવણીકારો બાલમંદિરોની પ્રવૃત્તિઓના ગાઢ પરિચયમાં આવે, આ નૂતન કેળવણીની દૃષ્ટિ શી છે તેનું રહસ્ય પારખી, તેને વ્યાપક સ્વરૂપે બધી શ્રેણીઓમાં કેવી રીતે દાખલ કરી શકાય તેની ચર્ચા કરે, અને કેળવણીને એક વિભાગમાં નહિ પણ તેના સાતત્યમાં જોવાનો પ્રયત્ન કરે.

વૃક્ષની શાખા, પ્રશાખાઓ અને પલ્લવોને એક જ મૂળ દ્વારા જેમ રસ મળે છે તેમ જ્યારે દેશની સર્વ શ્રેણીઓની કેળવણીસંસ્થાઓ મનુષ્યજીવનને અને જીવનના પરમ અર્થને એક વ્યાપકરૂપે નિહાળી કેળવણીની એક સંગ્રાહક યોજના ઘડશે ત્યારે જીવનની વિવિધ શક્તિઓ અને રુચિઓને રસ અને પોષણ મળશે અને જીવન ઘણે અંશે સરળ અને સુખી થશે. સમાજનું સાચું પુનર્વિધાન ત્યારે જ શરૂ થયું ગણાશે.

બાળકેળવણીની દૃષ્ટિને એથી પણ વધારે વ્યાપક બનાવવાની કલ્પના પણ છે. શા માટે કેળવણીનો વિચાર શાળા અને પાઠશાળામાં જ પર્યાપ્ત રહે? કેળવણી તો મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીનો એક સતત ચાલતો પ્રવાહ છે. આજકાલ કેળવણીમાં ધંધાનું તત્ત્વ-bias-દાખલ કરવાની હિલચાલ ચાલે છે. હું સૂચવું છું કે શા માટે આપણે સમાજની એવી પુનર્ઘટના ન કરી શકીએ કે જેમાં કેળવણીને ધંધાના તત્ત્વવાળી બનાવવા કરતાં દરેક ધંધાને આપણે કેળવણીનું સાધન ન બનાવી શકીએ? દ્રવ્યોપાર્જન કરતાં, જીવનવૃત્તિ ટકાવતાં

જે અનુભવ થાય છે તે દ્વારા શું માણસને ઓછી કેળવણી મળે છે ? તો આપણે પ્રત્યેક મનુષ્યની શક્તિ અને વૃત્તિને અનુરૂપ ધંધાઓની એવી યોજના કરી શકીએ અને સાથે સાથે આખો મનુષ્યવ્યવહાર પણ એવો સમભાવભર્યો નિર્મી શકીએ કે જેથી દરેક માણસ પોતાના ધંધા દ્વારા પણ કેળવણી પામતો જાય, તેનામાં જે શક્તિઓ છે તે પ્રગટ કરતો જાય. હાલ તો શક્તિ અને વૃત્તિ અનુસાર ભાગ્યે જ કોઇને પોતાનો ધંધો કે કામ મળી રહે છે. દરેક જણ કમને બીજાની આજ્ઞાઓ મૂક ભાવે, દાસભાવે, યંત્રવત્ ઉઠાવતો હોય છે અને આવા નીરસ જડ વ્યાપારમાં મનુષ્યનું મનુષ્યત્વ ચુસાતું જાય છે. નથી તેને વિશ્રામ કે નથી તેને મનની પ્રફુલ્લતા. આ અણમૂલા જીવનની સાર્થકતા સાધવી હોય તો કેળવણીને જન્મથી મૃત્યુ સુધી ચાલતી એક સતત પ્રવૃત્તિરૂપે સમજીને જીવનનાં સર્વ ક્ષેત્રોને કેળવણીનાં સાધન તરીકે સ્વીકારવાં જોઇએ છે. આવી જીવનદૃષ્ટિ આપણા સમાજવિધાયકો એને માબાપોએ કેળવવી પડશે.

સરલાદેવી સારાભાઈ

---

# મોટેરાં અને બાળકો

ઘરમાં અને સામાન્ય રીતે સમૂહમા, સમાજમાં મોટેરાં અને બાળકોનાં વર્તન અને વ્યવહારની એકબીજા સાથેની મુશ્કેલીઓ અને સંઘર્ષણ હંમેશાં ઊભાં થયેલાં જ હોય છે. બાળકો અને માબાપોના પરસ્પરના વર્તન–સંબંધમાં, વ્યવહારોની ઘણી બાજુઓ છે. એ પ્રશ્નને વિષે કેટલાંક દૃષ્ટિબિન્દુઓ અને વિધાનો તો આ માસિકના નિયમિત વાચનારાઓના ધ્યાનમાં પણ હશે જ. પણ આજે જરા એક નવા દૃષ્ટિબિન્દુથી એ વાત જોઇએ.

બાળકો અને મોટેરાંઓ વચ્ચે ઊભા થતા ઘણા કોયડાઓ અને વિરોધો ( conflicts ) નું એક મુખ્ય અને જરા આશ્ચર્ય પમાડે તેવું કારણ તો એ છે કે માનસિક રીતે આપણે મોટેરાંઓ જ મોટાં થવાનું પસંદ નથી કરતાં. એક અમેરિકન લેખકના શબ્દોમાં કહીએ તો,

" A child does not want to stay a child; he usually wants to grow up. We who have grown up so hanker after childhood that we openly deny our years. Has there ever been a period when adults so brazenly have pretended to be young ? No matter what their age, our women dress and act like girls, our men like undergraduates. Everything is done to conceal the fact that human life lasts longer than 25 years. We have not only prolonged infancy but what we foolishly imagine to be tastes of infancy.

"No real child ever wanted to be cute. No adult that wanted

to be child failed to be cute. Cuteness has the charm of make-believe. Children make-believe because they cannot have reality. Adults because they are afraid to have it."

[બાળકને બાળક જ રહેવું પસંદ નથી. સાધારણ રીતે તો એને મોટા થવું, વધવું જ ગમે છે. આપણે કે જેઓ મોટેરાં થઇ ગયાં છીએ તેઓને જ કપોલકલ્પિત બાળપણની એક એવી ભૂખ રહે છે કે જેથી આપણે આપણી ઉંમર છુપાવીએ છીએ. ઇતિહાસમાં એવો-અત્યારે ચાલી રહ્યો છે તેવો-એક પણ કાળ નથી નોંધાયો કે જ્યારે મોટેરાં આટલી બેશરમ રીતે નાનાં હોવાનો દાવો કરે. આપણી સ્ત્રીઓ નાની છોકરીઓ જેવાં કપડાં પહેરે છે અને તેવી જ રીતે વર્તે છે; અને પુરુષો પણ નિશાળિયાઓ જેવું વર્તન ચલાવે છે. મનુષ્યજીવનની (ઉંમરની) લંબાઇ જાણે છે કે ૨૫ વર્ષથી વધુ નથી એવો જ ભાવ લાવવાના બધા શક્ય તેટલા પ્રયત્નો ચાલે છે. આપણે માત્ર પોતે જ જાત પુરતું કલ્પિત બાળપણનો દાવો કરીએ છીએ એટલું જ નથી પણ આપણી બધી પસંદગીની (ફેશન) વસ્તુઓમાં પણ ટિનકુડાપણું, બચુકડાપણું આવી ગયું છે. ઘરના ફરનિચરથી માંડીને ઘણી વસ્તુઓમાં બધું નાનું નાજુકની જ ફેશન ચાલે છે.

"હકીકત એમ છે કે ખરેખરા બાળકને તો 'બચુકડાં' નો અને 'નાજુક' નો મોહ નથી. બચુકડું—નાજુક, નાનું એમાં મોટેરાંઓને તો ખોટું ખોટું માની લેવાનો આનંદ મળે છે. એવું તરંગીપણું બાળકોમાં નથી. બાળકો તરંગી દેખાય છે કારણ કે તેમને સત્ય વસ્તુઓ મળતી નથી; મોટેરાંઓ તરંગી બને છે કારણ કે તેઓ સત્યથી ડરે છે.]

ઉપરની અમેરિકનની ફરિયાદ એમના દેશ વિષે સાચી—વધારે સાચો હશે. પણ પશ્ચિમના પવન સાથે બીજી ઘણી વસ્તુઓની જેમ આ વાત આપણે ત્યાં પણ આવવા લાગી છે. બહારના ફરનિચર કે એવી બધી દેખાવની વસ્તુઓમાં હજુ નહિ તોપણ મનમાં તો આજે આપણે ત્યાં પણ 'નાના' પણાનો વા આવી જ ગયો છે.

ખરી રીતે વિચાર કરીએ તો બાળકો અને મોટેરાંઓનાં રોજનાં નાનાં નાનાં સંઘર્ષણની પાછળ આ જ વસ્તુ હોય છે. આપણે ફરવા જવું છે; આપણે સિનેમા જોવા જવું છે; આપણે પાંચ મિત્રોને પાર્ટી દેવી છે; આપણે જીવનનો રંગઢંગ છડેછડાં જેવો જ બિનજવાબદાર કોલેજિયન છોકરાછોકરીઓ જેવા રાખવો છે; આપણે ઉજાણીઓ ગોઠવવી છે. ટૂંકમાં આપણે આપણી ગતિએ અને તે પણ આપણે હજુ નાનાં કીકલાં હોઇએ તેમ બેજવાબદાર રીતે જીવવું છે. બાળકોથી આ સહન થતું નથી. તેથી જ બાળકોના અને આપણા સંઘર્ષણનો મહાન મુદ્દો ઉભો થાય છે. આપણી આ બધી બોટી બોટી નાનપણ જેવી પ્રવૃત્તિઓમાં નથી બાળકોને સ્થાન કે નથી તેમને રસ. તેમના જીવનપ્રવાહની ગતિ (tempo) કુદરતી, સરળ અને ધીમી હોય છે. આપણી આ બધી નાનાં દેખાવાની પ્રવૃત્તિઓની ગતિ વધુ પડતી અસરળ, ઝડપી, છીછરી અને આછકલી હોય છે. ચાલવામાં, બોલવામાં, હાવભાવમાં, લટકાંમટકાં કરવામાં આપણે તદ્દન બેહૂદી રીતે કીકલાં, ગીગલાં હોઇએ તેમ વર્તીએ છીએ.

# નૂતન બાલશિક્ષણ સદ્ય 2007

## વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું મતપત્રક

(૧) **મતપત્રક ભરતા પહેલાં સૂચનાઓ માટે પાછળ અવશ્ય વાંચો.**

(૨) વ્યવસ્થાપક મંડળના ૧૧ સભ્યોમાંથી પાછળ જણાવ્યા પ્રમાણે ચાર સભ્યો બિનહરીફ ચૂંટાઇ આવ્યા હોઇ નીચેના બે વર્ગોમાંથી સાત સભ્યોની ચૂંટણી કરવાની છે. દરેક મતદારે કુલ સાત મતો આપવાના છે. તેમા સક્રિય અને પ્રતિનિધિ સભ્યોના વર્ગમાંથી છ જણાને અને સામાન્ય સભ્યોના વર્ગમાંથી એક જણને મત આપવાનો છે.

| ક્યા સભ્યોના વર્ગમાંથી અને કેટલી બેઠકો | ક્રમાંક | ઉમેદવારનું નામ | ગામ | મતદાન માટે ચોકડી | |
|---|---|---|---|---|---|
| સક્રિય તથા પ્રતિનિધિ સભ્યોના વર્ગમાંથી ૬ બેઠકો | ૧ | શ્રી. નાનાભાઇ કા. ભટ્ટ | ભાવનગર | | ગમે તે ૬ નામ સામે (×) કરીને તમારા છ મત આપશો। |
| | ૨ | ,, તારાબેન મોડક | દાદર | | |
| | ૩ | ,, ગંગુબાઇ પટવર્ધન | વડોદરા | | |
| | ૪ | ,, હરપ્રસાદ ભટ્ટ | અમદાવાદ | | |
| | ૫ | ,, સરોજબેન ચોધ | મુંબઇ | | |
| | ૬ | ,, ગોવિંદરામ બા. ઠાકર | અમદાવાદ. | | |
| | ૭ | ,, વિષ્ણુપ્રસાદ મજમુદાર | વડોદરા | | |
| | ૮ | ,, આશાભાઇ કાલિદાસ પટેલ | પેટલાદ | | |
| સામાન્ય સભ્યોના વર્ગમાંથી એક બેઠક | ૧ | ,, પ્રભુલાલ જસવંતરાય ધોળકિયા | સદનવાડી (કચ્છ) | | કોઇપણ એક ચોકડી સામે નામ કરીને તમારો એક મત આપશો. |
| | ૨ | ,, રતિલાલ બાલાભાઇ નાજર | કપડવંજ | | |
| | ૩ | ,, લ. વા. પડોળે | ભંડારા (સી. પી.) | | |

તારીખ

પૂરેપૂરું સરનામું

# સૂચનાઓ

( ૧ ) આજીવન સભ્યોના વર્ગ તરફથી બે સભ્યો ચૂંટવાના હતા. ચૂંટણી માટે બે જ ઉમેદવારો ઊભા રહેલા હોવાથી તેઓ આપોઆપ બિનહરીફ ચૂંટાઇ આવે છે. તેમનાં નામો—શ્રી સરલાદેવી સારાભાઇ, અમદાવાદ, અને શ્રી બાબીબેન મૂળજી, મુંબઇ.

( ૨ ) સહાયક સભ્યોના વર્ગ તરફથી પણ બે સભ્યો ચૂંટવાના હતા. ચૂંટણી માટે બે જ ઉમેદવારો ઊભા રહેલા હોવાથી બંને બિનહરીફ ચૂંટાઇ આવે છે. તેમના નામો—શ્રી જમુભાઇ દાણી, મુંબઇ, અને સૌ. કુસુમાવતી દેશપાંડે, નાગપુર.

( ૩ ) વ્યવસ્થાપક મંડળની અગિયાર બેઠકોમાથી ચાર બેઠકો બિન હરીફ ચૂંટાઇ આવી છે, એટલે બાકીની સાત બેઠકો માટે ચૂંટણી કરવાની રહે છે. તે પૈકી છ બેઠકો સક્રિય અને પ્રતિનિધિ સભ્યોના વર્ગમાથી અને એક બેઠક સામાન્ય સભ્યોના વર્ગમાથી છે. સક્રિય અને પ્રતિનિધિ સભ્યોના વર્ગની છ બેઠકો માટે નવ ઉમેદવારો છે અને સામાન્ય સભ્યોના વર્ગની એક બેઠક માટે ત્રણ ઉમેદવારો છે.

( ૪ ) સંઘના કોઇ પણ પ્રકારના સભ્યો કે જેમનું ૧૯૪૩ ની સાલનું લવાજમ તારીખ ૧૦ ડિસેમ્બર ૧૯૪૩ સુધીમાં આવી ગયું છે તેવા સઘળા સભ્યો આ સાત બેઠકોની ચૂંટણી માટે પોતાના સાત મતો આપી શકશે. પોતે જે વર્ગના સભ્યો હોય તે વર્ગના સભ્ય માટે જ મત આપવો એવું નથી; કોઈપણ વર્ગના ઉમેદવાર સભ્યને તમારો મત આપી શકશો.

( ૫ ) દરેક સાત મત આપવાના છે; છ મત સક્રિય અને પ્રતિનિધિ વર્ગના સભ્યોને અને એક મત સામાન્ય વર્ગના સભ્યને આપવાનો છે. તમારા સાત મતો બરાબર એ રીતે જ આપશો. નક્કી કરેલી બેઠકો કરતાં વધારે મત આપ્યા હશે ( ચોકડી કરી હશે) તો તે મતપત્રક રદ ગણવામાં આવશે.

( ૬ ) મંત્રીઓની સહી અને છાપેલ ક્રમ નંબરવાળું મતપત્રક જ મત ગણતરી માટે યોગ્ય ગણાશે.

( ૭ ) મતદારે મત આપ્યા પછી મતપત્રક નીચે જાતે સહી કરી પોતાનું પૂરેપૂરું નામ તથા સરનામું લખવાનું છે.

( ૮ ) મત આપેલા મતપત્રકો બંધ કરવામા ખૂણાપર " વ્યવસ્થાપક મંડળની ચૂંટણી " એમ લખીને તા. ૧૦-૪-૪૪ રવિવાર સાંજના છ વાગ્યા સુધીમાં સંઘના મંત્રીઓને સરનામે ૧૧૭, ઇંદિરા ભૂવન, હિંદુ કોલોની, પાંચમી ગલી, દાદર, એ સરનામે મોકલી આપવા વિનંતી છે. તે પછી આવેલાં મતપત્રકો મતગણતરી માટે યોગ્ય ગણાશે નહિ.

—મંત્રીઓ.

ભલે બાળકો કદાચ મોઢેથી બોલી ન શકે પણ તેમને આ વર્તણૂક સામે જ મોટો વાંધો છે. એ લોકો તો આપણી પાસે ધીરગંભીર શ્રદ્ધા ઉત્પન્ન થાય તેવું વર્તન માગે. એમનાં મનમાં જરૂર થતું હશે કે આ 'પપ્પા' (બાપુજી) આમ કેમ વર્તે છે? આ 'મમ્મી' (બા) આમ બીજા લોકો સાથે કાલાં કેમ કાઢે છે? પરિણામે બાળકોએ મોટેરાંઓ પ્રત્યે એક જાતની શ્રદ્ધાની લાગણીથી જોવું જોઈએ તેને બદલે તેમના મનમાં તેઓ ન સમજી શકે તેવી અશ્રદ્ધા અને તિરસ્કારની લાગણી જન્મે છે. પછી જ્યારે મિત્રો જોય છે અને 'મમ્મી' અને 'પપ્પા'નું વર્તન બદલાઇ જાય છે, અને 'મમ્મી' બાબાને કામ સોંપે છે, લડે છે, ધમકાવે છે; ત્યારે બાબાને થાય છે કે આ 'મમ્મી' બદલાઇ કેમ ગઇ? આવા વિસંવાદી બે-રંગી વર્તનથી બાળકો કંટાળે છે. એમને તો શાંત, સરળ, સાચું નિરાડંબરી સ્વાભાવિક વાતાવરણ જોઇએ છે. જે 'મા' કે જે 'બાપ' તો અવાજ સુદ્ધાં 'બહારના' લોકો આવતાંની સાથે જ બદલાઇ જાય એવાં અસ્થિર લોકો જોડે બાળકોને ફાવતું નથી. એમના વિકાસની ગતિ અને રીત વાતાવરણની એકરંગિતા, એકધારાપણું માગી લે છે. માબાપનાં ફરતાં વર્તનો બાળકોમાં પણ એવી જ મનોદશા ઉપજાવે છે; અસ્થિરતા, અકુદરતીપણું એ બધાનો પડઘો એવો જ પડે છે, ને બાળકો પણ અસ્થિર થાય છે.

બીજી મોટી વાત જવાબદારીની છે. દરેક માબાપ માને છે કે અમે અમારાં બાળકોને ચાહીએ છીએ. બાળકો પ્રત્યે તેમને પ્રેમ હોય એ વિષે પણ શંકા નથી. એ તો પ્રેરણાગત વાત થઇ. પણ પ્રેમ કરતાં પ્રેમ સાથે સમજણ વધુ આવશ્યક છે. અને તેમાં પણ સીધા પ્રેમની–વેવલાવેડાની જરૂર નથી. માત્ર બાળકોને વાતાવરણમાંથી લાગ્યા કરવું જોઇએ કે માબાપો તેમનાં છે. જો બાળકોને એમ લાગે કે આ માબાપો તો બહારના લોકો માટે જ જીવે છે, બહારનાઓને હસીને બોલાવે છે અને પોતાને ધકકા મારે છે, તો બાળકોને ઘણું જ ઓછું આવે છે, ખોટું લાગે છે. બાળકોને એકલાં મૂકી (નર્સ કે નોકર કે બીજા કોઇને સોંપી), એકલાં એકલાં ઉજાણી કરવા પાર્ટીમાં જતાં માબાપોને ખરા અંતઃકરણથી કેટલાં બાળકો ચાહતાં હશે એ એક પ્રશ્ન જ છે. એવું નથી કે બાળકોને બધે જ સાથે લઇ જવાં. પણ ખરી વાત એમ છે કે જેઓને બાળકો હોય તે ગમે છે, તેમણે તો અલબત પોતાના જીવનની શકય તેટલી બધી રચના બાળકોનું ઇષ્ટ વિચારીને જ કરવી જોઇએ. અને તેમ ગોઠવણ કરનાર માબાપો પ્રત્યે જ બાળકોને ખરું માન, લાગણી કે પ્રેમ જન્મે છે. નહિ તો બાળકો પણ સમજે છે કે આપણે પણ આ લોકોનાં પાળેલાં કૂતરાં જેવાં જ છીએ; એમની મરજી હોય ત્યારે પાસે જઇએ અને 'હડ' કહે ત્યારે નાસી જઇએ, એવી દશા આપણી છે.

માબાપોની આ અહિમુખતા બાળકો ઉપર ઘણી જ ખરાબ અસર કરે છે. બાળકો પણ દેખાવ કરવાને રસ્તે ચડી જાય છે. તેમને પણ એકલા રહેવું, સ્થિરતાથી કામ કરવું, વ્યવસ્થા અને શાંતિથી બેસવું ગમતું નથી. એમનું મન ભટકતું થઇ જાય છે. તેઓ પણ કાલાં કાઢી, કામમાં આડાં આવી, લડાઇ ઝઘડા કરી, અને કાંઈ ન થાય તો છેવટે માંદા પડીને પણ વડીલોનું ધ્યાન પોતા તરફ ખેંચવાની

પ્રવૃત્તિમાં પડે છે. જે પ્રેમ અને સંભાળ સ્થિરતાથી બાળકોને સરળપણે જ રોજિંદા વાતાવરણમાંથી મળી રહેવાં જોઇએ તે બહિર્મુખ, આછકલાં, પોતે જ હજુ બાળકો છે એવું મનાવવાની માથાકૂટમાં પડેલાં માબાપો દ્વારા બાળકોને મળતાં નથી. પરિણામે બાળકો અજાણે જ (unconsciously) એવી પ્રવૃત્તિઓમાં વળે છે જેથી 'હા' કે 'ના' કહેવા માટે પણ માબાપોનું ધ્યાન તેઓ પોતા તરફ ખેંચી શકે છે. એવા આંતર સંઘર્ષણથી ઊભા થયેલા વાતાવરણમાં બાળકો અને માબાપો બન્નેને નુકસાન થાય છે. એટલે પછી તો જીવનના જે મુદ્દાઓ ઉપર બાળકોએ શ્રદ્ધાથી જ માબાપની વાત સ્વીકારવી જોઇએ તેમાં પણ બાળકો તરફથી 'હા' 'ના' થાય છે. પરિણામે સમજણ અને પરસ્પર પ્રેમમાંથી ઊભી થયેલી શિસ્ત કે એકતાનતા ઘરમાં સચવાતી નથી. બાળકોને હંમેશાં એવો અસંતોષ રહે છે કે ઘરની વગેરેની આ બધી વ્યવસ્થા આપણા માટે નથી. પરિણામે ખાઉધરાપણું—ઘડીએ ઘડીએ ખાવાનું માગ્યા કરવાનું ઊભું થાય છે. કામમાં આડા આવવું, અડકોદડકો જવું, બધી વાતની ના પાડવી, એ બધું ઊભું થાય છે. ટૂંકમાં બાળકોને 'પોતે છે' એવું ગમે ત્યારે બતાવવાની વૃત્તિ રહે છે.

જે ઘરમાં મોટેરાં ખરેખર મોટાં જેમ જ વર્તે, જ્યાં બાળકોના સમજપૂર્વક ગોઠવાયેલા ઠઠકો અને જવાબદારીઓ બાળકો સમજે અને ભોગવે, જ્યાં ઘરના બધા માણસોનાં સુખદુઃખ, આનંદ, ગમ્મત અને આહારવિહાર બાળકોની લાગણીનાં વલણો સમજીને ગોઠવેલાં હોય (બાળકો આ વિષે સજાગ ન જ હોય) તેવા જ ઘરમાં બાળકોના મનમાં શાંતિ જન્મે; પરિણામે બધાં જ કાર્યોમાં સ્થિરતા જન્મે; મનમાં એક પ્રકારની ઘરપત રહે અને માબાપો પ્રત્યે વિશ્વાસની અને માનની લાગણી જન્મે.

જે ઘરમાં મોટેરાં જ કીકલાવેડા કરતાં હોય, બીજાઓની હાજરીમાં એક અને ઘરમાં બીજું એવું દ્વિધા વર્તન ચલાવતાં હોય, ડોળ, દંભ, અસરળતાવાળાં, અને પોતે જે સમાજમાં જીવતાં હોય તેમાં સારાં દેખાવાની ખોટી માન્યતાએ ઊભાં કરેલાં બંધનોમાં જીવતાં હોય તેવાં ઘરોમાં બાળકો ખરેખર હેરાન થઇ જાય છે. તેમને પ્રથમ માબાપમાંથી અને પરિણામે પોતાની જાતમાંથી વિશ્વાસ ઊઠી જાય છે. પરિણામે વ્યક્તિત્વ (Personality) નો વિકાસ સમતોલ થવાને બદલે અસમતોલ, સીધો થવાને બદલે આડો (Deviated) થાય. ગુંડાગીરી, ચોરી, જૂઠાણું, દબાયેલી જાતીય વિકૃતિઓ, તરંગીપણું, બહિર્મુખતા, અસ્થિરતા, કાલાં ખોટાં લાડ જન્મે છે. પરિણામે બાળકો અને માબાપોનું સંઘર્ષણ વધે છે. આ પ્રમાણે આપણે જોઇ શકીએ છીએ કે માબાપોની પોતાની જ અસ્થિર-અસમતોલ-બહિર્મુખ મનોવૃત્તિને લઇને બાળકો ઉપર એની સીધી અસર થાય છે.

માબાપો પોતાની જાત પ્રત્યે સજાગ રહે, અને માબાપ થવાથી ઉત્પન્ન થતી બધી જવાબદારીઓ જે ગંભીરતાપૂર્વક ઉપાડવી જોઇએ તે ફરિયાદ વિના ધીર અને સ્થિરપણે સ્વાભાવિક રીતે જ ઉપાડે તો પ્રત્યાઘાત રૂપે બાળકો પોતે પણ સ્થિર, સરળ અને કુદરતી રીતે જ પોતાનો વિકાસ કર્યા કરે; ત્યાં ઘર્ષણને સ્થાન ન જ રહે.

—ન૦

# એ સાવ અધૂરું છે.

શાળા કદિક તળાવ, નદી કે સાંગરકિનારે આવી ચડી હોય અને ત્યારે માત્ર તળાવની બાંધણી અને એની ગંદકીની જ વાતો કહેવાતી હોય અને નવાંણ તરીકેની તેની ઉપયોગિતાના સ્વાનુભવથી બાળકોને વંચિત રખાતાં હોય; નદીનાં નામ, મૂળ, મુખ, પ્રવાહ અને ઉપયોગિતા તરફ નિર્દેશ કરી અટકી જવાતું હોય અને તેનાં મીઠા–નિર્મળ જળ પીવાતાં ન હોય કે તેમાં છબ્બિયા રમાતાં ન હોય; કોઇની હોડી તેના પર તરી સાગર તરફ સરી જતી ન હોય કે કોઇ કોઇનાં નહાવા પડી તરવા–રમવા–ખેલવા અને સુરી જવાના કોડ પુરાતા ન હોય; સાગરની ભરતી ને ઓટ, ખારાશ ને સફરી સાધનોની વાતચીતથી અટકી જવાનું હોય અને મોજાંમાં નાચવાનું છેક જ રહી જતું હોય; સાગરશિકરથી છંટાવાનું કે પલળવાનું અહોભાગ્ય કોઇને ય ન સાંપડતું હોય કે ભીની રેતીમાં જુદી જુદી ભાતો ને દેરીઓ બનાવવાનું રહી જતું હોય તો મારે કહેવું જોઇએ કે ત્યાં શિક્ષણમાં કાંઇક અપૂર્ણતા રહી જાય છે.

શાળા ડુંગરની ટોચે જઇને બેઠી હોય; પર્વત ને ટેકરી, ખીણ ને ઘાટ, ઝાડી ને જંગલ, તળેટી ને ટોચની વાતો થતી હોય; ભૂગોળને ગજવામાં ઘાલીને કોઇ આવ્યું હોય તો ભલે કડકડાટ બધું પઢી જવાતું હોય ને શીખવી દેવાતું હોય; પણ જો ડુંગરની ટોચ પર ડાયરો જમાવી ભાથાના બચકારા સાથે ગિરનારી દુહા ન ગવાતા હોય, પાવાગઢના પતાઇની ઇતિહાસકથા અણઉકેલ જ રહી જતી હોય કે અફાટ આકાશ અને વિશાળ ધરતીમાતાનું દર્શન અને મિલનનું રમણીય દૃશ્ય 'ઇસ પ્રભુકો ધન્યવાદ' ની પ્રાર્થના ન સરકાવી દેતું હોય તો મારું માનવું છે કે ત્યાં વાતાવરણના ઉપાડની ભારે ઊણપ રહી જાય છે,

પાટલી પર લેસન લેવાતાં હોય; વિષયો પછી વિષયો આવતા હોય; ગણિત, ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, રમત: આમ ઘંટ ને ભણતરની રમઝટ જામી પડી હોય; શિક્ષક પદ્ધતિસર શીખવ્યે જતો હોય; ઝટ ઝટ શીખવી દેવાની, સહેલાઇથી શીખવી દેવાની, ઘણું બધું શીખવી દેવાની અને પોતે સાવ ખાલી થઇ જઇ બધું ય આપી દેવાની તમન્ના જાગી પડી હોય અને બાળકો ઠાવકાં થઇ બન્ને કાન ખુલ્લા રાખી સાંભળ્યે જતાં હોય; બન્ને આંખો શિક્ષક સામે ટેકવી પૂતળાવત્ બેઠાં રહેતાં હોય; કદિક કૃત્રિમ હાસ્યથી હસતાં કે કંટાળાને કૃત્રિમ રીતે દબાવી ચલાવ્યે રાખતાં હોય; પણ જ્યાં બધા ય વિષયો એ માત્ર ઔષધિઓ છે, શિક્ષણ એ તો અનુપાન છે, શિક્ષક એ એક વૈદ્ય છે અને બાળક એ તો ચેતનદીપ છે, એ ધ્યાન બહાર રહી જતું હોય તો એ શિક્ષણનો પાયો જ અધૂરો છે.

રાષ્ટ્રના પ્રાણ જાગી ઊઠયા હોય, સારા ય દેશમાં ચેતનાની ચિનગારી પ્રકાશી ઊઠી હોય, રણબંકડા રણમેદાને પડતા હોય, ત્યારે જો આપણે માત્ર ઇતિહાસની વાતો જ કહેતા હોઇએ, વીર પુરુષની માત્ર પ્રતિકૃતિઓ બતાવી અટકી જઇએ અને શરા સૈનિકોને વંદના કરવા બહાર નીકળી પડતા ન હોઇએ, રાષ્ટ્રધ્વજનો જયધ્વનિ ગગનભેદી ન બનાવી શકતા હોઇએ, તો ત્યાં આપણે બાળકના જીવ-

નના ઘડતરના મહત્વના અંગને જ ભૂલી જઇએ છીએ.

શાળા એ માત્ર ચાર દીવાલ વચ્ચેની બંધિયાર હવા, અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનું અક્ષરશઃ જ્ઞાન કે બાલમાનસના નિયમોની યાદીથી ભર્યું માનસ ખુદ બાળકને જ ભૂલી જતુ હોય તો તો મારે કહેવું જોઇએ કે એ શિક્ષણ સાવ અધૂરુ છે —'નિજાનંદ'

---

## નૂતન બાલશિક્ષણ સંઘની મુલતવી રહેલી
# સાધારણ સભા
## તા. ૧૯-૪-૪૪ ના રોજ મળશે.

તા. ૧૨-૩-૪૪ ને રવિવારના રોજ મુંબઇ ખાતે બોલાવેલી નૂતન બાલશિક્ષણ સંઘની સાધારણ સભા પૂરતી કાર્યસાધક સંખ્યા (ક્વોરમ) ને અભાવે મુલતવી રાખવામાં આવી હતી. હવે તે તારીખ ૧૯-૪-૪૪ બુધવારે ભગિની સમાજ બાલમંદિર, મેથ્થુરોડ, ચોપાટી, મુંબઇમા સાજના ૬ વાગે મળશે.

મંત્રીઓ,
નૂ. બા. શિ. સંઘ.

---

# હરિજન શાળાઓને મદદ

૧) શ્રી. વલ્લભદાસ નાનજી સચદે કરાચી

ધીરે ધીરે મદદ મળતી જાય છે પરંતુ હજુ ઘણી સંખ્યાને પહોચી વળવાનું બાકી છે. કેટલીક અનામી મદદો પણ મળે છે. ફાંફ નહિ તો ૪૦ થી ૫૦ હરિજન ભાઇઓને પત્રિકા માટે મદદની જરૂર છે. આશા છે કે આટલી મદદ ઉદાર ભાઇઓ તરફથી અવશ્ય મળી રહેશે.

# આવતો અંક વી. પી.

આ અંક સાથે મતપત્રકો મોકલવાના હોવાથી આ અંક વી. પી. કર્યો નથી. આવતો એપ્રિલ માસનો અંક હવે વી પી થશે. લવાજમો ભરવાની યોજના આ વર્ષથી નીચે મુજબની છે તે તરફ સહુનું ધ્યાન ખેંચવું જરૂરી છે.

| | | | |
|---|---|---|---|
| વાર્ષિક લવાજમ | ૧-૦-૦ | વી પી. ના દરેક | |
| સામાન્ય સભ્ય સાથે | ૧-૮-૦ | માટે | ૦-૪-૦ |
| સક્રિય સભ્ય | ,, ૩-૦-૦ | વધારે ગણવા. | |
| સહાયક સભ્ય | ,, ૫-૦-૦ | | |
| સંસ્થાજોડાણ | ,, ૬-૦-૦ | | |

એટલે ગ્રાહકો પોતે જે જાતના સભ્ય હોય તે જાતનુ લવાજમ મનીઓર્ડરથી તા. ૧૫-૪-૪૪ સુધી વડોદરાને સરનામે મોકલી આપવા કૃપા કરે, અને કુપનમા પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખે. વખતસર લવાજમ નહિ મળ્યા હોય તે બધા ગ્રાહકો ચાલુ રહેવા માગે છે એમ સમજી છેલ્લા ત્રણ જાતના સભ્યો સિવાય બધાને ૧-૧૨-૦ ના વી. પી. રવાના થશે જે કૃપા કરીને તેઓ સ્વીકારી લે એવી વિનંતી છે.

**વ્યવસ્થાપક: શિક્ષણપત્રિકા કાર્યાલય,**
મહાજન ગલી, રાવપુરા, વડોદરા.

---

# સમાચાર

શ્રી. તારાબેન મોડક ગયા માસમાં ચાર અઠવાડિયાં માટે ડૉ. મેડમ મોન્ટેસોરીના એડવાન્સ કોર્સમાં અભ્યાસ અને નિરીક્ષણ અર્થે કોડાયકેનાલ જઈ આવ્યાં.

---

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. ભા. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૪-૩-૪૪.

# શિક્ષણપદ્ધતિ

(નૂતન બાલશિક્ષણસંઘ)



આદ્યતંત્રી સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી

તારાબેન મોડક



અભિમાની બુદ્ધિપ્રભા બીજાઓને મૂર્ખ ગણે છે; અભિમાની શરીરસમૃદ્ધિ બીજાઓને નિર્બળ ગણે છે; અભિમાની આધ્યાત્મિક વૃત્તિ બીજાઓને પામર ગણે છે.

પણ અભિમાનીપણું એ જ મૂર્ખાઈ, નિર્બળતા અને પામરતા છે.

નિરભિમાની બુદ્ધિપ્રભા બીજાઓની બુદ્ધિમંદતાને દૂર કરે છે; નિરભિમાની શરીરસમૃદ્ધિ બીજાઓને બળનો માર્ગ બતાવે છે; નિરભિમાની આધ્યાત્મિક વૃત્તિ બીજાઓની પામરતા માટે દયા ખાય છે.

નિરભિમાનીપણું એ જ બુદ્ધિ, બળ અને મહત્તા છે.

—સ્વ૦ ગિજુભાઈ

# સંઘનું આજનું કર્તવ્ય*

મિત્રો,

શ્રીમતી તારાબેને તમારી સમક્ષ રજૂ કરેલા નિવેદન ઉપરથી, નૂતન બાલશિક્ષણસંઘ અત્યાર સુધીમાં જે પ્રગતિ સાધી શક્યો છે, તેનો ખ્યાલ તમને આવ્યો હશે. સંઘની આકાંક્ષાઓ જોતાં, આ પ્રગતિ સંતોષજનક છે કે કેમ, તેનો આપણે સૌએ તટસ્થ ભાવે વિચાર કરવો ઘટે છે. આપણે દૃષ્ટિ સમક્ષ રાખેલી ભાવનાઓનું નિત્ય નિત્ય પરિશીલન થતું રહે, તો આપણી વિચારશક્તિમાં તાજગી અને સ્ફૂર્તિ વધ્યા કરે, અને તેથી આપણા દૈનિક કાર્યોને નવી નવી પ્રેરણા અને એકધારી ગતિ મળી રહે.

આપણો નૂતન બાલશિક્ષણસંઘ હવે બીજી ભૂમિકામાં પ્રવેશ કરે છે. ૧૯૩૯ માં સંઘનો નામકરણસંસ્કાર થયો તે વખતે, તેને માટે એક કામચલાઉ બંધારણ ઘડવામાં આવ્યું હતું. પણ હવે સંઘની ક્રિયાશક્તિ વધારવાના ઉચ્ચ આશયથી તેને માટે વધારે વિશાળ બંધારણ યોજવામાં આવ્યું છે. તેની વિગતો તમે જોઈ હશે; તો માલૂમ પડ્યા વિના નહિ રહ્યું હોય, કે નૂતન બાલશિક્ષણમાં રસ લેનાર સર્વ વત્સલ હૃદયોને પોતપોતાની શક્તિ અનુસાર કામ કરવાનું ક્ષેત્ર તેનાથી મળી રહે છે. બાલકેળવણીના ક્ષેત્રમાં વર્ષોથી કામ કરી રહેલા અનુભવીઓની સાથે, ઉત્સાહી તરુણોને હાથમાં હાથ મિલાવી, નવીન સિદ્ધિઓની સાધના અર્થે પૂર્ણ અવકાશ આપવાની તેમાં શક્તિ રહેલી છે. સર્વની શક્તિઓનું નિયોજન કરીને, સંઘનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરી શકાય એમ છે. આ રીતે સંઘ તેના જીવનની બીજી ભૂમિકામાં પ્રવેશ કરે છે, એ જોઈ આપણને હર્ષ થવો જોઈએ પણ, તે સાથે, બેશક એટલું અત્યારથી સમજી લેવું આવશ્યક છે, કે આ નવીન ઉત્સાહપ્રેરક શક્યતાઓ સાથે આપોઆપ, વધારે ગંભીર જવાબદારીઓ આપણે શિર આવે છે.

ક્ષુલ્લક દૃષ્ટિને તો જમીન ઉપર દેખાતા અંકુરની વિશેષ કલ્પના હોતી નથી. પણ એ અંકુરને ફૂટીને સર્વ પ્રકારે સંવર્ધિત થવાની શક્યતા અર્પનાર બીજનું, પૃથ્વીના અંધ પેટાળમાં થયેલું, મૂક, અદૃષ્ટ આત્મવિક્ષેપન આપણે કેમ વીસરી શકીએ? અને તૃણનો એક નાનો સરખો અંકુર ઉત્પન્ન કરવા માટે પૃથ્વીમાતાએ પણ એ બીજને માટે કરોડો વર્ષનાં તપ કરી, યોગ્ય ભૂમિકા તૈયાર કરવામાં જે રહસ્યમય ધૈર્ય બતાવ્યું છે, તેનું પણ આપણને કેમ વિસ્મરણ થાય? આજથી ત્રીસ વર્ષ પૂર્વે, તપોમૂર્તિ મૅડમ મૉન્ટેસોરીનો મોહનનાદ સુણતાં, તે સમયના ગિરિજાશંકર ભગવાનજી બધેકા, પોતાની વકીલાતની 'કરીઅર' અને ધનમાનને તિલાંજલિ આપે અને એ નાદની ધૂનમાં બાળકોના પ્રિય 'ગિજુભાઈ' બને; એ સમયે, એ જ મોહનનાદની ધૈવતછટા, રાજકોટ ટ્રેમેન્ન ટ્રેઇનિંગ કૉલેજનાં પ્રિન્સીપાલ શ્રી. તારાબેન મોડકને લાગે, અને એટલે સુધી, કે તેઓ પણ નવા જમાનાનાં ભગવાં ધારણ કરી, ગિજુ

* તા. ૧૯-૪-૪૪ ના રોજ મુંબઈમાં ભરાયેલી નૂતન બાલશિક્ષણ સંઘની સાધારણ સભા સમક્ષ અપાયેલું વ્યાખ્યાન.

ભાઈનાં સહકાર્યકર્તા બને; અને તેઓ બને નૂતન બાલ કેળવણીના ગુજરાતના નવીન વિધાયક બની, દક્ષિણામૂર્તિમાં બાળકોનું નન્દનવન સર્જવાનાં સ્વપ્નો સેવી પ્રયત્નો આદરે, એ શું આપણાં બાળકો માટે ઓછા સૌભાગ્યની વાત છે ? આપણે માતપિતા પણ શું તેમનાં ઓછાં ઋણી છીએ ? આપણે તેમની સ્તુતિ કરીશું, એમ ધારી તેમણે પોતાનું જીવનકાર્ય આરંભ્યું નહોતું. તેમણે તો મૅડમ મૉન્ટેસોરીના સિદ્ધાન્તો અને સંકલ્પોમાં એક નવીન પયગંબરને પિછાન્યો, અને એ પયગંબરના પયગામને પોતાનો જીવનમંત્ર બનાવ્યો. એ મંત્રનું રહસ્ય પારખી શ્રી. નાનાભાઇએ દક્ષિણામૂર્તિને તેમની કર્મભૂમિ બનાવી આપવામાં કેટલી ઊંડી દૃષ્ટિ અને નિષ્ઠા બતાવ્યાં છે ? આજે આપણાં બાળકો બાલમંદિર અને ઘરમાં કલ્લોલ કરે છે, અને આપણે માતપિતા બાલજીવન વિષે જિજ્ઞાસુ થતાં શીખીએ છીએ તે, શ્રી. ગિજુભાઈ અને શ્રી. તારાબેન મોડકના પોતાના જીવનમંત્ર પ્રત્યેની અનન્ય ભક્તિ અને ત્યાગને આભારી છે. ૧૯૨૫ માં મૉન્ટેસોરી સંમેલન ભરાયું, તે તેમના પ્રયાસથી. નૂતન બાલશિક્ષણસંઘ સ્થપાયો અને ફાલ્યો તે પણ તેમના માર્ગદર્શનથી. આ સર્વ વર્ષો સંધની પહેલી ભૂમિકાનાં હતાં, કે જે સમયે વ્યક્તિનું મહત્ત્વ વિશેષ હતું. દરેક મહાન સંસ્થા એ રીતનાં જ જીવનક્રમમાંથી પસાર થાય છે. પ્રથમ તો કોઈ સમર્થ વ્યક્તિનું દર્શન, કાર્યનિષ્ઠા, ત્યાગ અને સતત પરિશ્રમ. એ દર્શન અને નિષ્ઠામાંથી જ કોઈ સંસ્થારૂપે રેખાઓ અંકાતી જાય છે. આટલે વર્ષે હવે, નૂતન બાલ કેળવણીની દૃષ્ટિનો વિસ્તાર થવો લાગ્યો છે; નવા તરુણ શિક્ષકો અને કાર્યકર્તાઓની સંખ્યા વધેલી છે; જાહેરજનતામાં પણ આ નવીન દૃષ્ટિ વિશેષ આદર પામતી ગયેલી છે. તો હવે, સંધનું કાર્યક્ષેત્ર વધારે વિસ્તૃત બનાવવું એ જ ઉચિત છે. પણ આ નવી ભૂમિકામાં કાર્ય કરવાના નવા અવકાશ સાથે, આપણને પ્રાપ્ત થતી સવિશેષ જવાબદારીઓ વિષે આપણે નિરંતર સચિંત રહીશું, અને નિઃસંગ કર્તવ્યનિષ્ઠા સેવી, સંધનો કાર્યસંદેશ યથાશક્તિ ધારણ કરીશું, તો મને ખાતરી છે કે આપણે આપણાં બાળકોની સાચી સેવા કરી શકીશું, અને એ રીતે આ નવું બંધારણ સાર્થક થયેલું ગણાશે.

મિત્રો ! જે વ્યક્તિવિશેષના સંબંધમાં, થોડા જ સમય પહેલાં મેં 'પયંગબર' જેવો ગંભીર પ્રયોગ કરેલો છે, તે આજે આપણા દેશમાં વસે છે, એ શું આપણે માટે ઓછી સદ્‌ભાગ્યની વાત છે ? દૈવયોગે, ૧૯૧૪ માં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ની કેળવણી વિષયક પુસ્તકોની સમાલોચનામાં મેં મૅડમ મૉન્ટેસોરીનાં પુસ્તકોનું અવલોકન વાંચ્યું, ત્યારે મને તેમની ભાવનાઓની અપૂર્વતાઓની ઝાંખી થઈ, અને એક માતા તરીકે ઊઠતા પ્રશ્નોનું સમાધાન મને તેમાંથી મળી રહેશે, એવી શ્રદ્ધા બેઠી. આ કેવળ તેમની ભાવનાઓના સામર્થ્યનું પરિણામ હતું. સમર્થ ભાવનાઓમાં એવો અદ્‌ભુત પ્રભાવ રહેલો હોય છે. તે સમયથી આજ સુધી, મને થયેલા અનુભવના પ્રકાશમાં મૅડમ મૉન્ટેસોરીની નૂતન બાલ કેળવણીની દૃષ્ટિ વિષે મારી શ્રદ્ધા ઉત્તરોત્તર દૃઢ થતી આવી છે, અને મને હૃદયમાં ઊંડી પ્રતીતિ થાય છે, કે તેઓ આ જમનાનાં જ નહિ પણ સર્વ જમાનાનાં અને સર્વ દેશનાં પયંગબર છે કારણકે બાળકનું એક વ્યક્તિ તરીકેનું તેમનું દર્શન અમુક કાળ કે સ્થળની ઉપાધિથી પરિમિત નથી. પરંતુ, એક નિર્મળ

માનવઆત્મા, સર્વ કાળે અને સર્વ સ્થળે વિલસતા આત્મા તરીકેનું છે. સામાન્યકોટિના સુધારકોની દૃષ્ટિ, અમુક કાળનાં સ્થાનિક દૂષણો દૂર કરી તેમની પોતાની સંકુચિત કલ્પનાએ ઘડેલા કોઈ એક ચોક્કસ બીબામાં વ્યક્તિઓનો ઢાળ પાડવા મથે છે; કોઈ સમષ્ટિને પુષ્ટ કરવાના યત્ન કરે છે, તો કોઇ સમષ્ટિને ભોગે વ્યક્તિને સમૃદ્ધ કરવાના યત્ન કરે છે. આવાં ખંડદર્શનોની અશાસ્ત્રીયતાનો અતિક્રમ કરી, મૅડમ મૅાન્ટેસોરી બાળકને–વ્યક્તિને સર્વકાલીન વિરાટ્ર પુરુષ તરીકે નિહાળે છે. વ્યષ્ટિ સમષ્ટિના પરસ્પરાવલંબી સંબંધનું યથાર્થ રહસ્ય પામીને, તેઓ વ્યક્તિને તેના ચરમ પુરુષાર્થ તરફ ગતિ કરાવવા સમર્થ પ્રયાસ કરે છે.

તેમની પાસેથી આવતો પ્રકાશ પૂર્વમાંથી આવે છે કે પશ્ચિમમાંથી, તે આમને માટે છે કે અમીરને માટે, એવો ક્ષુલ્લક વિચાર ન કરતાં, તેમાં રહેલું જીવનદાયી બળ આપણે પારખીએ, અને તેને નમ્ર કૃતજ્ઞ ભાવે સત્કારી, આપણી સંસ્કૃતિની પ્રકૃતિને અનુરૂપ તેનું સ્વરૂપ ઘડી, તેને આત્મસાત્ કરીએ તેમાં જ આપણું શ્રેય રહેલું છે. તેમનાં પુસ્તકોનાં પાનાંમાંથી વ્યંજિત થતી તેમની ભાવનાઓ જે સહૃદયને ઘેરાં કરી મૂકે છે, તો તેમનો ગાઢ સંપર્ક શું ન સાધી શકે ? તેઓ વયે વૃદ્ધ છે, તથાપિ તેમની શક્તિ અને ઉત્સાહની મન્દાકિનીનો પ્રવાહ, તેમની વર્તમાન સ્થિતિમાં પણ, અવિચ્છિન્ન વહ્યા કરે છે, અને જે કોઈ તેની સમીપ જાય છે તે તેમાં અવગાહન કરી પોતાની જાતને કૃતાર્થ થયેલું સમજે છે.

વર્તમાનકાળના બે પયગંબરો, મૅડમ મૅાન્ટેસોરી અને મહાત્માજીની પ્રત્યે ભવિષ્યની પ્રજા અતિ કૃતજ્ઞ ભાવે જોશે, એ નિઃસંશય છે. તત્ત્વ દૃષ્ટિએ બન્નેની વિચારસરણી એક છે. ભગવાન વાલ્મીકિના મહાકાવ્યની માફક બન્નેનાં જીવનકાવ્યો પરમ કરુણામાંથી પ્રકટ્યાં છે; મૅડમ મૅાન્ટેસોરી બાલજીવનની કરુણતાથી, અને મહાત્માજી રાંક, પિડાની, ચુસાતી, મૂક જનતાથી પ્રેરાયા છે. મૅડમ કેવળ બાલજીવનને કેન્દ્રમાં રાખી પોતાનું કાર્ય વિકસાવે જાય છે, જ્યારે મહાત્માજી પોતાની સંજીવનશક્તિનો સ્પર્શ પ્રજાજીવનના પ્રત્યેક અંગને કરાવતા આવ્યા છે. બન્ને દ્રષ્ટા સ્રષ્ટા છે. આ બન્ને પયગંબરોની વાણી સુણવી, એ જો આપણે સમજીએ, તો વિરલ સુભાગ્ય છે. તેમનો પ્રકાશ આપણે મન્દ મતિ કે ઉપેક્ષાથી નહિ પિછાનીએ તો ભવિષ્યની પ્રજા આપણને ક્ષુદ્ર, અલ્પ બુદ્ધિનાં માનવો કહેશે, એ નિર્વિવાદ છે. આ પયગંબરોનું રહસ્ય પામી આપણે આપણાં પ્રિય બાળકો, તેમ જ, સકળ સમાજના કલ્યાણ માટે નવસર્જન કરવા પ્રવૃત્ત થઇએ, એ જ પરમ પ્રભુ પાસે બળ માગવું રહ્યું.

—સરલાદેવી સારાભાઈ

---

# હરિજન શાળાઓને મદદ

**૧-૮-૦ શ્રી. વલ્લભદાસ નાનજી સયદે,** કરાંચી.

આ વર્ષે હજુ પૂરી મદદ મળી નથી. દરવર્ષે આ ઝોળી ઉભરાઈ જાય છે. ઉદાર હરિજન-પ્રેમી ભાઈબહેનોને પોતાની મદદ બને તેમ જલદી મોકલવા વિનંતી છે. ૪૦-૫૦ શાળાઓને 'શિક્ષણ-પત્રિકા' મોકલવી એ ગુજરાતી ભાઈબહેનોને તો રમત વાત છે !

# નૂતન બાલશિક્ષકમિલન

તા. ૮–૯ એપ્રિલ ૧૯૪૪ ના રોજ મુંબઇના નૂતન બાલશિક્ષકોનું એક નાનું મિલન શિશુવિહાર-દાદરમાં બહુ જ સફળ રીતે પાર પડ્યું.

સંઘનાં મંત્રી અને બાલમંદિરોના નિરીક્ષક શ્રી. તારાબેન મોડકે સંઘ સાથે જોડાયેલાં મુંબઇનાં સઘળાં બાલમંદિરોના શિક્ષકોને તેમ જ બાલમંદિરોનાં સંચાલકો અને સંઘના કાર્યકર્તાઓને આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે ૮–૧૦ સંચાલકો અને ૩૫ જેટલા શિક્ષક બાઈ બહેનો હાજર હતાં.

શનિવારે રાતના એક વાગ્યા સુધી શિક્ષકોએ પૂર્ણિમાની ચાંદનીમાં માટુંગા-રૂઇઆ કૉલેજ સામેના ચોગાનમાં રાસ, સંગીત, દાંડિયા, ઊખાણા, અંતકડી તથા રમતો રમી ખૂબ આનંદ કર્યો અને એકબીજાનો પરિચય સાધ્યો. પરસ્પર ઓળખવાની અને પરિચય સાધવાની આવી સુંદર તક મળવાથી સૌ ઘણા જ ખુશ થયા હતા.

રવિવારે સવારે ૭ વાગે જીવનમંદિર (પ્રાર્થના) બાદ ચા પાણી લીધા પછી ૯ થી ૧૨॥ સુધી વ્યાખ્યાન તેમ જ શિક્ષણવિષયક ચર્ચાઓ થઈ.

શ્રી. તારાબેન મોડકે સૌનું ભાવભીનું સ્વાગત કર્યા પછી પોતાના ભાષણમાં નીચેની ત્રણ બાબતો શિક્ષકો સમક્ષ વિચારવા માટે મૂકી.

(૧) તમે સહુ સંઘ સાથે જોડાયેલી શાળાઓમાં કામ કરો છો તેથી આવી બધી જ શાળાઓ એક સરખા સિદ્ધાંત અને ધોરણે ચાલે તેવો પ્રયત્ન કરવો જોઇએ, આજની માફક વારંવાર મળી ચર્ચા કરીશું અને વિચારવિનિમય કરીશું તો જ શૈક્ષણીક દૃષ્ટિમાં સામ્ય જળવાઇ રહેશે.

(૨) તમે સંઘમાન્ય બાલમંદિરોનાં શિક્ષકો છો એટલે તમે જ સંઘના વિચારોના ખરા પ્રચારક છો. તેથી સંઘના કાર્ય સંબંધી સતત જાગૃતિ તમારામાં હોવી જોઇએ. આજે તો સંઘના બંધારણ પ્રમાણે જે હોદ્દેદારો હોય તે જ સંઘનું કામ કરનારા છે અને બીજાઓને કશું કરવાનું નથી, એવી માન્યતા અજાણપણે ઊભી થઈ છે. ખરી રીતે તેમ નથી. હોદ્દેદારો તો સામાન્ય વ્યવસ્થાની બાબતો પરત્વે જ ધ્યાન રાખે છે; કેળવણીનું ખરું અને મૂળભૂત કાર્ય તો શિક્ષકોએ જ કરવાનું છે અને તે તમે જ કરી શકવાના છો. સંઘના પ્રમુખ થાવ કે ન થાવ, મંત્રી થાવ કે ન થાવ, બજાનચી બનો કે ન બનો, તમે તમારું શિક્ષણ પ્રચારનું કામ ચાલુ જ રાખશો. ત્રણ ચાર કલાક એકાદું બાલમંદિર ચલાવી દીધાથી આપણું કામ પૂરું નથી થતું. કેળવણીના નવા વિચારોનો પ્રચાર કરવો, તેને જનતામાં પ્રસ્થાપિત કરવા, સામાન્ય લોકોને તેની વારેવારે સમજ આપવી, વગેરે કામો પણ આપણે જ કરવાનાં છે. અને એ માટે આપણે નૂતન શિક્ષણના વિચારોનો પ્રચાર કરતું એકમાત્ર મુખપત્ર 'શિક્ષણ પત્રિકા' પ્રત્યેક માબાપને પહોંચે તેમ કરવું જ જોઇએ. જે માબાપો વરસદહાડે બાળક માટે ૩૬ થી ૬૦ રૂપિયા અને કેટલેક ઠેકાણે તેથી પણ વધુ પૈસા ફીના આપી શકે છે તેમને જો 'શિક્ષણ પત્રિકા' માટે આખા વર્ષમાં એક રૂપિયો વધારે આપ-

વાતું આપણે કહીએ તો કોઈ જ ના નહિ પાડે. દર નવા વર્ષે ફી સાથે એક વખત એક જ રૂપિયો વધારે લઈ દરેક માબાપને 'શિક્ષણ પત્રિકા' પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) આટઆટલાં વર્ષોથી તમે બાળકો વચ્ચે કામ કરો છો. તમને અનેક પ્રકારના અનુભવો મળતા હશે, અવલોકનો કરતા હશો, વિશિષ્ટ પ્રકૃતિ અને વિકૃતિવાળાં બાળકો પણ તમને મળતાં હશે. તે સૌને માટે તમારે જુદા જુદા ઉપાયો પણ લેવા પડ્યા હશે. આવું ઘણું ઘણું તમે કર્યું હશે. છતાં કોઈ જ શિક્ષણ પત્રિકા માટે લખતા નથી; અને તેથી એક કે બે માણસોને જ લખવું પડે છે. પત્રિકામાં સઘળા લોકોને રુચે એવી વિવિધતા આવી શકતી નથી. તમે નિશ્ચય કરો, અને વધારે નહિ તો બેચાર મહિને પણ આવાં અવલોકનો કે પ્રયોગો લખી મોકલો તો ઘણાંને માર્ગદર્શક થશે અને પત્રિકા પણ કોઈ અમુક વર્ગની જ નહિ પણ સમાજના સઘળાં માબાપો અને બાળકો માટેની બની રહેશે. તેથી સહુને મારો આગ્રહ છે કે તમે લખવાનું શરૂ કરો. શિક્ષણ પત્રિકા કાંઈ સાહિત્યની પત્રિકા નથી કે સુંદર, અલંકારિક, સંસ્કૃતમય ભાષા લખતાં આવડે તો જ લખી શકાય. એમાં તો સૌ લખી શકે જેને બાળ કેળવણીની દૃષ્ટિએ જોતાં આવડે, જેઓ જુએ કે અનુભવે અને પ્રયોગ કરે અને તેમ કરતાં જે પરિણામ આવે તે સીધા સાદા શબ્દોમાં લખી મોકલી શકે છે. રોજના ઘરના જીવનમાં પણ એવા ઘણા પ્રસંગો બને છે કે જે માબાપો સમક્ષ રજૂ કરવા જેવા હોય છે, અને તેમાંથી ઘણાને નવી પ્રેરણા કે માર્ગદર્શન મળી શકે છે. એટલે સૌ આજે પત્રિકા માટે કાંઈ ને કાંઈ લખવાનો નિશ્ચય કરે જ.

ત્યાર પછી થોડી પ્રશ્નોત્તરી થઈ હતી.

પ્રશ્ન :—સંઘ સાથે જોડાએલી શાળાઓ સાથે સંઘને ફક્ત શિક્ષણવિષયક સલાહસૂચના આપવા પૂરતો જ સંબંધ છે ? એવી સંસ્થાના શિક્ષકો, તેમના પગાર, રજાઓ કે સંચાલન-અંગેની બીજી સામાન્ય બાબતોમાં સંઘ કાંઈ કરી શકે કે નહિ ?

ઉત્તર:—સંઘ પોતાને જોડાયેલી શાળાઓનું નિરીક્ષણ કરે છે તથા સલાહસૂચના આપે છે. પણ સંઘ તરફથી જોડાયેલી શાળાઓને ગ્રાંટ અપાતી નથી; એટલે કે તેમની આર્થિક જવાબદારીમાં સંઘ બિલકુલ ભાગ લેતો નથી. તેથી સલાહસૂચના આપવા ઉપરાંત કાંઈ વધારે તે કરે શકે નહિ. શિક્ષણસિદ્ધાંતોનું જ્યાં ખૂનત્થતું હોય તેવી શાળાઓને સંઘમાંથી બાતલ કરી શકાય. પરંતુ બીજી બધી બાબતોની જવાબદારી તે તે સંસ્થાના સંચાલકોની જ રહે છે. સરકાર પણ ગ્રાંટ આપવા છતાં બાનગી સંસ્થાના સંચાલનમાં ખાસ બાબતો સિવાય માથું મારતી નથી. પણ વ્યક્તિગત રીતે સંચાલકો અને સંઘ વચ્ચે હાલ એવો સંબંધ છે કે ઘણા સંચાલકો પગારનું ધોરણ, શિક્ષકોની સંખ્યા, પગારનો વધારો, રજાઓ વગેરે બાબતોમાં મારી સલાહ લે છે, તે રીતે વિચાર કરે છે અને અમલ પણ કરે છે. અને આવો સંબંધ છે તે જ વધારે લાભ-કારક છે.

પ્રશ્ન ૨ :—શિક્ષકોનો પગાર ઓછામાં ઓછો કેટલો હોવો જોઈએ ?

ઉત્તર :—અત્યારની મોંઘવારીને કારણે નવા બાલશિક્ષકની નિમણૂક ઓછામાં ઓછા રૂપિયા ૪૦ થી થવી જોઈએ એમ ઠરાવી શકાય. આ ઉપરાંત સ્થાનિક પરિસ્થિતિ, અનુભવ, વ્યક્તિગત યોગ્યતા અને બીજી બાબતો પણ

ધ્યાનમાં લેવી જોઇએ. દાખલા તરીકે દૂરથી આવનાર કે દૂર જનાર શિક્ષકને વધારે પગાર આપવો પડે છે.

પ્રશ્ન ૩ :—આદર્શ શિક્ષકોએ ટ્યૂશન કરવાં કે નહિ ?

ઉત્તર :—આદર્શ શાળા ચલાવવા માટે તો શિક્ષક પોતાની બધી શક્તિ અને લક્ષ પૂરેપૂરું શાળાના કામમાં આપી શકે એવી તેની આર્થિક સ્થિતિ હોવી જોઇએ. પરંતુ શાળા તેટલો પગાર આપી શકતી નથી, અને જે મળે છે તેનાથી શિક્ષકનું પૂરું થઈ શકતું નથી. તેથી એકાદ ટ્યૂશન કરવું આવશ્યક થઈ પડે છે. પરંતુ શિક્ષકોએ ટ્યૂશનભક્ત થવું ન જોઇએ. ટ્યૂશનને ખાતર શાળાનું કામ ન બગડે તેની પૂરી કાળજી તેણે રાખવી જોઇએ.

આ ઉપરાંત થોડા નાના પ્રશ્નોત્તરો પછી સભાનું કામકાજ મોકૂફ રાખવામાં આવ્યું અને સહુ ભોજન માટે ઊઠ્યા. દરેક શિક્ષકે મૂઠી ચોખા અને બે મૂઠી લોટ આણેલો હતો; બાકીનું બધું શિશુવિહારે ઉપાડ્યું હતું અને પોતાને ત્યાં જ જમવાની સુંદર વ્યવસ્થા કરી હતી.

ભોજન પછી બપોરના બે વાગ્યા સુધી આરામનો સમય હતો. ગઈ રાતનો થોડો ઉજાગરો છતાં કોઇને સૂવાનું મન થતું ન હતું. સઘળા સ્વયંપ્રેરિત ટુકડીઓમાં વહેંચાઈ ગયા હતા અને સંઘશિક્ષણ, બાળક અને શિક્ષક વિષે જ અંદર અંદર એકબીજાના વિચારોની નિખાલસ દિલથી આપલે કરતા હતા. આખું વાતાવરણ નવી પ્રેરણાથી, નવા ઉત્સાહથી અને કાંઇક કરવું જોઇએના નવા જોશથી ભભભઘી રહ્યું હતું. ચર્ચા માટે નક્કી કરેલા વખતે સમય-નિયંત્રકે જ્યારે મંજિરાંના તીણા રણકારથી સૌને બોલાવ્યા ત્યારે જ સૌ ધીમે ધીમે વિખ-રાયા અને સભાસ્થાને આગળની ચર્ચા-તથા પ્રશ્નોત્તરી માટે ભેગા થયા.

બપોરના મિલનમાં શ્રી તારાબેન મોડકે લેખન, વાચન તથા ગણિતશિક્ષણમાં આપણી શાળાઓમાં શું શું થતું નથી, કરવા જેવું શું શું રહી જાય છે, કેવી રીતે કરવું જોઇએ, વગેરે બાબતો ઝીણવટપૂર્વક સાધનો સાથે સમજાવી હતી.

ત્યાર પછી એક શિક્ષિકાબહેને સૂચના કરી કે આ જાતના પ્રત્યક્ષ પાઠો શિક્ષકોને વારે-વારે મળે તે માટે સંઘની મુંબઇ શાખાને મુંબઇનાં બાલમંદિરોની એક પેટા શિક્ષકસમિતિ સ્થાપવાની વિનતિ કરવી, જે સમિતિ શિક્ષકો માટે પ્રત્યક્ષ પાઠો, ચર્ચા, વ્યાખ્યાનો અને પ્રવાસ વગેરે કાર્યક્રમો યોજે. મરિના મોડર્ન સ્કૂલવાળા શ્રી. મણીભાઈ ઠાકરશી શાહે જૂન માસમાં પોતાની શાળામાં આવા મિલન માટે સહુને આમંત્રણ આપ્યું હતું જે સૌએ આભાર સાથે સ્વીકાર્યું છે. સાંજના ૭ વાગતાં કામ-કાજ પૂરું થયું અને વંદેમાતરમ્ ગવાયા પછી સૌ છૂટા પડ્યા.

આ મિલનની સાથે એક નાનું શું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં દરેક શાળામાં જે વિશેષ કામકાજ થયું હોય તેના નમૂના આણવામાં આવ્યા હતા. કેટલાક નમૂનાઓ નીચે પ્રમાણેના હતા: બોધ, ફૂટ-પ્રશ્નો, લેખન, તૂનાઇ અને કાંતણ, નકામી વસ્તુઓનો ઉપયોગ, વાર્તાનાં ચિત્રપોષ્ટરો, સીવણ—ગૂંથણ, નકામાં પોસ્ટકાર્ડનો ઉપયોગ, કાગળના ભાવની બનાવટ, કાતરકામના નમૂના, માટીનાં વાસણોપર ચિત્રકામ (ભીંતચિત્રો) વગેરે. પ્રદર્શનમાં માર્ગદર્શન કરાવે તેવા જ નમૂનાઓ રાખવામાં આવ્યા હતા.—એક નૂતન શિક્ષક,

# શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર

આજે ગુજરાત તેમ જ મહારાષ્ટ્રમાં ઠેકઠેકાણે **બાલમંદિરો,** એટલે ૨॥ થી ૫ વર્ષ સુધીનાં બાળકો માટે પૂર્વ પ્રાથમિક શાળાઓ, ઘણું ઊઘડે છે મિલોમાં ધાવણાં બાળકો માટે ઘોડિયાવર્ગો (ક્રેશ) હોય છે, તેમાં પણ પાંચ વર્ષ સુધીનાં બાળકોને રાખવામાં આવે છે. આવાં બાળકો માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણના વર્ગો ચલાવવાની મિલોનાં મજૂર કલ્યાણકેન્દ્ર ખાતાંઓ (વેલફેરસેન્ટર) આગ્રહ ધરાવે છે; તેવાં ખાતાંઓ તરફથી બાલશિક્ષકો માટે માગણી પણ આવે છે. જુદીજુદી મહિલાસંસ્થાઓ બાલ-મંદિરો ખોલવા ઇચ્છા ધરાવે છે, તેઓ પણ નર્સરી વિભાગ માટે બાલશિક્ષકોની માગણી કરે જ છે. પરંતુ ભારે દુઃખ સાથે અમારે બધી માગણીઓને એક જ જાતનો જવાબ વાળવો પડે છે : "અમારી પાસે તૈયાર શિક્ષકો નથી. તમારા ગામ તરફથી અથવા તમારી સંસ્થા તરફથી તમે કોઈ યોગ્ય માણસ પસંદ કરીને અમારે ત્યાં અધ્યાપનમંદિરમાં મોકલો, અમે તેને તાલીમ આપવાની ગોઠવણ અવશ્ય કરી શું."

છેલ્લાં પાંચ વર્ષથી દાદરમાં શિશુવિહાર મંડળ પોતાના બાલઅધ્યાપનમંદિરમાં શિક્ષકોને તાલીમ આપી રહ્યું છે. આ અધ્યાપન-મંદિરમાં ગુજરાતી, મરાઠી અને હિંદી ત્રણે ભાષાના વિદ્યાર્થીઓને તાલીમ આપવાની સગવડ રખાઈ છે. મંડળ બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વસતિગૃહ ( બોર્ડિંગ હાઉસ ) ખોલવાનો વિચાર તો કરી જ રહ્યું છે, પરંતુ મકાનની મુશ્કેલીને કારણે તેમનો એ વિચાર અમલમાં ઊતરી શકતો નથી. છતાં બહારથી જે ભાઈબહેનો ભણવામાં આવે છે તેમને માટે એક યા બીજી રીતે મંડળ રહેવા-ખાવાની કોઈ જાતની ગોઠવણ કરી તો આપે જ છે. આ રીતે ગયે વર્ષે ભણવા આવેલા એક બહારગામના ગુજરાતી ભાઈ માટે 'શિશુવિહાર'માં જ રહેવાની ગોઠવણ મંડળે કરી આપી હતી, તથા નાગપુર-વર્ધા તરફથી આવેલી પાંચ બહેનો માટે તેમણે વસતિગૃહ પણ ચલાવ્યું હતું. આ પહેલાં પણ બહેનો માટે શ્રી. શાન્તાબાઈ કશાળકરના વસતિગૃહમાં રહેવાની સગવડ કરાવી આપવામાં આવતી હતી, તેમ જ ગુજરાતી બહેનો માટે ભગિની સમાજ તરફથી આવી સગવડ આપવાનું વચન મેળવ્યું હતું. ટૂંકમાં આજે મકાનની આટલી સખ્ત તંગીના સમયે પણ અધ્યાપન-મંદિરમાં ભણવા આવનાર ઉભય જાતિનાં ભાઈબહેનો માટે રહેવાની સગવડ મંડળ તરફથી કરી અપાય છે.

પણ અહીં એ જણાવવું જોઇએ કે જે જે સ્થળોએ બાલશિક્ષકોની જરૂર હોય તે તે ગામ અગર સંસ્થાઓએ તાલીમ પામેલા શિક્ષકોની માગણી ન કરતાં પોતે જ કોઇને પસંદ કરીને દાદર બાલઅધ્યાપનમંદિરમાં તાલીમ અર્થે મોકલવાની ગોઠવણ વિચારવી ઘટે. સરકારી ટ્રેનિંગ કૉલેજની પેઠે હજુ આ અધ્યાપનમંદિરોમાં સ્વયં તાલીમ લેવા આવનારાંઓની સંખ્યા વધી નથી—લોકોનું વલણ હજુ એ તરફ ઢળ્યું નથી ત્યાં સુધી આ, તાલીમ પામેલા શિક્ષકોની અછત કાયમ ઊભી જ રહેવાની.

હિંદી ભાષાભાષી પ્રાંતોમાંથી પણ અમારી પાસે શિક્ષકોની માગણીઓ આવ્યા જ કરે છે. ગુજરાત-મહારાષ્ટ્રમાંથી તો આવી અનેક માગણીઓ સદા ય રહે જ છે.

અંગ્રેજી મે અને જૂન મહિનામાં વિદ્યાર્થી હવે શું કરવું એના વિચારમાં કાયમ હોય છે. આવે વખતે પત્રિકાનાં વાચક ભાઈબહેનોને અમારી વિનતિ છે કે તેઓ આગળ ભણવાની ઇચ્છા સેવતાં વિદ્યાર્થી ભાઈબહેનોને હાદરના બાલશિક્ષણ-અધ્યાપનમંદિરનો માર્ગ બતાવે તો તેમને એક વધારે માર્ગ બતાવ્યાનું સાર્થક થશે.

મેટ્રિક પાસ થયેલ વિદ્યાર્થી ભાઈબહેનોને અમારી એવી સૂચના છે કે તેઓ બાલશિક્ષણની તાલીમનો વિચાર કરી જુએ. પદવીધર-સ્નાતક વિદ્યાર્થીઓ સારૂ અધ્યાપન મંદિરમાં વિશેષ અભ્યાસક્રમ એટલે કે ઓનર્સ કોર્સ પણ રાખવામાં આવ્યો છે. એથી ઊલટું સાવ થોડી કેળવણી પામેલી બહેનો માટે 'બાલક્રીડાંગણ'નો ફક્ત ત્રણ માસનો સહેલો અભ્યાસક્રમ પણ યોજેલો છે.

અધ્યાપનમંદિરમાં દાખલ થવા માટેની ઉંમર મર્યાદા ૧૮ થી ૩૫ ની રાખી છે. ઓછામાં ઓછી વર્નાકયુલર ફાઇનલ અથવા તત્સમ પરીક્ષા પસાર કરી હોય અગર તો હાઇસ્કૂલનાં પાંચ ધોરણો પૂરાં કર્યાં હોય તેવાંઓને અધ્યાપનમંદિરમાં દાખલ કરવામાં આવે છે.

### સામાન્ય અભ્યાસક્રમ

પહેલું સત્ર : જુલાઈથી ઑકટોબર સુધી

(૧) વ્યાવહારિક બાલમાનસશાસ્ત્ર; (૨) બાળકોનું આરોગ્ય તથા સ્વચ્છતા; (૩) વ્યવસ્થા; (૪) બાળવાર્તાઓ; (૫) બાળગીતો અને બાળ નાટકો; (૬) બાળકોની રમતો; (૭) હાથકારીગરી; (૮) વાચનાલય તથા સંગ્રહસ્થાનો; (૯) બાળકોના પ્રવાસો : કુદરત અને જીવનપરિચયની દૃષ્ટિથી.

બીજું સત્ર : નવેમ્બરથી એપ્રિલ સુધી

(૧) કેળવણીવિષયક માનસશાસ્ત્ર; (૨) ઇંદ્રિયશિક્ષણ અને તેનાં સાધનો; (૩) મોન્ટેસોરી પદ્ધતિ તથા અન્ય પદ્ધતિઓનો તુલનાંતમક અભ્યાસ; (૪) બાલમંદિરનું સંચાલન; (૫) લેખન, વાચન તથા ગણિતશિક્ષણ; (૬) શાળા તેમ જ બાળકોનું આરોગ્ય.

### વિશિષ્ટ અભ્યાસક્રમ

(૧) માનસશાસ્ત્ર અંગે નક્કી કરવામાં આવે એ તે પાઠ્યપુસ્તક; (૨) સાથેના વિષયો પૈકી ગમે તે એકનો ખાસ અભ્યાસ : બાળવાર્તાઓ, બાળગીતો, બાળકોની રમતો, બાળકોની ભાષા, બાળકોનાં ચિત્રો, અથવા બાલસાહિત્ય. (૩) આઠ બાળશાળાઓનું નિરીક્ષણ તથા નોંધ.

જે ભાઈબહેનોને વસતિગૃહ એટલે કે બોર્ડિંગ માટેની સગવડ જોઈતી હોય તેમણે મે મહિનામાં જ લખી જણાવવું.

આથી વધારે માહિતી જોઈતી હોય તેમણે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો :

**આચાર્ય, બાલઅધ્યાપનમંદિર,**
શિશુવિહાર, હિંદુ કૉલની, હાદર.

# વ્યવસ્થાપક મંડળની ચૂંટણી

આ માસની ૧૨ મી તારીખે વ્યવસ્થાપક મંડળની નવી ચૂંટણી કરવાની હતી. બંધારણ અનુસાર વ્યવસ્થાપક મંડળના કુલ અગિયાર સભ્યો પૈકી બે આજીવનસભ્યોમાંથી, બે સહાયક સભ્યોમાંથી, છ સક્રિય અને સંસ્થાપ્રતિનિધિ સભ્યોમાંથી અને એક સામાન્ય સભ્યોમાંથી ચૂંટવાના હતા.

આજીવનસભ્યોના વર્ગ તરફથી બે જ ઉમેદવારો હોવાથી તેઓ બિનહરીફ ચૂંટાયા છે; તે જ મુજબ સહાયકસભ્યો તરફથી પણ બે જ ઉમેદવારો હોવાથી તેઓ પણ બિનહરીફ ચૂંટાયા છે. સક્રિય અને સંસ્થાપ્રતિનિધિ સભ્યો તરફથી છ જગ્યાઓ માટે આઠ ઉમેદવારો અને સામાન્ય સભ્યો તરફથી એક જગ્યા માટે ત્રણ ઉમેદવારો ઊભા થયા હતા.

અમારી પાસે આવેલાં મતપત્રકો ઉપરથી આખું ય નવું વ્યવસ્થાપક મંડળ નીચે મુજબ ચૂંટાયેલું જાહેર કરીએ છીએ.

**આજીવનસભ્યોના વર્ગ તરફથી**

(૧) શ્રી. સરલાદેવી સારાભાઇ, અમદાવાદ
(૨) ,, બાબીબેન મૂળજી, મુંબઇ.

**સહાયક સભ્યોના વર્ગ તરફથી**

(૩) સૌ. કુસુમાવતી દેશપાંડે, નાગપુર.
(૪) શ્રી. જમુભાઇ દાણી, મુંબઇ.

**સક્રિય અને સંસ્થાપ્રતિનિધિ સભ્યોના વર્ગ તરફથી**

(૫) શ્રી. નાનાભાઇ કા. ભટ્ટ, ભાવનગર
(૬) ,, તારાબેન મોડક, દાદર.
(૭) ,, સરોજબેન ચોધ, મુંબઇ.
(૮) ,, ગંગુભાઇ પટવર્ધન, વડોદરા.
(૯) ,, હરપ્રસાદ ભટ્ટ, અમદાવાદ.
(૧૦) ,, વિષ્ણુપ્રસાદ મજમુદાર, વડોદરા.

**સામાન્ય સભ્યોના વર્ગ તરફથી**

(૧૧) શ્રી. પ્રભુલાલ ઘોળકિયા, સદનવાડી (કચ્છ)

નૂતન બાલશિક્ષણસંઘ કાર્યાલય, દાદર.
તા. ૧૩-૪-૪૪

**સરોજબેન ચોધ અને તારાબેન મોડક**
**મંત્રીઓ.**

---

# મૅડમ મૉન્ટેસોરી

છેલ્લાં ૨૫-૩૦ વર્ષથી ગુજરાત ડૉ. મૅડમ મૉન્ટેસોરીને ઓળખે છે. તેમનો પરિચય આપણે ત્યાં બાલકેળવણીનાં તેમનાં સાધનો અને 'બાલ સ્વાતંત્ર્ય'ના (શરૂઆતમાં વિચિત્ર લાગતા) શબ્દપ્રયોગથી થયેલો. હાલમાં થોડાં વર્ષોથી તેઓ દક્ષિણ હિંદમાં છે, ને બે વર્ષથી કોડીકેનાલમાં પોતાની પદ્ધતિના તાલીમવર્ગો ચલાવી રહ્યાં છે. આજે તેઓ પોતાની પદ્ધતિના પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસક્રમોનાં અધ્યાપનમંદિરો ચલાવે છે. થોડા મહિના અગાઉ તેમણે ધાર્મિક કેળવણીનો ક્રમ પણ રાખ્યો હતો. આ બધા અભ્યાસક્રમો પરથી તેમના જ્ઞાનની વિશાલતા, વિચારોનું ઊંડાણ તથા તેમની અદ્‌ભુત અને અગાધ પ્રતિભાનો આપણને વધારે સચોટ ખ્યાલ આવી શકે છે.

બાળકોના જીવનમાં એક એવો કાળ આવે છે જ્યારે તેમની જિજ્ઞાસા અતી તીવ્ર બની હોય છે. એ કાળે નવું નવું જાણી તથા સંગ્રહી લેવાનો ખાસ ગુણ (sensitive period) તેમની સર્વ ઇન્દ્રિયોમાં તીવ્રપણે જાગ્રત થાય

છે. તે કાળે ગમે તે વિષય યોગ્ય સાધનો દ્વારા જો બાળકો આગળ ધરવામાં આવે તો તુરત તેઓ તેને આત્મસાત કરી લે છે. તે કાળે તેમની જિજ્ઞાસા સતેજ હોય છે તેમજ નવું નવું જાણી લેવા તેઓ બહુ ઉત્સુક હોય છે. એ યોગ્ય કાળે દુનિયાના જ્ઞાનભંડારોનાં દ્વારો તેમની પાસે જો ખુલ્લાં મૂકી દેવામાં આવે તો બાળકો સહેલાઈથી બધા વિષયો જાણી લે છે એ મહાન સત્ય મૅડમને લાધ્યું. આ સત્યના જોરે જ્યારે તેઓ બાળકો સમક્ષ અઘરો ગણાતો ગમે તે વિષય પોતાની રીતે ધરે છે ત્યારે આપણે આશ્ચર્યમુગ્ધ થઈ જઇએ છીએ. પિથેગોરાસને સિદ્ધાંત, બાનોમિયલ અને ટ્રાઇનોમિયલના (દ્વિપદી અને ત્રિપદી પદોના) ઘન, વર્ગમૂળ તથા ઘનમૂળ કાઢવાના પ્રશ્નો તથા ઘનભૂમિતિના સિદ્ધાંતો જેવી અઘરી ગણાતી બાબતો તેઓ પોતે યોજેલાં સાધનોદ્વારા બાળકો સમજે તે રીતે રજૂ કરે છે, અને બાળકો જેટલી હોંશથી પતંગ કે ભમરડાની રમત ઉપર તૂટી પડે છે એટલી જ હોંશથી તેમને ઉપરના અઘરા ગણાતા વિષયો પર પણ ઉત્સાહભેર તૂટી પડતાં આપણે જોઇએ છીએ. બાળકો પાસે ધરવા માટે તેમણે કાંઈ નહિ તો ૧૭ ૧૮ જેટલાં ભિન્નભિન્ન શાસ્ત્રોની યોજના તૈયાર કરી રાખી છે. વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, ખગોળવિદ્યા, ઇતિહાસ, ભૂગોળ, રસાયન, વ્યાકરણ, અંકગણિત, બીજગણિત જેવાં પોતાના અભ્યાસક્રમમાં સમાઈ જતાં શાસ્ત્રોની યોજના તો તૈયાર કરી જ છે, પરંતુ તે ઉપરાંત અનેક શાસ્ત્રો (દા૦ ત૦ ઍકૉલૉજી, હિસ્ટોલૉજી વગેરે) પણ તેમણે હાથ ધર્યાં છે. એ બધાં શાસ્ત્રોની રજૂઆત અર્થે તેમણે યોજેલાં અને તૈયાર કરાવેલાં સાધનો નકશાઓ અને ચિત્રપટો જોતાં એમની વિષય રજૂ કરવાની અદ્‌ભુત કુશલતાથી આપણે ચકિત થઈ જઇએ છીએ. આ સૃષ્ટિની શી રચના છે, એનું કાર્ય કઈ રીતે અખંડ ચાલી રહ્યું છે, સૃષ્ટિમાં કઈ રીતે સહુ કોઈ એકબીજાનું રક્ષણ અને પોષણ કરી જ રહ્યું છે, તથા એ આખું કાર્ય સુયંત્રિત, સુમેળભર્યું અને સમતોલતાપૂર્વક કઈ રીતે ચાલી રહ્યું છે. આ સૃષ્ટિનું માનવી પણ એક અંગ છે અને વિશ્વની યોજનામાં માનવીને માથે પણ અમુક ચોક્કસ ફરજ બજાવવાનું નિર્માણ થયેલું છે: એ સર્વનું સંપૂર્ણ ભાન એને થાય તથા એ ફરજ બજાવવા માનવીને પ્રવૃત્ત કરવો જ તે કેળવણીનું પરમ કર્તવ્ય ગણાય; એવી એમની માન્યતા છે. માનવીને પોતાની આ ફરજનું માત્ર ભાન વ્યાખ્યાનો આપવાની નથી આવતું પરંતુ આ ચરાચર જગત સાથે પ્રત્યક્ષથી પરિચય તથા તેમના જીવનની સંપૂર્ણ માહિતી મેળવવાથીઆપોઆપ તેનામાં તે જાગૃત થાય છે એમ તેઓ કહે છે.

શિક્ષણશાસ્ત્ર અંગે, કેળવણીવિષયક માનસશાસ્ત્ર અંગે, અને આ સર્વના મૂળમાં રહેલા ખુદ જીવનના તત્ત્વજ્ઞાન અંગેના ઊંડા સ્પષ્ટ વિચારો તેમણે કરેલા છે. આજે તેમની ઉંમર પોણોસો વર્ષની થઈ છે. છતાં તેઓ પોતાનું સંશોધન કાર્ય—ચિંતન, મનન અને લેખનનું કાર્ય સતત ચાલુ જ રાખે જાય છે. આટલી મોટી ઉંમરે પણ તેઓ બાળકના રમતિયાળ સ્વભાવને કઈ રમતો ગમશે તે જાણી જાય છે, અને એથી બાળકોને ગમતી નવી નવી રમતો પણ તેઓ યોજી કાઢે છે. $(ક + ખ + ગ)^3$ સરખા ત્રિપદી પદનો ઘાત કરવાનો દાખલો તેમણે જે કલ્પના પૂર્વક રમકડાં જેવાં સાધનોમાં ઉતારી છેક ૩—૪ વર્ષનાં બાળકો પણ સમજી શકે તેટલી સહેલાઇથી અને હિંમતભેર રજૂ કર્યો છે તે જોઈ આપણે અવશ્ય આશ્ચર્ય મુગ્ધ થઈ જઇએ. જે વિષયો આપણે મોટેરાં પણ હાથ ધરતાં અચકાઇએ એવા વિષયો તેમણે સહજ રીતે બાળકો સમક્ષ ધર્યા છે અને બાળકોએ એટલી જ સ્વાભાવિકતાથી ગ્રહણ પણ કરી લીધા છે.

ડૉ. મૉન્ટેસોરી વિષે આપણે સંપૂર્ણ માન અને આદરબુદ્ધિ સેવીએ છીએ. પણ એટલું જ માન અને આદરબુદ્ધિ તેમના ભત્રિજા મારીઓ મૉન્ટેસોરી વિષે પણ આપણને થયા વિના નહિ રહે. છેલ્લાં ત્રીસ વર્ષોથી તેઓ ડૉક્ટર મૉન્ટેસોરી સાથે જ રહે છે; તેમણે પોતાનું જીવન મૅડમના

કાર્ય પાછળ અર્પણ કર્યું છે, અને અવિશ્રાંત પ્રયત્નોથી મૅડમના કાર્યને આગળ ધપાવી રહ્યા છે. પરંતુ આ બધું કરવા છતાં તેઓ પોતાની જાતને હમેશાં પડદા પાછળ જ રાખ્યા કરે છે એ જાણીએ ત્યારે એ માન અને આદર અનેક ગણાં વધી જાય છે. મિ. મારીઓ માન્ટેસોરી પણ જબરા ગણિતશાસ્ત્રી છે એમ મૅડમ પોતે જ જાહેર કરે છે. એમણે અનેક શોધો કરી છે, છતાં એ બધાનું શ્રેય તેમણે જાતે કદી પણ લીધું નથી. પાયથેગોરાસનો સિદ્ધાંત ચોરસ માટે બરાબર છે એ અમે જાણતાં હતાં. પણ એક દફાડો તેમણે જાહેર કર્યું કે હરકોઈ આકૃતિ માટે પણ તે એટલો જ સાચો છે. આ બાબત તેમણે બાળકોનાં સાધનો દ્વારા સિદ્ધ કરી બતાવી ત્યારે અમને પણ નવાઈ થયેલી. 'આ શોધ કોણે કરી?' એમ પૂછતાં તેમણે જે જવાબ આપ્યો તે કદી ભૂલી ન શકાય તેવો છે. મિ. મારીઓએ કહ્યું હતું: "That is immaterial even children can find it out." (એમાં એવું ભારે શું છે? નાનાં બાળકો પણ રમતાં રમતાં આવી અનેક શોધો કરી આપે છે.".)

ઉક્ત દાખલામાં તેઓ કેટલા નિરાભિમાનવૃત્તિના છે તે ચોખ્ખું દેખાઈ આવે છે. બહારથી જોનારને તેઓ ઉપરછલ્લા, છોકરવાદી અને રમતિયાળ દેખાય છે. પરંતુ બરોબર પરિચય થાય ત્યારે જ તેમનું વિશાળ તથા ઊંડું જ્ઞાન, જીવન અંગે ઉંચું તત્ત્વજ્ઞાન અને આશ્ચર્યજનક કર્મવીરતાનો ખ્યાલ આવી શકે છે.

અનેક વેળા દુર્ભાગી દેખાતા બનાવો સુખદાયી બની જાય છે. આ એ પરદેશી ઇટાલિયન વ્યક્તિઓને સરકારે આપણા દેશમાં કેદ પકડી રાખી છે; એક રીતે દુઃખદાયી ઘટનામાંથી પણ હિંદને તો લાભ જ મળ્યો છે. દેશમાં આજે રાષ્ટ્રને પોષક થાય તેવી કેળવણી વિષયક યોજનાઓ ઘડાય છે અને એના પ્રયોગો પણ ચાલી રહ્યા છે. આ પ્રયત્નોને કાજે મૅડમ મૉન્ટેસોરી જેવાં દુનિયાભરમાં અજોડ કેળવણી-શાસ્ત્રી આપણે ત્યાં અટકાયતમાં હોય અને તેમનાં હિતમાં પણ આપણા ભારતદેશ વિષે પ્રેમ ઊપજે તથા પોતાનું શેષ આયુષ્ય અહીંના બાળકોની કેળવણી અર્થે ગાળવાની ઇચ્છા તેમના હૃદયમાં જાગે એ આપણા દેશનું મોટું સદ્‌ભાગ્ય ગણાય. આમ વર્ગની ગરીબાઇનો તેમને પૂરો ખ્યાલ છે. સ્લમ્સ (શહેરના ગરીબ વસતાંઓ) નો તેમને જાતે જોયાનો અનુભવ છે. ગુલામીમાં અને પછાત પડેલ દેશની સ્થિતિ શી હોય તેનો તેમને અચ્છો ખ્યાલ છે, કેમકે એમની માતૃભૂમિ ઇટાલીએ પણ આપણા જેવી જ દશા જોઇ છે અને એવી અવસ્થામાં ગરીબ અસહાય મજૂર વર્ગનાં બાળકોની કેળવણીનું કાર્ય તેમણે કર્યું છે. એમની શોધો અને પ્રતિભા શક્તિનો લાભ આપણા દેશે અવશ્ય લેવો જોઇએ. ગરીબીમાં પીસાતો ખેડૂત હો, શ્રમથી નીચોવાઇ રહેલ મજૂર હો કે અજ્ઞાન દશામાં સબડતો જંગલી કોઇ કુબળો કે ભીલ હો, હિંદને ખૂણે ખૂણે અને ઘેર ઘેર મૅડમ મૉન્ટીસોરીની જ્ઞાનજ્યોત પ્રગટી શકાશે. જેમને મૅડમ મૉન્ટીસોરીની બાલ-શિક્ષણની યોજના માન્ય હોય અને જેમના હિતમાં દેશદાઝ હોય એવા અભ્યાસી અને કાર્યકુશળ લોકોનું એક જૂથ જામે અને તેઓ આ કાર્ય ઉપાડી લે. બધું બની શકે તેવું છે. નૂતન બાલશિક્ષણ સંઘે આજે આ કામ ઉપાડયું છે અને એને જ ઉત્સાહપૂર્વક વળગી રહી આગળ ધપાવવાની આવશ્યકતા છે. ઇચ્છીએ કે સંઘના બધા ઉત્સાહી કાર્ય કર્તાઓમાં એ ચેતના જાગે અને બાલશિક્ષણના પવિત્ર કાર્ય માટે તેઓ તનમનથી કામે લાગી જાય.

—તા.

---

નૂતન બાલશિક્ષણસંઘ માટે રા. પુ. આત્રિએ એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૨-૪-૪૪.

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

માણસ હરકોઈ કાર્યમાં ત્યારે જ તલ્લીન બને છે જ્યારે તેને તેના વિષે શ્રદ્ધા અથવા મમતા જાગે છે, જ્યારે તેને તેની ઉપયોગિતા અથવા જરૂરિયાતની ખાતરી થાય છે, જ્યારે તેને તેમાંથી કશોક લાભ મળવાની આશા હોય છે. બાળકો પાસેથી કામ લેવામાં શિક્ષકોએ આટલી સાદી વાત ધ્યાનમાં રાખી લઈને ભય ને બદલે અન્ય ઉપાયોનું અવલંબન કરવું જોઈએ.

—ના. સ. પટવર્ધન

વર્ષ ૧૯ | :: કાર્યાલય :: | અંક ૩
૨૦૦૦ | રાવપુરા : વડોદરા | વૈશાખ

# સ્વ. ગિજુભાઈ-સપ્તાહ

તા. ૨૩ મી જૂને પૂ. ગિજુભાઇની પાંચમી પુણ્યતિથિ આવે છે. પૂ. ગિજુભાઇ પ્રત્યે ભાવ રાખવાવાળાં ભાઇબેનો દર વર્ષે પોતાની સંસ્થામાં અથવા ગામમાં એકાદ સભા ગોઠવીને કે સંસ્થામાં થોડો વિશિષ્ટ કાર્યક્રમ યોજીને પુણ્યતિથિ ઊજવે છે. પણ પૂ. ગિજુભાઇએ જેટલું કામ કર્યું છે તે પ્રમાણમાં તેમની યાદગીરી ગુજરાત–કાઠિયાવાડે કે હિંદે રાખી છે એમ કહી ન શકાય. તેનું કારણ તો આપણી જ શિથિલતા છે. પાછળ રહેનારાંઓ જેટલું કરે તેટલું થાય; જો તેઓ શિથિલ બને તો કાર્ય કરીને જનારાં જતાં રહે, ને તેમનું કાર્ય પણ ભુલાઇ જાય. પૂ. ગિજુભાઇની બાબતમાં એમ ન થાય તે સારુ આપણે અત્યારે જ જાગૃત થઇ કાંઇક યોજના કરવી જોઇએ.

તેમના નામે સ્મારકમાળા કાઢીએ એટલે તેમના નામનું કાયમી સંભારણું રહે ખરું. પણ પૂ. ગિજુભાઇની બાબતમાં તેમના નામ કરતાં યે તેમનું કામ ટકી રહે તે વધારે જરૂરનું છે.

આથી જ્યારે વર્ષમાં એક વાર તેમની પુણ્યતિથિ ઊજવીએ ત્યારે પણ જો તેમના કામનું મહત્ત્વ આપણે મનમાં વિચારીએ અને જનતા આગળ સચોટ રીતે મૂકીએ તોપણ કામ ટકાવવા આપણે થોડું પણ કર્યું કહેવાશે. આ જ વિચારથી આપણે તેમની પુણ્યતિથિ વખતે ઓછામાં ઓછું કેટલું કરવું જોઇએ તેની યોજના વિચારીએ. આથી વિશેષ જેનાથી જેટલું થઇ શકે તેટલું અવશ્ય તેણે કરવું. પણ અનેક કારણોને લીધે વધારે ન બને તોપણ ઓછામાં ઓછું આટલું તો આપણે કરી જ છૂટીએ.

## ગિજુભાઈ સપ્તાહ

આપણે પૂ. ગિજુભાઇની પુણ્યતિથિ માત્ર એક દિવસને માટે નહિ પણ હમેશાં એક સપ્તાહ તરીકે ઊજવીએ. આ વર્ષે તા. ૨૩ જૂનથી તા. ૩૦ જૂન સુધી આ સપ્તાહ રાખવો. સપ્તાહના કાર્યક્રમમાં બે વિભાગ હોય: (૧) વ્યક્તિગત અને (૨) સમૂહગત.

**વ્યક્તિગત કાર્યક્રમમાં** 'શિક્ષણપત્રિકા'નો પ્રચાર રાખી શકાય.

ગિજુભાઇને તથા તેમના કામને ચાહનારાં ઘણાં કદાચ કોઇ જગ્યાએ એકલદોકલ પડ્યાં હશે. ઘણાં પરપ્રાંતમાં અથવા પરદેશમાં હશે. તેમનાથી જાહેર વ્યાખ્યાનો વગેરે જેવો કાર્યક્રમ થઇ શકશે નહિ. તોપણ પોતાના ગામમાં હિંદી, ગુજરાતી કે મરાઠી જાણનારાં બીજાં કુટુંબો તો હશે જ. તેમને ત્યાં 'શિક્ષણપત્રિકા' લઇ જઇ વાંચી બતાવવી, 'પત્રિકા'નું કાર્ય સમજાવવું અને 'પત્રિકા'ના ગ્રાહકો બનાવવા એટલું કામ તો તેઓ અવશ્ય કરી શકશે.

જે લોકો ગુજરાત-કાઠિયાવાડ-કચ્છમાં જ હોય તેમને તો 'પત્રિકા'નો પ્રચાર કરવામાં કશી મુશ્કેલી નડશે જ નહિ. તેઓ ઓછામાં ઓછો રોજનો એક ગ્રાહક સંધનો એક નવો સભ્ય તો સહેલાઇથી કરી શકે. ઘણાંઓ રોજના એકને બદલે ઘણા વધારે ગ્રાહકો પણ કરી શકશે. તેઓએ રોજના એકના જ પ્રમાણથી અટકવું ન જોઇએ

'પત્રિકા'ના ગ્રાહક કરવા પૂ. ગિજુભાઇના જૂના શિષ્યોને મારે આગ્રહપૂર્વક કહેવાની જરૂર જ રહેતી નથી. પૂ. ગિજુભાઇના જ શબ્દો "જાઓ, પચીસ ગ્રાહકો કરી લાવો." તેમના કાનમાં આજે પણ સંભળાયા જ કરતા હશે.

મુંબઇના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ

તથા વિદ્યાર્થિનીઓ જેઓ નવાં છે તેમને ખાસ આગ્રહપૂર્વક સંભારી આપવું જોઈએ કે દર વર્ષે પહેલે જ દિવસે તેમને પૂ ગિજુભાઇનું જીવનકાર્ય સમજાવી દેવામાં આવે છે. તે યાદ આણી તેઓ પણ કાર્યમાં જોડાય. તેઓ નવાં છે, જુવાન છે, એટલે નવજુવાનના ઉત્સાહથી આ કાર્યને વેગ આપે.

ખાદીસપ્તાહમાં જેમ ખાદીની હુંડીઓ અથવા ખાદી વેચવા સૌ દેશપ્રેમી ભાઇબેનો નીકળી પડે છે, તે દિવસે ખાદી વેચવા જવામાં કોઈ શરમ ગણતું નથી કે આળસ કરતું નથી, અને ન હોય તોપણ ગમે ત્યાંથી થોડોક સમય ફાજલ પાડે જ છે, તેજ રીતે આ ગિજુભાઇ સપ્તાહમાં સૌ બાળપ્રેમી ભાઇબેનો–ગિજુભાઇના મિત્રો, શિષ્યો તે 'પત્રિકા'નાં વાચનારાં–સૌ કોઈ પોતાના ઓળખીતાઓને ત્યાં 'પત્રિકા' પહોંચાડવા નીકળી જ પડે.

સૌ યાદ રાખે કે ગિજુભાઇનું કાર્ય ટકાવવું એટલે 'શિક્ષણ–પત્રિકા' ટકાવવી અને આગળ ધપાવવી.

**સપ્તાહગત કાર્યક્રમમાં** વ્યાખ્યાનો, વાચન, બાલદિન, વગેરે જાતના જાહેર કાર્યક્રમો યોજી શકાય.

સપ્તાહમાં એક દિવસ તો ખાસ બાળકોનો દિવસ તરીકે રાખવો જ. બાળકોને વાર્તા કહેવી, ગીતો સંભળાવવાં, નાટકો કરી બતાવવાં, સરઘસ કાઢવાં, રમતગમતો રાખવી અથવા પ્રવાસે લઇ જવાં. જે જગ્યાએ જે જાતનો કાર્યક્રમ શક્ય હોય તે સંચાલકોને ફાવે, તે જાતનો કાર્યક્રમ રાખી શકાય. પૂ. ગિજુભાઇ કોણ હતા તેમનો પરિચય કરાવવાનો મુખ્ય હેતુ સરે એ રીતે કાર્યક્રમ યોજી શકાય.

એક દિવસ માબાપોને માટે, એક દિવસ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, એક દિવસ બાલમંદિરો માટે, એક દિવસ બાલસાહિત્ય માટે એમ રાખી શકાય; સાતે દિવસ ગામમાં જુદા જુદા લત્તાઓમાં વ્યાખ્યાનો રાખી શકાય અથવા ગામ નાનું હોય ત્યાં એક જ જગ્યાએ વ્યાખ્યાનો, પ્રવચનો વગેરે ગોઠવી શકાય. પૂ. ગિજુભાઇના સાહિત્યનો અભ્યાસ કરી કોઇ ભાષણો કરનારા મળે તો તેમ કરવું, નહિ તો તેમનાં પુસ્તકોમાંથી વાંચન કરવું.

એકંદરે સ્વર્ગસ્થની પુણ્યતિથિ એવી રીતે ઉજવાય કે જેથી તેમના કાર્યને આગળ ધપાવવામાં આપણાથી થોડીઘણી પણ મદદ થાય. માત્ર તેમનાં યશોગાન કરનારાં ભાષણો કરીને અથવા તો તેમના અવસાન માટે શોક દર્શાવીને તેમની પુણ્યતિથિ ઊજવી ન જ ગણાય. તેઓ કર્મવીર હતા. શોકબંધ કામ કરવું, રાતદિવસ જાગીને-દોડીદોડીને કામ કરવું, એ તેમનો સ્વભાવ હતો. તેઓ હતા ત્યારે પોતે સૌની પાસેથી પોતાની જેમ કંઇક કામ જ કરાવતા; તેમ જ આજે પણ આપણી પાસેથી તેવો કંઇક કામ કરવાની જ આશા રાખવાના.

પૂ. ગિજુભાઇની પ્રત્યે તેમ જ તેમના કાર્ય પ્રત્યેનો આપણો સાચો પ્રેમ અને આદર, આપણી ધગશ અને ભાવ બતાવવાની આ ઉત્તમ રીત છે.

સૌ બાલશિક્ષણપ્રેમીઓ, બાલજીવનનો અસ્ખલિત વિકાસ જોવા તલસેનારાંઓ, બાલજીવનને અજ્ઞાનબંધનમાંથી છોડાવવાની આકાંક્ષા ધરાવનારાંઓ, પૂ ગિજુભાઇને પરમપ્રિય ગુરુસ્થાને માની તેમને ચરણે જીવન સમર્પવા ઇચ્છનારાં તેમનાં શિષ્ય–શિષ્યાઓ, સૌ પૂ.

ગિન્નુભાઇની પુણ્યતિથિ યોગ્ય રીતે ઊજવવાનો ચીલો પાડવા આગળ આવે. આખા વર્ષમાં આપણાથી તેમના કાર્યના પ્રચાર માટે કાંઇ ન બની શકે તો એક સપ્તાહ તો આપણે ફાજલ પાડીએ જ અને તે ઉત્તમ રીતે પાર પાડીએ.

ઘણાંઓ નવ દિવસ નવરાત્રિ ઉત્સવ કરતાં હશે; ઘણાંઓ દસ દિવસ સુધી ગણપતિઉત્સવમાં ભાગ લેતાં હશે; ઘણાંઓ આદીસપ્તાહ, અખંડ રેંટિયા વગેરે અનેક જાતના ઉત્સવોમાં હોંશથી ને ઉત્સાહથી ભાગ લેતાં હશે; તે સૌ આ ગિન્નુભાઇ-સપ્તાહ પણ એ જ ધગશ ને એ જ જોશથી ઊજવશે એવી આશા છે.

દરેક ભાઇબહેન પોતાના ગામમાં કઇ જાતનો કાર્યક્રમ રાખવા ધારે છે તે આજથી શિક્ષણપત્રિકા કાર્યાલય, રાવપુરા, વડોદરા, એ શરનામે જણાવશે તો 'શિક્ષણપત્રિકા'માં તેની નોંધ લેવાશે; સપ્તાહ ઊજવાયા પછી જણાવશે તોપણ તેની નોંધ તે પછીના અંકમાં આવશે જ.

સ્વર્ગસ્થની પુણ્યતિથિ તેમના જીવનકાર્યને વેગ મળે એ રીતે ઉત્સાહથી પાર પાડીએ, એ જ એમનું સાચું સ્મરણ છે.

તારાબેન મોડક

---

# નૂતન બાલશિક્ષણ સંઘનો અહેવાલ

## જુલાઇ ૧૯૩૭ થી ડિસેમ્બર ૧૯૪૩ આખર સુધીનો

### ઇતિહાસ ૧૯૩૯ સુધી

૧૯૩૯ ના જૂન સુધી આ સંઘનું કામકાજ, નાણાની વ્યવસ્થા, વગેરે બધું જ સ્વ. પૂ. ગિન્નુભાઇના હસ્તક ચાલતું હતું. આ સંઘ સ્થાપવાની મૂળ કલ્પના પણ તેમની જ હતી. તેનું સુકાન તેમના હાથમાં જ હતું ને તેમણે જ સંઘનું કામ ૧૪ વર્ષ સુધી જોશભેર ખીલવ્યું.

તે વખતે સંઘને નામે તો માત્ર 'શિક્ષણ પત્રિકા' ચલાવવાનું કામ થતું. તેમના વખતમાં જ ગુજરાતી, મરાઠી અને હિંદી એ ત્રણે ભાષામાં શિક્ષણ પત્રિકા નીકળતી, પણ તેની વ્યવસ્થા અલગ અલગ ચાલતી. તે વખતે મરાઠી પત્રિકા દાદરથી, હિંદી પત્રિકા ઇંદોરથી ને ગુજરાતી ભાવનગરથી નીકળતી હતી. ત્રણેના તંત્રી તરીકે પૂ. ગિન્નુભાઇ અને શ્રી તારાબેનનાં નામો હતાં, પણ પૂ. ગિન્નુભાઇ ગુજરાતી પત્રિકા માટે લખતા, શ્રી. તારાબેન મરાઠી માટે લખતાં ને હિંદીમાં ભાષાંતરો આવતાં તે કામ શ્રી કાશીનાથજી ત્રિવેદી કરતા. આ સિવાય બાલઅધ્યાપનમંદિર પહેલાં શ્રી-દક્ષિણામૂર્તિ તરફથી ચાલતું અને છેલ્લે રાજકોટમાં સ્વતંત્ર રીતે પૂ. ગિન્નુભાઇએ ચલાવ્યું હતું. સંઘનુ પ્રચારકાર્ય મુખ્યતઃ આ અધ્યાપનમંદિરો મારફત થયું કારણ એટલા વિદ્યાર્થીઓ જુદે જુદે સ્થળે જઇને સંઘના કાર્ય વિષે વાતો કરતા, બાલમંદિરો સ્થાપતા અને પત્રિકાનો પ્રસાર કરતા. પૂ. ગિન્નુભાઇ છેલ્લે છેલ્લે પોતે પણ અનેક સ્થળે જતા. તેમણે જુદે જુદે સ્થળે ટૂંકા કોર્સ આપવાની પણ શરૂઆત કરી હતી. આ રીતે તેમના વખતમાં સંઘનું કાર્ય ઘણું જ પ્રચાર પામેલું હતું. અર્થાત્ તેની પાછળ પૂ. ગિન્નુભાઇનું જવલંત વ્યક્તિત્વ હતું.

૧૯૩૯ ના જૂનમાં આપણા દુર્ભાગ્યે

તેમનું અવસાન થયું ને સંઘની વ્યવસ્થા અમારે શિરે આવી પડી. તેનો ટૂંકો અહેવાલ આજે સંઘના સભ્યો આગળ હું રજૂ કરું છું.

૧૯૨૫ ની સાલમાં ભાવનગરમાં પ્રથમ સંમેલન બોલાવવામાં આવ્યું હતું; એ સંમેલનમાં જ્યારે સંઘની સ્થાપના થઇ ત્યારે સંઘના પ્રમુખ તરીકે શ્રી. સરલાદેવી સારાભાઇ, ઉપપ્રમુખ શ્રી. નાનાભાઇ ભટ્ટ અને મંત્રીઓ તરીકે પૂ. ગિજુભાઇ અને શ્રી. તારાબેન એમ ચાર જણાં ચૂંટવામાં આવ્યાં હતાં ને બધો કારોબાર તેમના હાથમાં સોંપવામાં આવ્યો હતો. પરંતુ ઉપર કહ્યું તેમ પૂ. ગિજુભાઇ જ બધી વ્યવસ્થા જોતા હતા. તેમના અવસાન પછી બાકીનાં ત્રણ જણાંને બધી વ્યવસ્થા હાથમાં લેવી પડી.

### નવું બંધારણ

૧૯૪૦ ના ફેબ્રુવારીમાં અમદાવાદમાં અમે ત્રણ જણાં મળ્યાં ને શ્રી. સરોજબેન બોધને સંયુક્ત મંત્રી તરીકે અને શેઠ શ્રી રામજીભાઇ હંસરાજને બિનચી તરીકે વ્યવસ્થાપક મંડળમાં લીધા. વર્ષ પછી શ્રી રામજી ભાઇએ વખત ન હોવાથી રાજીનામું આપ્યું ને તેમની જગ્યાએ વ્યવસ્થાપક મંડળે શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરીને બિનચી તરીકે લીધા.

આ રીતે સ્થાપિત થયેલા વ્યવસ્થાપક મંડળે બધું કામકાજ કર્યું છે. તેની બેઠકો મોટે ભાગે અમદાવાદમાં શ્રી. સરલાદેવીને બંગલે મળતી.

આ વ્યવસ્થાપક મંડળે પહેલું કામ સંઘનું બંધારણ ઘડી તેની રૂએ કામ ચલાવવાનું નક્કી કર્યું. આ પહેલાં સંઘના આજીવનસભ્યો હતા; રૂપિયો એક ભરે ને 'શિક્ષણ-પત્રિકા'ના ગ્રાહક થાય તે જ સંઘના સભ્ય ગણાય એમ તે વખતે હતું. પણ શ્રી. પકવાસાહેબની સલાહ લેતાં જણાયું કે આ બધા ગ્રાહકો ગણાશે, સંઘના સભ્યો ગણાશે નહિ. એટલે સંઘના બંધારણમાં આજીવનસભ્ય ઉપરાંત સામાન્ય, સહાયક, સક્રિય તથા પ્રતિનિધિ સભ્યો રાખવામાં આવ્યા. સંઘના કાર્ય વિષે સહાનુભૂતિ હોય ને દરવર્ષે જે રૂ. ૧॥ (મરાઠી પત્રિકામાં બાલવિભાગ હોઇ તેનું લવાજમ આઠ આના વધારે છે, તેથી સંઘના સભ્ય સહિત તેનું લવાજમ રૂ. ૨] છે.) ભરે તે સામાન્ય સભ્ય થાય.

સંઘના કાર્યમાં સહાનુભૂતિ ધરાવતાં ને મદદ કરવા ઇચ્છતાં ભાઇબહેન રૂપિયા ત્રણ (હવે રૂ. ૫) ભરે તે સહાયક સભ્ય થાય.

જે લોકો પોતે બાલશિક્ષણની પ્રવૃત્તિમાં કામ કરનારાં છે તે રૂપિયા ત્રણ ભરીને સક્રિય સભ્ય થાય.

જે સંસ્થાઓ સંઘનો સિદ્ધાંતોને અનુસરી કામ કરતી હોય અને સંઘના માર્ગદર્શનની જેને ઇચ્છા હોય તેવી સંસ્થાઓ રૂપિયા ૭ વાર્ષિક લવાજમ ભરી સંઘ સાથે જોડાઇ શકે ને પોતાનો એક પ્રતિનિધિ સભ્ય સંઘમાં મોકલે.

આ સિવાય એકીસાથે રૂ. ૫૦] અથવા વધારે રકમ આપે તે સંઘના આજીવનસભ્ય થઇ શકે છે. પહેલી ચૂંટણીમાં આજીવન વર્ગ તરફથી બે, સહાયક વર્ગ તરફથી બે, સક્રિય અને પ્રતિનિધિ વર્ગ તરફથી ૯ એમ કુલ ૧૩ સભ્યો કાર્યકર્તામંડળમાં ચૂંટાઇને આવ્યા હતા. કાર્યકર્તામંડળમાંથી બે સભ્યો વ્યવસ્થાપક મંડળ પર આવ્યા હતા. આમ નીચે પ્રમાણેનું સાત સભ્યોનું વ્યવસ્થાપક મંડળ બન્યું હતું:—

શ્રી. સરલાદેવી સારાભાઇ, પ્રમુખ
,, નાનાભાઇ ભટ્ટ, ઉપપ્રમુખ

શ્રી, ચંદુલાલ મોહનલાલ ઝવેરી, ખજાનચી
,, તારાબેન મોડક } સંયુક્ત મંત્રીઓ
,, સરોજબેન ચોધ }
,, વજુભાઇ દવે } કાર્યકર્તા મંડળે
,, નરેંદ્ર બધેકા } મોકલેલા સભ્યો

આ વ્યવસ્થાપક મંડળે ગયાં ત્રણ વર્ષ સુધી કામ જોયું છે. હવે એપ્રીલ માસમાં નવી ચૂંટણી થઇ છે અને નવું વ્યવસ્થાપક મંડળ આવ્યું છે.

વ્યવસ્થાપક મંડળે પહેલું કામ બંધારણ ઘડવાનું ને તેની રૂએ કામ ચલાવવાનું કર્યું. તેથી જે અનેક લોકો સંઘના કાર્યમાં રસ ધરાવતા હતા અને પ્રત્યક્ષ કાર્ય પણ કરતા હતા તે બધાને સંઘના કામમાં સીધો ભાગ લેવાની તક મળી, અને એક, બે કે ચાર જણાંએ જ તંત્ર ચલાવવાની પ્રથા બદલીને આખા સંઘને એક કાર્યક્ષમ સંસ્થા બનાવવાનો પ્રયત્ન અમે કર્યો છે. માણસો તો આવે ને જાય પણ સંસ્થા ને તેનું કાર્ય અબાધિત ચાલ્યા કરે એ ભાવનાથી બંધારણ ઘડી તેને અનુસરીને કામ ચલાવવાની પ્રથા પાડી. આ બંધારણ ઘડવામાં અમને શ્રી. મંગળદાસ-ભાઇ પકવાસાએ ઘણી જ કિંમતી મદદ કરી છે. તે ઉપરાંત જ્યોતિસંઘના શ્રી. ઉત્સવભાઇ પરીખે પાછળથી મદદ કરી છે. આ વર્ષે અમને જૂના બંધારણમાં કેટલાએક ફેરફારો કરવાનું જરૂરનું લાગ્યું. જે ઘડવામાં શ્રી પ્ર. પટ્વારીએ પુષ્કળ જ મદદ કરી. તે ઉપરાંત શ્રી ઢેબરભાઇએ રાજકોટ જેલમાં છતાં કેટલીએક કિંમતી સૂચનાઓ મોકલી હતી. આ ચારેના અમે ઋણી છીએ.

### ડૉ. મૅડમ મોન્ટેસોરીને માનપત્ર

વ્યવસ્થાપક મંડળે સંઘની વ્યવસ્થા હાથમાં લીધી તે જ વર્ષે મૅડમ મોન્ટેસોરી હિંદમાં આવ્યાં, તેથી સંઘે પહેલું જાહેર કામ ૧૯૪૦ના માર્ચમાં તેમને માનપત્ર આપવાનું કર્યું. અમદાવાદમાં તેમને આમન્ત્રણ આપવામાં આવ્યું હતું. તે પ્રસંગે ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છથી અનેક પ્રતિનિધિઓ આવ્યા હતા. તે એક જાતનું સંઘીઓનું સંમેલન જ થયું હતું. મૅડમ મોન્ટે-સોરીને માનપત્ર આપવાનો સમારંભ બહુ જ સુંદર રીતે પાર પડયો હતો. ડૉ. મોન્ટેસોરીએ બે જાહેર વ્યાખ્યાનો અને એક સ્ત્રીઓ માટે વ્યાખ્યાન આપ્યું હતું. તે ઉપરાંત સાબરમતીમાં બાલમંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. મિ.મોન્ટેસોરી સાથે એક પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ સંતોષકારક રીતે થયો હતો. તે ઉપરાંત અમદાવાદનાં તમામ બાલમંદિરોનો એક બાલવિહારનો કાર્યક્રમ બહુ જ સરસ રીતે થયો હતો. આ વખતે બાળ-કોના કામનું એક સુંદર પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. આ આખા પ્રસંગની વ્યવસ્થા અમદાવાદના કાર્યકર્તાઓએ લીધી હતી. તેનો ઘણો મોટો ભાગ શ્રી સરલાદેવી સારાભાઇએ ઉપાડયો હતો. ખર્ચમાં પણ તેમણે રૂ. ૧૫૦૦, જેટલો ફાળો આપ્યો હતો. સંઘે આ સમારંભ અંગે રૂા. ૫૦૦, સુધી ખર્ચવાની મંજૂરી આપી હતી; પરંતુ પ્રદર્શન અને વ્યાખ્યાનોની ટિકીટોમાંથી રૂ ૩૯૩-૬-૬ની રકમ ઉપજી હતી જ્યારે સંઘે રૂ. ૧૦૬-૯-૬ નો ચોખ્ખો ખર્ચ ભોગવ્યો હતો. તે ઉપરાંતનો બધો ખર્ચ પ્રમુખશ્રીએ અંગત રીતે ઉપાડયો હતો.

### સંમેલન

સંઘ તરફથી બધા સંઘીઓને એકત્રિત કરવાની દૃષ્ટિએ ભાવનગરમાં ૧૯૪૦ ના ઑકટોબરમાં એક સંમેલન બોલાવવામાં આવ્યું હતું, અને આ રીતે પૂ. ગિજુભાઇની કાર્ય-

ભૂમિમાં ભેગા મળી તેમનું કાર્ય જોશથી ઉપાડવાની ભાવના સૌએ બતાવી હતી. સંમેલનની તમામ વ્યવસ્થા શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થા તરફથી કરવામાં આવી હતી ને ભોજનખર્ચ મુ. નાનાભાઇ અને શ્રી. માણેકલાલ પંડ્યા તરફથી કરવામાં આવ્યો હતો. સંમેલનનું પ્રમુખસ્થાન શ્રી. સરલાદેવી સારાભાઇએ લીધું હતું. આ સંમેલનમાં બેત્રણ મહત્ત્વની બાબતો નક્કી થઇ. એક તો બંધારણના કાચા ખરડા ઉપર અવિધિસરની ચર્ચા થઇ .યોગ્ય સુધારાવધારા સૂચવાયા જેને આગળ ઉપર બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

### બાલમંદિરોનું નિરીક્ષણ

બીજું જે અનેક બાલમંદિરો આજ સુધીમાં સ્થપાયાં હતાં તથા જે પૂ. ગિજુભાઇની સલાહ અને માર્ગદર્શનથી ચાલતાં હતાં તે બધાંને સંઘ સાથે જોડવાની યોજના નક્કી થઇ. સંઘ તરફથી જોડાયેલી શાળાઓનું વાર્ષિક નિરીક્ષણ કરવાનું રાખવામાં આવ્યું. આ રીતે સંઘ સાથે જોડાયેલી શાળાઓ હાલ ૩૩ છે. વ્યવસ્થાપક મંડળે આ શાળાઓના નિરીક્ષણનું કામ શ્રી. તારાબેન મોડકને સોંપ્યું છે. તેઓ દરવર્ષે પોતાની અને બાલશાળાઓની સવગડે નિરીક્ષણ કરે છે. શાળા તપાસવા જાય ત્યાં વાલીઓની અને જાહેર જનતાની એકાદ સભા પણ રાખવામાં આવે છે. આ ઉપરાંત શાળાના શિક્ષકો તથા સંચાલકો સાથે વાતચીત કરી યોગ્ય તે ફેરફાર કરવાની સૂચના અપાય છે. શાળાના શિક્ષકોને કોઇ વાર પ્રત્યક્ષપાઠ આપીને તો કોઇ વાર વાતચીતથી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે, ને જરૂરતમાં આ વિષે જાગૃતિ કરવામાં આવે છે. એકંદરે આ નિરીક્ષણની પ્રથા સંઘના કાર્યની દૃષ્ટિએ તેમ જ બાલમંદિરોના કામની દૃષ્ટિએ ઘણી લાભદાયક લાગી છે.

### બાલ ક્રીડાંગણના પ્રયોગો

ત્રીજું એક અત્યંત મહત્વનું કામ સંઘે તે વખતે હાથ ધર્યું તે ગ્રામ બાલક્રીડાંગણના પ્રયોગનું. સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇએ ત્રણ જુદે જુદે સ્થાને આનો પ્રયોગ કરવા માટે જેટલો ખર્ચ આવે તે ત્રણ વર્ષ માટે આપવાની પોતાની ઇચ્છા તે વખતે જાહેર કરી. એવો એક પ્રયોગ આંબલામાં શ્રી નાનાભાઇની દેખરેખ નીચે, બીજો વેડછીમાં શ્રી. જુગતરામભાઇ દવેની દેખરેખ નીચે અને ત્રીજો એક મુંબઇમાં શ્રી. તારાબેન મોડકની દેખરેખ નીચે થાય એમ તે વખતે નક્કી થયું. ત્રણ વર્ષને અંતે ત્રણેનો અનુભવ અને વિચાર એકત્રિત કરી તે પરથી એક ગ્રામ બાલક્રીડાંગણની યોજના ઘડવી ને તેનો અમલ કરવો એમ વિચારાયું હતું.

આ યોજના પ્રમાણે પ્રથમ આંબલામાં ક્રીડાંગણ શરૂ થયું. પણ અનેક કારણો અને મુશ્કેલીઓને લીધે ત્યાં આ યોજના ખીલવા પામી નહિ. ૧૯૪૨ના ઑગસ્ટથી તો શ્રી. નાનાભાઇ રાજકોટની જેલમાં છે, તેથી ત્યાંનો પ્રયોગ બંધ રાખવો પડ્યો છે. શ્રી. નાનાભાઇએ આ વિષય પર ઘણો વિચાર કર્યો હતો ને એક યોજના પણ ઘડી હતી.

તે પછી વેડછીમાં પ્રયોગ શરૂ કર્યો. ત્યાં ૭ મહિનામાં ઘણું જ સારાં પરિણામો દેખાયાં તેનો અહેવાલ ઘણો જ માર્ગદર્શક લાગ્યો હતો. પણ દેશની ૪૨ ની સાલની રાજકીય પરિસ્થિતિને લીધે તે પ્રયોગ પણ બંધ પડ્યો. વેડછી આશ્રમ

જ સરકારે જપ્તે કરી લીધો ને ત્યાંના ઘણા ખરા કાર્યકર્તાઓ પણ જેલમાં ગયા, તેથી આ શાળા પણ હાલ તુરત બંધ જ રહી.

મુંબઇમાં પ્રયોગની શરૂઆત થતાં જરા વાર લાગી. કારણ પ્રથમ યોગ્ય જગ્યા જ મળી નહિ. ૧૯૪૧ ના નવેમ્બર માસમાં દાદર બાજુમાં કામ શરૂ કર્યું હતું. તેને માટે પણ જગ્યા ન હતી. એક બંગલાના બગીચામાં ખુલ્લી હવામાં માંડવો નાખી કામ શરૂ કર્યું હતું, પણ ૧૯૪૨ ના માર્ચ-એપ્રિલમાં મુંબઇ છોડી લોકો ચાલ્યા જતા હતા તે વખતે આ પ્રયોગ પણ બંધ રાખવો પડ્યો હતો. ત્યાર પછી ભગિનીસમાજ સાથે પત્રવ્યવહાર કર્યો. તેમનું સેવામંદિર તેમણે આ પ્રયોગ માટે સંઘને આપવાનું નક્કી કર્યું. ૧૯૪૩ ના જાન્યુઆરીથી ત્યાં પ્રયોગ શરૂ થયો. એક વર્ષના પ્રમાણમાં ઘણાં જ સારાં પરિણામો મળ્યાં છે. તે અહીં મુંબઇમાં જ હોઇ આપ સૌ પુરસદે ત્યાં જઇ ત્યાંનું કામકાજ નજરે જોઇ શકશો. હજી એ વર્ષ સુધી ત્યાં જુદા જુદા પ્રયોગો કરી ત્રણ વર્ષને અંતે શિક્ષણ અને ખર્ચ વિષે ગામડાં તથા શહેરના ગરીબ વર્ગની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને અમને જે અનુભવો મળશે તે ઉપરથી એક ગ્રામ બાલક્રીડાંગણની યોજના બહાર પાડવામાં આવશે. અત્યાર સુધી આ પ્રયોગો માટે શ્રી સરલાદેવી તરફથી નીચે જણાવેલી રકમો આ અખતરા ઉપર ખર્ચવા સારુ મળી છે, તે માટે સંઘ તેમનો આભારી છે. તેમની આ માટેની ધગશને લીધે જ આ પ્રયોગ શક્ય બન્યો છે. તેમણે માત્ર દ્રવ્યથી જ સહાય કરી છે એમ નથી, પણ તેઓ વખતોવખત વિચારમાં પણ ફાળો આપે છે અને પ્રયોગમાં પોતે રસ લઇ વખતોવખત તે જોતાં રહે છે.

| | | |
|---|---|---|
| આંબલા બાલક્રીડાંગણ | રૂ. | ૨૫૦૦–૦–૦ |
| વેડછી બાલક્રીડાંગણ | રૂ. | ૨૨૦૦–૦–૦ |
| દાદર બાલક્રીડાંગણ | રૂ. | ૬૦૦–૦–૦ |
| સેવામંદિર, મુંબઇ | રૂ. | ૩૦૦–૦–૦ |
| કુલ | રૂ. | ૫૬૦૦–૦–૦ |

વેડછીમાં ગ્રામ–બાલમંદિરો માટે શિક્ષકો તૈયાર કરવા માટે એક ગ્રામ અધ્યાપનમંદિરની તેમ જ આગળ ઉપર ગામડાંમાં શિક્ષકે કેવી રીતે કામ કરવું વગેરે ગ્રામબાલમંદિરોની યોજના શ્રી. નાનાભાઇ ઘડતા હતા. પણ ઉપર કહ્યું તેમ રાજકીય પરિસ્થિતિને અંગે આ યોજના હાલ તુરત બાજુએ મૂકવી પડી છે. છતાં તે દિશાનું કામ તદ્દન છોડવું પડ્યું નથી, ને મુંબઇનો અખતરો સારી રીતે ચાલુ રહ્યો છે, તેથી અમને આનંદ થાય છે.

## સંઘની શાખાઓ

જે જે સ્થળોએ સંઘનું વિશેષ કામ થાય છે અને સભ્યો પણ ઘણા છે, ત્યાં સંઘની શાખાઓ પણ સ્થપાય છે. આ રીતે અમદાવાદ, મુંબઇ અને નાગપુરમાં સંઘની શાખાઓ છે, ને તે સ્થાનિક કામો સરસ ચલાવી રહી છે. અમદાવાદ શાખાએ ફરતા વાચનાલયની યોજના હાથ ધરી હતી.

મુંબઇ શાખાએ પ્રચારકાર્ય કર્યું હતું, તેમ જ ફેબ્રુઆરી ૧૯૪૩ માં નૂતન બાલશિક્ષકોનું એક સંમેલન મલાડમાં ઘણી જ યશસ્વી રીતે બોલાવ્યું હતું. સંમેલનમાં બાળકોને વિજ્ઞાનશિક્ષણ ને હસ્તવ્યવસાયનું શિક્ષણ કેવી રીતે આપવું એ વિષયો ચર્ચાયા હતા. અધિકારી વ્યક્તિઓએ એ વિષે ભાષણો આપી બાલ-

શિક્ષકોને માર્ગદર્શન કરાવ્યું હતું. સાથે સાથે વિષયોને અનુલક્ષીને એક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું અને કેટલાક પ્રાત્યક્ષિક પાઠો પણ રાખવામાં આવ્યા હતા. સંમેલનને આદર્શ દુગ્ધાલયે ઘણી જાતની સગવડ આપી હતી. મહાડ સંમેલન પ્રસંગે સંઘ સાથે જોડાયેલી શાળાઓના શિક્ષકો પાસેથી કશી પણ ફી લીધા સિવાય તેમના ભોજનની અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી; તે ઉપરાંતના બહારના મહેમાનો તરીકે જે ભાઈબહેનો આવ્યાં હતાં તેમની પાસેથી માત્ર રૂા. ૨) લેવામાં આવ્યો હતા. સંમેલન અંગેના પ્રદર્શનનો બધો ખર્ચ દાદરના શિશુવિહારે કર્યો હતો. સંમેલનનું કુલ ખર્ચ રૂા. ૪૭૫) જેટલું થયેલું અને તે મુંબઈના કાર્યકર્તાઓએ અંદર-અંદરથી મેળવી લીધું હતું.

નાગપુરમાં ત્યાંના મહિલામંડળે તરફથી એક બાલમંદિર સરસ રીતે ચલાવવામાં આવે છે. ત્યાંની શાખા પ્રચારનું કામ પણ કરે છે.

દરેક શાખાના કાર્યકર્તાઓ નીચે પ્રમાણે છે.

અમદાવાદ શાખા:—

મંત્રીઓ:— શ્રી. હરપ્રસાદ ભટ્ટ તથા
શ્રી. રેવાશંકર કા. મહેતા

મુંબઈ શાખા :—

પ્રમુખ:— શ્રી. તારાબેન પ્રેમચંદ
મંત્રીઓ:— શ્રી. બાબીબેન મૂળજી
શ્રી. તારાબેન ઝવેરી
શ્રી. પૂર્ણિમાબેન પકવાસા

નાગપુર શાખા :—

પ્રમુખ:— જસ્ટિસ શંકરરાવ નિયોગી
મંત્રી:—સૌ. વિમલાબાઈ દેશપાંડે, એમ.એ.

## શિક્ષણ પત્રિકા

આ સિવાય સંઘનું પહેલેથી ચાલતું ને પ્રચારની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું કામ તે શિક્ષણ પત્રિકાઓ ચલાવવાનું. હાલ તુરત આ ત્રણે પત્રિકાઓ વડોદરામાં છપાય છે અને પ્રસિદ્ધ થાય છે. તેની તમામ વ્યવસ્થા શ્રી. ગોપાળરાવ વિદ્વાંસને સોંપવામાં આવી છે. તંત્રી તરીકે શ્રી. તારાબેન મોડક કામ કરે છે. ગુજરાતીમાં ભાષાંતર કરવામાં શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ અને હિંદીમાં ભાષાંતર કરવામાં અત્યાર સુધી શ્રી. કાશીનાજી ત્રિવેદી (તેઓ હાલ જેલમાં છે. ), શ્રી. બંસીધરજી, પંચકુલા (પંજાબ) અને ભાઈશ્રી 'નૂતનજી' એ બધી મદદ કરી છે. હિંદી માટે કોઇ વાર રૂપિયા સો જેટલી રકમ અથવા પુસ્તકો, પેન વગેરે રૂપમાં થોડુંએક ઑનરેરિયમ અપાય છે. શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ તો એક સંધી તરીકે ભાષાંતર વગેરેનું કામ વિના વેતને જ કરે છે. પત્રિકાની તમામ વ્યવસ્થા શ્રી ગોપાળરાવ વિદ્વાંસને સોંપી છે તે માટે તેમને ખર્ચની નક્કી કરેલી રકમ આપવામાં આવે છે. ઓ ચાર વર્ષમાં મરાઠી અને હિંદીના ગ્રાહકો થોડાએક વધ્યા છે, પણ ગુજરાતીના ઘણા જ ઘટ્યા છે. તેનાં કારણો અનેક છે, જે આપણી સત્તાની બહારનાં છે. છતાં સંઘના પ્રચારકાર્ય કરનારા પ્રચારક અને બીજાઓની મહેનતથી ગ્રાહકોની સંખ્યા ૧૭૦૦-૧૮૦૦ જેટલી રહી છે. સ્વ. પૂજ્ય ગિજુભાઇનું અવસાન આ એક જ મુખ્ય દુ:ખદ કારણ આને માટે ગણાવી શકાય. એ ઉપરાંત યુદ્ધની પરિસ્થિતિ, દેશની રાજકીય પરિસ્થિતિ, વગેરે અનેક કારણોને લીધે પત્રિકા ખાતે આ ચાર વર્ષમાં ખોટ જ આવ્યા કરી છે.

તે ખોટ પૂરી પાડવા માટે અમારું વ્યવસ્થાપક મંડળ પ્રયત્ન કરે છે. લગભગ ૫૦૦૦) જેટલી ખોટ ગઇ છે તેમાંથી અત્યાર સુધી રૂ. ૯૦૦ + ૨૦૦) ભેગા થયા છે, ને બીજું નવું વ્યવસ્થાપક મંડળ ચૂંટાઇ આવે તે પહેલાં ખોટની રકમ મેળવી લેવાની આશા રાખીએ છીએ.

## સ્વ. ગિજુભાઇ સ્મારકનિધિ

સ્વ. ગિજુભાઇના અવસાન પછી તેમના મિત્ર બૅ. શ્રી પોપટલાલ ચુડગરના પ્રયત્નથી કેટલાએક મિત્રોની સહીથી સ્મારકનિધિ ભેગો કરવાનું નક્કી થયું. આ નિધિ ભેગો કરવાનું મુખ્ય કામ શ્રી ચુડગરે જ કરેલું છે. બૅ. ચુડગર અને શ્રી ઇંદુપ્રસાદ ભટ્ટ તેના મંત્રીઓ હતા. તેમણે રૂા. ૧૧૩૪૮) ભેગા કર્યા. તેનો બાળકોને માટે ઉપયોગી પુસ્તકો છપવાના કામમાં ઉપયોગ કરવો એ શરતે તે નિધિ નૂતન બા. શિ. સંઘને ૧૯૪૨ માં સોંપવામાં આવ્યો. હજી સુધી અમે તે વાપર્યો નથી; યોગ્ય ને ઉપયોગી યોજના ઘડીએ છીએ. બાલસાહિત્યને સ્વ. ગિજુભાઇએ પોતે જ વેગ આપ્યો હતો. હવે બાળકો માટે સારાં ચિત્રપુસ્તકોની ખોટ છે તે પૂરી પાડવા આ નિધિનો ઉપયોગ કરવો એવો વ્યવસ્થાપક મંડળે નિર્ણય કર્યો પણ યુદ્ધને અંગેની મોંઘવારી વગેરે કારણોને લીધે તે યોજના હજી હાથમાં લીધી નથી. ત્યાં સુધી આ નાણાં યોગ્ય સ્થળે સુરક્ષિત મૂકવામાં આવ્યાં છે. આ યોજના હાથ ધરાશે ત્યારે તેમાં ઉમેરો પણ કરવો પડશે. સ્વ. ગિજુભાઇ તરફ ભાવ રાખતાં ને તેમના કાર્યને આગળ ધપાવવાની ધગશ રાખતાં ઘણાં ભાઇબહેનોએ પોતાનો ફાળો હજી ભરવાનો બાકી છે. તેઓ વહેલી-તકે મંત્રી તરફ પોતાની રકમ મોકલશે એવી આશા છે.*

મંત્રીઓ
**નૂતન બાલ શિક્ષણસંઘ**

* તા. ૧૯-૪-૪૪ ના રોજ મળેલી સાધારણ સભામાં આ અહેવાલ વંચાયો હતો.

# શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર

એપ્રિલ ૧૯૪૪ માં લેવાયેલી પરીક્ષામાં નીચેનાં ભાઇબહેનો ઉત્તીર્ણ થયાં છે. ગુણાનુક્રમે તેમનાં નામો આપ્યાં છે. ઉત્તીર્ણ થનાર સહુ ભાઇબહેનોને અમારાં અભિનંદન છે. નૂતન બાલશિક્ષણના કાર્યમાં તેઓ પોતાની સર્વ શક્તિ આપે એમ આપણે ઇચ્છીએ.

૧ કુ. કમલિની વા. ધારપુરે.
૨ કુ. શાન્તા રા. દેશપાંડે
૩ સૌ. દેવીન્દ્રબાળા ચં. દેસાઇ.
૪ શ્રી. પુનમચંદ કૂ. શાહ.
૫ સૌ. ઇન્દુમતી દા. રાવ.
૬ સૌ. ચંદ્રલતા પ્રા. પટેલ.
૭ કુ. કમલ રા. અત્રે
૮ કુ. છબુ ગ. સેટલૂર.
૯ કુ. સુહાસિની મ. દરુ.
૧૦ સૌ. ઇન્દુ મ. પરણીકર.
૧૧ સૌ. સકીના ઇ. ગિલાણી.
૧૨ કુ. મંગલા ગ. હડિકર.
૧૩ સૌ. શાન્તાબેન અં. પારેખ.
૧૪ શ્રી. મોહનલાલ મ. ગાંધી.
૧૫ સૌ. મણિબેન બ. દેસાઇ.
૧૬ કુ. કલાવતી દેવકુળે.

**ગ્રેસ પાસ**

૧ કુ. કુમુદ શાં. માશેલકર.
૨ કુ. પ્રેમલા ગ. પ્રધાન.

તારાબેન મોડક.
મુખ્ય અધ્યાપિકા

# બાળકો વાંધો ઉઠાવે છે.

"બા! મને શા માટે મારે છે? દુધ તો કમળાબેને ઢોળ્યું છે; હું તો વાંચતો હતો. તું રોજ રોજ આવો અન્યાય ને પક્ષપાત કરે છે તે હવે અમે સહન નહિ કરીએ. મોટા લોકો નાનાઓ સાથે આમ કેમ કરતા હશે? અમે નાનાંઓને ઊઠવામાં જરા મોડું થાય તો તરત જ તું દૂધમાં ખાંડ નહિ આપું એમ કહેછે ને મોટાભાઇ, ભાભી, નાના મામા, મામી બધાં મોડે સુધી સુઇ રહે તોપણ કોઇ બોલતું નથી! તું તો વળી જઈને ચાની ફિટલી પણ મામાની પાસે પહોંચાડી આવેછે! અમને તો કોઇ—

"ને બા! નિશાળમાં મોડા થઇએ તો માસ્તર ડોળા કાઢે છે અથવા કોઇવાર સોટી પણ લગાવી દે છે. ને અમારા મોટા માસ્તર રોજ કલાક કલાક મોડા આવે તેને કોઇ કંઇ કેમ નહિ કહેતું હોય? સાંજે રમવા જઇએ ત્યારે મને ને નાની બેનને તું મેલાં અગર સાંધેલાં કપડાં પહેરીને જજો એમ કહી ધમકાવેછે, પણ બાપુજી કે મોટા ભાઇ બેડમિંટન રમવા તૈયાર થાય ત્યારે ધોયેલાં ઇસ્ત્રીબંદ કપડાં તેમને કાઢી આપે છે! અમને ઇસ્ત્રીનાં કપડાં નહિ ગમતા હોય? અમે પણ તું કહે તેવાં ચોખ્ખાં તે રાખીશું, જમણ વખતે અમે શેહું વધારે માગીએ તો મોટી બેન કે મામી ગુસ્સે થઇ બોલી ઊઠે છે, 'પછી થાળીમાં છોડી ઊઠશો તે કોણ ખાશે?' પણ હેં બા! હું કોઇ દિવસ કંઇ પડતું મુકું છું? ને બાપુજીને ને મામાને તો આગ્રહ કરી કરીને તું પીરસે છે, એનું શું? ભાગમાં પેંડો કે બરફી માગીએ ત્યારે કહે છેઃ 'બહુ ન ખવાય હોં બચુ! માંદા પડીએ.' પણ તું કહે જોઇએ, હું બે વરસમાં એકે વાર માંદો પડ્યો છું? ને ભાભીનું ને મામાનું તો રોજ ચાલ્યા જ કરે છે! મામી તો હમણાં ચોથી વાર માંદાં પડ્યાં હતાં. ને ભાભીનું આજે સવારથી માથું દુખે છે એમ તે હમણાં જ કહેતાં હતાં!

"હેં બા! મોટાંઓ આમ શા માટે કરતાં હશે? અમે નાની ટોળીએ તો કાલે સાંજે બાગમાં મળીને ઠરાવ કર્યો કે આ બધી ફરિયાદ બા પાસે લઇ જવી આપણો વાંધો બાં જો કબૂલ ન કરે ને વાત ઉડાવે તો પછી અમે અમારી આ ફરિયાદ ગાંધીજી પાસે લઇ જવાનાં છીએ! ગાંધીજી બહુ ભલા છે. બાળકો તેમને બહુ વહાલાં છે. અમારી ફરિયાદ તેઓ જરૂર જરૂર સાંભળશે.

"હેં બા! તે કરતાં તું જ અમારું બધું સરખું કરી દે તો?" —કોકિલા વળવાડે

---


સરકારમાન્ય

**શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર**

**નૂતન શિક્ષણપદ્ધતિએ શિક્ષકો તથા શિક્ષિકાઓ તયાર કરવાનો વર્ગ.**

આ વર્ગ તા. ૧ જુલાઇ ૧૯૪૪ થી શરૂ થશે. ગુજરાતી તથા મરાઠી બન્ને ભાષાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. પદવીધર તેમ જ સ્નાતક વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ અભ્યાસ-ક્રમની યોજના પણ છે. આ વર્ષથી માતાઓ માટેનો વર્ગ ખોલવાનો સંચાલકોનો વિચાર છે. વસતિગૃહની સગવડ જોઇતી હોય તેમણે મે આખર સુધીમાં અરજી કરવી. પત્ર વ્યવહાર માટે લખોઃ—**આ તારાબેન મોડક,**

મુખ્ય અધ્યાપિકાઃ બાલઅધ્યાપનમંદિર,

શિશુવિહાર, ૧૨૫ હિંદુ કૉલની, દાદર

## સમાચાર

—અમને જણાવતાં ઘણી જ દિલગીરી થાય છે કે તા. ૧૪-૪-૪૪ શુક્રવારે બપોરે ૪ વાગે મુંબઇના બારામાં ભયંકર ધડાકાઓ સાથે જે ભયાનક આગ ફાટી નીકળી તેમાં સંઘ સાથે જોડાયેલું ભાટિયા સ્ત્રી મંડળના આશરા હેઠળ ચાલતું સ્વ. ગોરધનદાસ કરસનદાસ હિંદુ બાલમંદિર, બાંડ બજાર, સર્વ સામાન સાથે બળીને ભસ્મીભૂત થઇ ગયું છે. સદભાગ્યે કોઇને ઇજા થઇ નથી. જૂન માસથી મુંબઇમાં જ્યાં નવી જગ્યા મળશે ત્યાં આ બાલમંદિર ફરીથી ચાલુ કરવામાં આવશે એમ સંચાલકો તરફથી જાહેર કરવામાં આવ્યું છે.

—શ્રી. મેનાબેન જમનાદાસ, ગિલબર્ટ બિલ્ડિંગ બાણુલનાથ, મુંબઇ, રૂા. ૧૫૦) આપી સંઘના આજીવનસભ્ય થયાં છે.

—સંઘ સાથે નીચેનાં બાલમંદિરો જોડાયાં:—

(૧) સ્વ. ભાઇ નરસિંહ જેઠાભાઇ વીરજી બાલમંદિર (ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ) ગિરગામ, મુંબઇ.

(૨) શિશુસદન, વનિતાસમાજ, સદાશિવ પેઠ પુના–૨.

(૩) પ્રાથમિક કેળવણી હિતવર્ધક મંડળ બાલમંદિર, કોનવેન્ટ સ્ટ્રીટ, પુના (કેમ્પ).

(૪) બાલમંદિર, સંખેડા.

(૫) સુમન બાલમંદિર, કોટ હિંદુ સ્ત્રી-મંડળ, મુંબઇ.

—નૂતન બાલશિક્ષણસંઘ મુંબઇ, શાખાએ સ્વ ગિજુભાઇ સપ્તાહ અંગે તા. ૨૩ મી જૂને આનંદ ભુવન હૉલ, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, ઉપર જાહેર સભા રાખવાનું તથા તા. ૨૪ મી એ મુંબઇમાં સંઘ સાથે જોડાયેલાં બાલ-મંદિરનાં બાળકોને ન્યુ ઇરા સ્કૂલ, હ્યુજીસ રોડ ઉપર શિક્ષણ વિષયક ચિત્રપટ બતાવવાનો કાર્યક્રમ યોજ્યો છે. તે ઉપરાંત જુદે જુદે દિવસે મુંબઇનાં સંઘમાન્ય બાલમંદિરોમાં આજુબા-જુના લોકોની જાહેર સભાઓ થશે. જુદાજુદા વક્તાઓ તે દિવસે સ્વ. ગિજુભાઇ સંબંધી પ્રવચન કરશે. શિક્ષણ પત્રિકાનો પ્રચાર કરવાનું કામ પણ તે દરમ્યાન કરવામાં આવશે.

## હરિજન ભાઇઓને મફત પત્રિકા માટે મદદ

પુ શ્રી. રેવાશંકર લક્ષ્મીચંદ મોદી, પાચોરા.
પુ ડૉ. ઇશ્વરભાઇ જીવાભાઇ પટેલ, આણંદ.

ઉદાર ભાઇબહેનો આ કાર્યમાં હજુ મદદ મોકલશે તો ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે.

## બાલ શિક્ષણ જોઇએ છે

મોન્ટેસોરી ટ્રેઇન્ડ, અનુભવી બાલશિક્ષક જોઇએ છીએ. પત્રવ્યવહાર નીચેને સ્થળે કરવો: મંત્રી, બાલમંદિર, ઊંઝા (ઉ. ગુ.).

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૧–૫–૪૪.

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐


## આનો ઉપાય શો ?

જગતમાં પરાવલંબન જેવો કોઈ મહારોગ નથી. પરાવલંબનમાં કેટલાએક મોટાઈ માને છે, કેટલાએક અભિમાન લે છે, કેટલાએક આનદ્દાની ગણે છે, કેટલાએક જીવન ધન્ય થયું લેખે છે.

પોતાનું કામ બીજાઓ કરી આપે, પોતાના વિચારો પણ બીજાઓ કરે, પોતાના માટે યોગ્યાયોગ્ય શું તે બીજાઓ નક્કી કરી આપે, પોતાને માટેનો હિતકારી માર્ગ પણ બીજાઓ બતાવે, પોતાને કશું જ કરવાપણું ન હોય, એમાં જ કેટલાએક સંપૂર્ણ સુખ દેખે છે.

આનો ઉપાય શો ? કાંઈ નહિ તો બાળકોને એ વ્યાધિ લાગુ ન પડે એટલી સાવચેતી લેવાય તોપણ ઘણું છે !


વર્ષ ૧૯ | : : કાર્યાલય : : | અંક ૪

૨૦૦૦ | રાવપુરા : વડોદરા | જેઠ

# બાલમંદિરમાં બાગકામ—દાણા વાવવા

સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરો જ્યાં જ્યાં જોવા ગઈ ત્યાં ત્યાં મૉંટીસોરી સાધનોની રમતો વ્યવસ્થિત રીતે લેવાનો પ્રયત્ન આ વર્ષે જોવામાં આવ્યો છે એ એક આનંદની વાત છે. પ્રથમ બાળકો મોતી લઈને બેઠાં હોય કે જરા કાતરકામ કે માટીકામ કરતાં હોય કે લપસણાં ઉપર લપસતાં હોય ને ઇંદ્રિયશિક્ષણનાં સાધનોને પાંચ મિનિટ અડે કે ન અડે તોપણ તે બાલમંદિર બરાબર ચાલે છે એમ આચાર્ય માનતા હોય એમ જોવામાં આવતું. આ વર્ષે એટલો સુધારો ઘણાં બાલમંદિરોમાં દેખાયો કે ઇંદ્રિયશિક્ષણનાં સાધનો ઉપર બાળકો વધારે વખત બેસતાં દેખાય છે. શિક્ષકો પાઠ પણ આપે છે, જો કે હજી એ દિશામાં સુધારાને ઘણો અવકાશ છે. દરેક બાબતમાં પાઠ આપી બાળકોનું લક્ષ એક એક વાત તરફ ખેંચી લેવું જોઈએ. જેમ કે કેટલીક જગ્યાએ સાધનો હળવેથી લેવા મૂકવા તરફ બાળકોનું ધ્યાન ઓછું હોય છે, તો કેટલીક જગ્યાએ સાધનનો દુરુપયોગ થાય છે. કેટલીક જગ્યાએ બાળકોના ધ્યાનમાં સાધનનું ખરું રહસ્ય આવતું નથી, તો કેટલીક જગ્યાએ એકાગ્રતા ને શાંતિ ઓછી હોય છે. કેટલીક જગ્યાએ બાળક ત્યાં ને ત્યાં જ અટકી પડયા જેવું દહા કે મિનારો જ લીધા કરે છે. પણ એક વાર સાધનોના ઉપયોગ તરફ શિક્ષકોનું ધ્યાન ગયું છે એટલે હવે આ બધી બાબતો પણ ધીમે ધીમે શિક્ષકના ધ્યાનમાં આવશે એવી આશા રાખી શકાય.

લગભગ બધાં બાલમંદિરોમાં એક ખામી દેખાય છેઃ તે બગીચા કામનો અભાવ. કેટલાંએકને સગવડ નથી, તો કેટલાંએકને સગવડ કરી લેવાની આળસ છે અથવા વાત ધ્યાન બહાર રહી જાય છે. આ બાબતમાં બહારગામનાં બાલમંદિરો મુંબઈ, અમદાવાદ જેવાં શહેરી બાલમંદિરો કરતાં વધારે ભાગ્યવાન છે. પણ એ સદ્‌ભાગ્યનો લાભ ઘણી જ ઓછી જગ્યાએ લેવામાં આવે છે.

બગીચાકામ ઘણી ઘણી જાતનું હોઇ શકે છે. તેમાંથી ઓછામાં ઓછો એકાદ વિભાગ તો દરેકેદરેક બાલમંદિર કરી જ શકે.

૧. પ્રાયોગિક બગીચો. એક નાના બીજમાંથી પાન ફૂલ ફળ કેવી રીતે નીકળે છે એ એક કુદરતનું મોટામાં મોટું જાદુ છે. તે બાળકો આગળ પ્રત્યક્ષ થવું જોઇએ. તે માટે બાળક પોતાને હાથે એકાદ બીયું જમીનમાં વાવે ને તે ઊગી નીકળતું નિહાળે, દિવસે દિવસે તેની થતી પ્રગતિ જુએ, તેના જીવન માટે પાણી, હવા, માટી, તડકો વગેરે શું શું અવશ્ય છે તે પ્રત્યક્ષ અનુભવથી જાણે ને સૃષ્ટિમાં રહેલો સર્જનનો આનંદ માણે એ દૃષ્ટિએ આ પ્રાયોગિક બગીચાનું કામ ચાલવું જોઇએ. જગ્યા હોય, હવાપાણીની સગવડ હોય તો આ વિભાગ ગમે તેટલો વિકસાવી શકાય. પણ સગવડ ન હોય તોપણ થોડું ઘણું તો કરી જ શકાય ને કરવું જ જોઇએ.

(૧) કાચના ગ્લાસમાં કે બાટલીમાં દાણા વાવવા એ દરેક શાળા કે ઘરમાં બની શકે એવી વાત છે. એનો વિશેષ લાભ એ છે કે દાણો મૂક્યો ત્યારથી રોજેરોજ તેમાં શા શા ફેરફારો

થાય છે તે બાળકો જોઇ શકે છે. જમીનની અંદર શું થાય છે તે કાચના વાસણને લીધે જોઇ શકાય છે.

તેથી પ્રથમ કાચના ગ્લાસમાં વાવી તેનું અવલોકન રોજ રોજ કરવાની પ્રથા દરેક બાલમંદિરે શરૂ કરવી જોઇએ. ગ્લાસમાં કેવી રીતે વાવવું એ આગળ ઉપર આવી ગયું છે. છતાં શિક્ષકોના ધ્યાન બહાર છે માટે ફરીથી અહીં ટૂંકમાં આપું છું. કાચના પારદર્શક ગ્લાસ કે મોટા મોઢાની બાટલીમાં બ્લૉટિંગ પેપર કિનારી બાજુમાં મૂકવો ને વચ્ચે લાકડાનો વેર ભરી દેવો. પછી બ્લૉટિંગ ને કાચની કિનાર વચ્ચે આપણને જોઇએ તે જાતના બે-ત્રણ દાણા મૂકવા ને લાકડાના વેરા ઉપર પાણી નાખી તે ભીનો કરવો. કઇ તારીખે કઇ જાતનો દાણો મૂકયો છે તે નોંધી રાખવું. પછી બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે, દાણો કેવો દેખાતો હતો વગેરે રોજની નોંધ કરતા જવી. આ ગ્લાસ તડકામાં કે અજવાળામાં રાખવો નહિ, પણ ઓરડાની અંદરની બાજુમાં ગમે ત્યાં મૂકી શકાય. બાસ અંધારામાં રાખવાની જરૂર નથી. રોજના અવલોકન અને નોંધ માટે, નારતા વખતે બધાં બાળકો ભેગાં થાય છે તે સમય સૌથી અનુકૂળ હોય છે. પોતે લખી શકે એટલાં મોટાં એટલે ત્રીજા-ચોથા ધોરણનાં બાળકો હોય તો તે લખી પણ શકે. નહિ તો શિક્ષકે ટૂંકમાં બાળકો વાંચી શકે એમ નોંધ લખવી.

દાણા ઊગવા બાબત તુલનાત્મક ખ્યાલ આવવા માટે ૫/૧૦ પ્રકારના દાણા એક જ દિવસે જુદા જુદા ગ્લાસમાં નાખવા ને બધાની નોંધનો એક જ તખ્તો નીચે પ્રમાણે બનાવવો:–

| તારીખ | ઘઉં | ચોખા | મગ | ચણા | જુવાર | બાજરો | મગફળી |
|---|---|---|---|---|---|---|---|
| ૧–૭–૪૪ | વાવ્યો | વાવ્યો | ... | ... | ... | ... | ... |
| ૨–૭–૪૪ | ફૂલ્યો | એમને એમ | ફૂલ્યો ને ફાટયો | ફૂલ્યો | ફૂલ્યો | ફૂલ્યો ને ફોંટો ફૂટયો | ફૂલ્યો |
| ૩–૭–૪૪ | ફોંટો દેખાય | ... | ફોંટો | ફાટયો | ફોંટો | ફોંટો મોટો | ફાટયો |

આ રીતે કેટલાએક દાણા ઝટ ઊગે છે, કેટલાએકને વાર લાગે છે; કેટલાંએક ખૂબ ઝપાટાબંધ ઊંચા થાય છે, કેટલાએક હળવે હળવે વધે છે. ચોખાના દાણા અમે હજી સુધી ગ્લાસમાં ઉગાડી શકયાં નથી. પુષ્કળ પાણીમાં રાખી જોયા; જુદી જુદી ડાંગર પણ નાખી જોઇ, પણ નિષ્ફળ ગયાં છીએ. કોઇ ઉગાડી શકે તો 'શિક્ષણ-પત્રિકા' ને તેઓ લખી જણાવે.

એક સાથે ગ્લાસમાં ઉગ્યું હોય તો દરેકના પાંદડામાં કેવો ફેર છે તે બાળકો તુલનાત્મક રીતે

જોઇ શકે. જેમ કે બાળકો અમારે ત્યાં એક જાતની રમત કરતાં હતાં. ગ્લાસ ઉપર દાણાનાં નામો લખ્યાં હતાં તે બાજુ ફેરવીને માત્ર પાંદડાં જોઇ એક જણ બોલે કે 'આ બાજરો,' 'આ મગ', 'આ ઘઉં' અને બીજું બાળક નામ બોલ્યા એવી રીતે કે ખરું તે બોલ્યા કરે.

તમારું બાલમંદિર પાંચમે માળે હોય કે તમારા ગામમાં પાણીની અછત હોય કે જગ્યાનો અભાવ હોય. તોપણ ગ્લાસ વાવેતર દરેકેદરેક બાલમંદિર કરી શકે છે.

શિશુવિહારમાં અત્યાર સુધી ૨૪/૨૫ પ્રકારના દાણા ગ્લાસ વાવેતરમાં આવી ગયા. તેમાં કોઇ વાર એક સાથે બધા વ્દિદળ કે કઠોળ તો કોઇ વાર બધા તૃણ અનાજ જેમ કે ઘઉં, બાજરો, મકાઇ વગેરે; કોઇ વાર મસાલાની ચીજો જેમ કે રાઇ, જીરું, વરિયાળી, અજમો, તીખા, ધાણા. કોઇ વાર બે તૃણ અનાજ, બે કઠોળ, બે મસાલા એમ પણ વવાય છે.

બે સિવાય જે અનાજની પાકવાની જે ઋતુ હોય તે તે વખતે તે તે અનાજ પણ નાખી શકાય. જેમ કે ચોમાસામાં ચોખા, જુવાર, મકાઇ, તૂર, મગ વગેરે; શિયાળામાં ઘઉં, ચણા વગેરે.

ગ્લાસમાં ૬/૭ ઇંચનો છોડ થઇ શકે છે. તે ત્યાંથી કાઢીને જમીનમાં વાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ સફળ થતો નથી. આ છોડપાન બ્લૉટિંગમાં દબાવી સૂકવવાનો પ્રયત્ન કરવા જેવો છે. જો કે બહુ ઝીણાં પાંદડાં હોવાથી પાછળથી બહુ જુદાં દેખાતાં નથી છતાં ચણા, મગ, ઘઉં, મકાઇ એમ જુદાં ઓળખી તો શકાય.

(૨) કુંડામાં કે જમીનમાં એ ને એ જ અનાજ તે જ વખતે વાવવું. જેમ કે અંદર ગ્લાસમાં ચણા ને ઘઉં મૂકયા હોય તો બહાર જમીનમાં કે કૂંડામાં તે જ વાવવા.

આને માટે બહુ મોટી જગ્યા જોઇતી નથી. પણ જે થોડી લઇએ તે માટી, ખાતર વગેરે દૃષ્ટિએ તે પાકને યોગ્ય એવી બનાવી લેવી ને તેમાં દાણા વાવવા. આ છોડ ઠેઠ પાક ઉપર આવે ત્યાં સુધી ઉછેરવા.

બાજરો કે મકાઇ, જુવાર, મગ, ચોળા બધાના બે, પાંચ કે છેવટે એકાદ છોડ તો ઉછેરી તેનાં ફૂલ કેવાં હોય, ફળ કે શિંગો કે ડોડા કે હુંડીઓ કેવી આવે, દાણા કેમ બાઝે વગેરે બાબતો જોઇ શકાય છે. આ જાતનું વાવેતર શહેરી છોકરાંઓને માટે ખાસ જરૂરનું છે, કેમ કે તેમને નજરે આમાંથી એકે વાત આવતી નથી.

આને પ્રાયોગિક એટલા માટે કહેવાનું કે જોવા, અવલોકવા કે અભ્યાસ કરવા ખાતર જ આ દાણા વાવવાના હોય છે. એકાદ છોડ ઊગે ને ફૂલે ફાલે ને તેના પર એક બે હુંડીઓ કે ૧૦/૨૦ શિંગો આવે તોપણ બસ છે. દાણાનો છોડ કેમ થાય, તેના પર ફૂલ કેમ આવે, ફળ કેમ બેસે, એ આખી ક્રિયા રોજેરોજ જોવી એટલું બસ છે. આને માટે એ વસ્તુનું આખું ખેતર જોવા મળે તો સારું જ છે, પણ આખું ખેતર પાસે હોય તોપણ પોતાને હાથે એક છોડ આખો ઉછેરવાની જરૂર રહે છે જ, કેમકે ખેતર એકાદ-બે વાર જોવાય છે જ્યારે પોતે વાવેલો છોડ રોજ સવાર-બપોર-સાંજ બાળકો જોવાનું મન કરે છે. સિવાય તેઓ પોતે ઉછેરનાર હોય છે એટલે ઉછેરવાની જવાબદારી પણ સમજે છે, ને પોતે પાણી પાઇને મોટા કરેલા છોડ ઉપર ફળફૂલ આવે તેનો અનેરો આનંદ માણી શકે છે.

આ સિવાય બીજું ઘણું લખવા જેવું છે, તે હવે પછી.

# મૅ. મૉન્ટીસોરી અને ગાંધીજી

મૅડમ મૉન્ટીસોરીના કેળવણીવિષયક સિદ્ધાન્તનો આધાર આધ્યાત્મિકતા ઉપર છે અને તેથી જ કેળવણીમાં સ્વાતંત્ર્ય અને સ્વયં-સ્ફૂર્તિને તેઓ અગ્ર સ્થાન આપે છે. દરેક વ્યક્તિ પોતપોતાની શક્તિ મુજબ જ વિકાસનો ક્રમ કાપે છે, તેથી શિક્ષણમાં વ્યક્તિવિકાસ તરફ પૂરતું ધ્યાન આપવું જોઇએ એ મૅ. મૉન્ટી-સોરીનો આગ્રહ છે. મનુષ્ય એ સામાજિક પ્રાણી છે તેથી બાળકમાં સામાજિક જીવનને આવ-શ્યક એવી આવડત વિકસાવવાની દૃષ્ટિએ સમૂહગત જીવનની તાલીમ પણ બાળકને આપવી જોઇએ એમ મૅ. મોન્ટીસોરી કહે છે. ધર્મ એટલે શુદ્ધ ભાવનાઓનો વિકાસ અને નીતિ એટલે વૈયક્તિક તેમ જ સામાજિક વિકાસને પોષક એવું વર્તન એ બન્ને મનુષ્યજીવનની પરિપૂર્ણતા માટે આવશ્યક હોવાથી ધર્મ અને નીતિના સંસ્કારો બાળકોમાં બાળપણથી જ નાખવાની મૅ. મોન્ટીસોરીની યોજના છે. બાળકની બુદ્ધિની ગ્રહણશક્તિ ઘણી જ તીવ્ર હોવાથી અને તેની જિજ્ઞાસાવૃત્તિ ઘણી જ પ્રબળ હોવાથી પદાર્થવિજ્ઞાન, ગણિત, જીવ-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, અને ખગોળવિજ્ઞાન જેવા કઠિણ ગણાતા બુદ્ધિના વિષયો પણ યોગ્ય સ્વરૂપમાં બાળકો આગળ મૂકવાની મૅ. મોન્ટીસોરીની યોજના છે. અને આ બધું જ કુદરતી અને ચિરસ્થાયી રીતે આપવું હોય તો કોઇ પણ ક્રિયાના અનુસંધાનમાં જ આપવું જોઇએ એ એમનો સિદ્ધાન્ત હોવાથી એમણે દરેક વિષયના શિક્ષણને માટે ખૂબ મહેનત અને વિચારથી શાસ્ત્રશુદ્ધ સાધનો તૈયાર કર્યાં છે. તે સાધનોની મદદથી અનેક પ્રકારની ક્રિયાઓનો અભ્યાસ બાળક પાસેથી કરાવી તે વિષયોનું જ્ઞાન તેને આપવાની મૅ. મૉન્ટીસોરીની પદ્ધતિ છે.

ગાંધીજીનું આખું તત્ત્વજ્ઞાન જ આધ્યાત્મિક ભૂમિકા ઉપર રચેલું છે. તેમનું આખું જીવન જ આધ્યાત્મિક છે. મૅ. મૉન્ટીસોરીની જેમ તેઓ માત્ર બાળવિકાસના ક્ષેત્રમાં જ વિહરતા નથી. તેઓ સમગ્ર માનવજીવનના વિકાસનો વિચાર કરે છે. તેમના દરેક સિદ્ધાન્તને ક્રિયાની જોડ હોય છે તેથી તેમના સિદ્ધાન્તો ક્રિયાના રૂપમાં જ દુનિયા આગળ મુકાયેલા છે. માનવસમાજના એક ભાગ તરીકે બાળકો પણ ગાંધીજીની વિચાર-કક્ષામાં આવે છે, અને બાલજીવનના વિકાસમાં માનવસમાજના વિકાસનાં બીજ રહેલાં છે એ સત્યનો ખ્યાલ રાખી તેમણે પણ બાળકેળ-વણીમાં નવી દિશાનું સૂચન કર્યું છે. મૅ. મૉન્ટી-સોરીની પેઠે એમણે ૨ કે ૩ વર્ષનાં બાળકોનો વિચાર નથી કર્યો, તે છતાં ૭ થી ચૌદ-પંદર વર્ષ સુધીનાં બાળકો માટેની શિક્ષણની અસર-કારક યોજના તેમણે આપી છે. આ યોજનાને આપણે વર્ધાયોજના યા પાયાની કેળવણીને નામે ઓળખીએ છીએ.

પાયાની કેળવણીનો મૂલભૂત સિદ્ધાન્ત પણ ક્રિયા દ્વારા વ્યક્તિવિકાસ એ જ છે. અને તેથી જ બૌદ્ધિક ગણાતી બધી જ કેળવણી કોઇ વ્યવસ્થિત ક્રિયા દ્વારા આપવાનો આગ્રહ આ યોજનામાં છે. જ્ઞાન એટલે જ ક્રિયાકૌશલ્ય એમ કહી શકાય. ક્રિયાથી વિહોણું જ્ઞાન સંભવતું જ નથી એવો ગાંધીજીનો વિશ્વાસ છે. તેથી જ તેમની દૃષ્ટિએ કેળવણીમાં અક્ષરજ્ઞાન બહુ અગત્યનું સ્થાન નથી ધરાવતું. મૅ. મૉન્ટીસોરીએ ક્રિયા માટે

શાસ્ત્રીય સાધનો શોધી કાઢયાં છે, ત્યારે ગાંધીજીએ જીવનપોષક કારીગરીઓમાં જે ક્રિયાઓ કરવી પડે છે તેમાં કૌશલ્ય મેળવવાનું લક્ષ્ય રાખી તે ક્રિયા માટેનાં સાધનોને જ સ્વીકાર્યાં છે. મૉન્ટીસોરીનાં સાધનો દ્વારા જે શિક્ષણ મળે છે તે જ શિક્ષણ આ સાધનો દ્વારા મળી શકે છે, એવો વર્ધાયોજનાનો દાવો છે. ઉપરાંત, જીવનને સમૃદ્ધ કરવાની દૃષ્ટિએ વર્ધાયોજનાની કારીગરીમાં થતી ક્રિયાઓમાંથી અનેક ઉપયુક્ત વસ્તુઓની પેદાશ થાય છે, એ એક સુંદર પરિણામ ગાંધીજી આપણને આપે છે. બજારમાં વેચી શકાય એવી પૂર્ણતા સાથે કોઈ પણ ચીજ ઉત્પન્ન કરવાની શક્તિ બાળકમાં પેદા થાય, તેની સાથે જ તેની અનુગત જ્ઞાનની કક્ષા પણ ખીલે એવો ક્રમ વર્ધાયોજનામાં યોજ્યો છે. ક્રિયા અને જ્ઞાન એ બન્નેનો અનુબંધ એ વર્ધાયોજનાની ખાસિયત છે અને તેથી જ વર્ધાયોજના એ ક્રિયા દ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિ છે.

મૅ. મૉન્ટીસોરીના સિદ્ધાન્તો સાથે વર્ધાયોજના એટલી બધી મળતી જણાય છે કે બન્નેના નિષ્ણાતોએ એકઠા મળી બન્નેનો સુંદર સમન્વય સાધવો ઘટે છે. ગાંધીજીની દૃષ્ટિ મુખ્યતઃ રાષ્ટ્રીય છે, જ્યારે મૉન્ટીસોરીની દૃષ્ટિ મુખ્યતઃ બાલવિકાસની છે. એટલે મૉન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાન્તો સાથે વર્ધાયોજનાની ક્રિયાપ્રણાલિનો સમન્વય સધાય તો દુનિયાને એક અજોડ એવી શિક્ષણપદ્ધતિ મળશે એમાં શંકા નથી.

મૉન્ટીસોરી પદ્ધતિનો પ્રયોગ વર્ષોથી થતો આવ્યો છે અને તેની પાછળ દુનિયાના સમર્થ કેળવણીકારોની તપસ્યા છે. ગાંધીજીની પદ્ધતિનો જન્મ પાંચ-સાત વર્ષ પહેલાંનો જ છે અને તેનો પ્રયોગ હજી સંપૂર્ણ શાસ્ત્રીય રીતે થવાનો બાકી છે. એ દૃષ્ટિએ ગાંધીજીની આ શિક્ષણપદ્ધતિનાં પરિણામો વિષે આજે કશું નિશ્ચિત રૂપે કહી શકાય તેમ નથી. પણ મૂલભૂત સિદ્ધાન્તો જોતાં એટલું તો સ્પષ્ટ રીતે દેખાય છે કે મૉન્ટીસોરી અને ગાંધીજી એ બન્નેની પદ્ધતિનો સમન્વય કેટલે અંશે લાભદાયક નીવડશે તેનો પ્રયોગ થવો જોઇએ. કેળવણીકારો આ દિશામાં વિચાર કરે.

ગો. ર.

---

# કહ્યા વિના રહેવા નહિ

'શિક્ષણપત્રિકાના' ગ્રાહકોની હજારોની સંખ્યામાં વધે તેમાં 'શિક્ષણપત્રિકા'નું અને નૂતન શિક્ષણ પ્રચારનું સાર્થક સમાયેલું છે.

જેઓ 'શિક્ષણપત્રિકા'ના ચાલુ ગ્રાહકો છે તેઓ 'પત્રિકા'ના પ્રેમીઓ છે. સંઘના સક્રિય સભ્યો તો ખાસ કરી નૂતન શિક્ષણના સિદ્ધાંતોના પ્રચારકો છે. તેઓ 'પત્રિકા'ના પ્રચારને ચૂકે નહિ એવી વિનંતિ છે.

જેને મળો તેને આપણી 'પત્રિકા' બતાવો, વંચાવો અને યોગ્ય લાગે તો ગ્રાહક થવા કહ્યા સિવાય રહો નહિ.

'પત્રિકા'ની આ રીતની સેવા 'પત્રિકા'ને આગળ વધારશે તથા શિક્ષણના કાર્યને સતરું બનાવશે.

તંત્રી.

# બાળકોની બહિર્મુખતા

ગયા પોષ માસના અંકમાં આપણે બાળકોની શારીરિક ક્રિયાઓ –હિલચાલની વાત કરી હતી. આ વખતે લગભગ એના જ અનુસંધાનમાં, તે લેખમાં દર્શાવેલા બે પ્રકારની લગભગ સમાંતરપણે જ ચાલતા એવા બે માનસિક પ્રવૃત્તિઓના પ્રકારો જોઇશું.

બાળકો શરીર-મનથી પ્રવૃત્તિમય છે જ. શારીરિક પ્રવૃત્તિ વિષે આપણે સમજ્યા. માનસિકપણે પણ બાળકો પ્રવૃત્તિમય જ છે. એમનું મન, લાગણીઓ instincts, બધાનું સમૂહગત પ્રતિબિંબ એટલે જ તેમની બધી જ શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ.

આ માનસિક પ્રવૃત્તિઓ પણ બરાબર બે ચોક્કસ પ્રકારોમાં વહેંચાયલી દેખાય છે. જેમ આપણે પહેલાના લેખમાં જોઇ ગયા કે શારીરિક પ્રકારોમાં અતિ ચંચળ ધમાલિયાં અને છતાં મનથી–ખરી–ક્રિયાશક્તિથી નબળાં, એવાં બાળકોનો પ્રકાર જોયો તેમ જ માનસિક ક્ષેત્રમાં બહિર્મુખ બાળકો જોઇએ.

ઘણી નાની ઉંમરથી બાળકો બહિર્મુખ થઇ જાય છે એવું જોવામાં આવ્યું છે. ૩/૪ મહિનાનાં બાળકોને મોટેરાંઓ ખૂબ જ રમાડયા કરે, ઘણા માણસોના હાથમાં ફરવાથી જુદી જુદી રીતે મોટેરાંઓના શરીરસંપર્કમાં આવ્યાથી આટલી નાની ઉંમરનાં બાળકો બહિર્મુખ થઇ જાય છે. ત્યારે તેઓ પછી પોતાને ખાવા, પીવા, સૂવાની અને બીજી રીતે સીધી વૃદ્ધિને લગતી પ્રવૃત્તિઓ સિવાયને વખતે પણ મોટેરાંઓનું ધ્યાન ખેંચવા, એમની જોડે રમવામાં, એમની સાથે લાડ કરવામાં પડી જાય છે. એ ન મળે તો કારણ વિના રડે છે. આવું તો ઘણું જોઇ શકાય.

પણ આપણે તો સામાન્ય રીતે બાલમંદિરમાં આવતાં, બૌદ્ધિક કામો કરતાં બાળકો વિષે ખાસ ભાવે વિચાર કરીએ.

બાળકો વિષેના ઘણા ખોટા ખ્યાલો ચાલ્યા કરે છે. સામાન્ય રીતે, પણ ભૂલભરેલી રીતે એવું મનાતું આવ્યું છે અને કહેવાતું આવ્યું છે કે બાળકોનું મન ચંચળ છે. એક કામ કે એક વાત ઉપર એમનું મન કેન્દ્રિત થઈ શકતું નથી. વળી એવું પણ માનવામાં આવે છે કે બાળકો સ્વભાવે જ અસ્થિર મનનાં, ચપળ, એક વસ્તુ લઇને છોડી દઈ તુરત બીજી લઇ તે છોડી દઇ, પતંગિયાં મારફત ઊડી રહે તેવાં છે.

ઉપરની વાત સત્યથી વેગળી છે. વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયું છે કે સમધારણ બાળકો એવાં હોતાં નથી. એવાં સમધારણ મનવાળાં બાળકોની વાત આપણે આગળ વિગતે કરીશું પણ ઉપર વર્ણવી તેવી બાળકોની મનોદશા ભલે કાલ્પનિક રીતે કાવ્યમય લાગે પરંતુ હકીકતમાં તો માંદા મનનું જ લક્ષણ છે. એ માંદગીની એમને ખબર નથી અને આપણે એ ચંચળતાને જ બાળકની ખરી અને તંદુરસ્ત સ્થિતિ માનીએ છીએ.

આપણે આ બૌદ્ધિક અને લાગણીવિષયક બહિર્મુખતા (માંદગી) ના પ્રકારોનો જરા વિગતે વિચાર કરીએ.

(૧) આખો વખત બાળક અર્થ વિનાનું બબડયાં કરે.

(૨) બાલમંદિરમાં કે ઘરમાં કામની વસ્તુઓ એક પછી એક લે અને મૂકે: કોઇ પણ નાનાં, મોટાં, માત્ર બૌદ્ધિક કે અર્ધબૌદ્ધિક કે યાંત્રિક કામો ( આ ઉંમરનાં બાળકોને યાંત્રિક કામોનો શોખ હોય છે જ: યાંત્રિક = Mechanical and Muscular) માં મન કેન્દ્રિત થતું જ નથી.

(૩) રીતસરનાં મોંટેસોરીનાં સાધનોનો દુરુપયોગ કરવો.

(૪) ઘણી વાર તો સાધનોનો ઉપયોગ થતો દેખાય પણ જેવું આવવું જોઇએ તે કક્ષાનું પરિણામ ન આવે. બોટું લેખન, બોટું વાચન, ભૂલો–ચિત્રકામ હોય તો અર્થહીન આકૃતિઓ અને ધ્યાન વિનાના પૂરેલા લીંટા જોવા મળે.

(૫) સાધનો-ચોપડી, કાગળ વગેરે પ્રત્યે ઘણી જ બેદરકારી. ભાંગફોડ, કાચનાં વાસણો ફૂટે વગેરે, બાસ કરીને આવાં નાજુક અને તકલાદી માલને લેવા-મૂકવામાં જાત ઉપરથી વિશ્વાસ ઊઠી જાય. અને તેવાં કામો કરવાથી જે એક અદૃષ્ટ આહ્વાન રૂપ વૃત્તિ જે દરેક બાળકમાં રહેલી હોય છે તેનું દર્શન જ ન થાય.

(૬) મન અને શરીરની શાંતિ પણ જાય. સ્થિરતા ન રહે. મોટાંઓ જેમ દોડવું; ચાલવું, ધ્યાન બેંચાય તેવા હાવભાવ, લટકાં અને સામાન્ય રીતે બધાં જ કામનો Tempo (ગતિ) જે સામાન્ય રીતે બાળકોમાં અતિ ધીર-ગંભીર છે તેને બદલે કૃત્રિમ ઉતાવળિયો બની જાય. પરિણામે ચીડિયાં, રડતાં અને ફરિયાદ કરતાં પણ થાય.

અને સૌથી છેલ્લી અને અગત્યની વાત એમની સામાજિક બાજુની છે.

એ બાળકોને મોટેરાંઓના સાન્નિધ્યની ભૂખ વધે. એમની સાથે વધુ ને વધુ પડતી છૂટ, વાચાળતા, શારીરિક સંપર્ક, લાડ, રીસાવું, બોલવું-ન બોલવું, જવાબ ન દેવા, શરમાવું, ટૂંકમાં જે જાતિ ( sex) નાં બાળકો હોય તે જાતિનાં મોટેરાંઓમાં તે વખતના સમાજમાં પ્રવર્તતાં લક્ષણોનું સીધું અનુકરણ અને અનુસરણ જોવા મળે. બહિર્મુખતાનું આ એક મોટું અને સીધું લક્ષણ છે.

આવાં બાળકો આખો વખત જાણે મોટેરાંના ધ્યાનનું મધ્યબિન્દુ જ રહેવા માગે છે, અને કોઇ પણ ઉપાયે એ મેળવવા પ્રયાસ કર્યા જ કરે છે. છેવટે બીજું કશું ન બને તો રડીને, લડીને, ઝઘડીને અને સાચેસાચ માંદા પડીને મોટેરાંઓનું ધ્યાન બેંચે છે.

બહિર્મુખતાનો આ સામાન્ય પ્રકાર કહી શકાય. આમાં બાળકની પરિસ્થિતિ, ઉંમર, વાતાવરણ અને વૃદ્ધિના બધાં બીજાં કારણો દ્વારા જેટલા ફેરફારો થાય તેટલા વધારે.

શિક્ષકોએ અને માબાપોએ આ લક્ષણો પ્રત્યે સજાગ રહેવું ઘટે. ઘરમાં બાસ કરીને બાળકોની સામાજિક પ્રવૃત્તિઓમાંથી વધારે લાડથી, બોટે રસ્તે વપરાયેલી ક્રિયાશક્તિથી આવાં પરિણામો જન્મે છે. એ વિષે માબાપોએ ધ્યાનપૂર્વક સજાગ રહેવું જોઇએ,

સામાન્ય રીતે સમધારણ બાળકનું મુખ્ય લક્ષણ આત્મલક્ષીપણું, પોતાનામાં મસ્ત રહેનાર જીવનું છે. એને વધવું છે, પોતાના શરીરની, મનની ક્રિયા-પ્રક્રિયા (Reflexes) માં જ એનું મન હોય છે. આજુબાજુના વાતાવરણનું જાણે એને માર કાઢવું છે, જાણે એને જીતી

લેવું છે, આપનાવી લેવું છે. એટલે જે કોઇ વસ્તુ સાથે તે કામ પાડે તે અતિ ધીરગંભીરપણે–મોટેરાં જેમ પૈસા, સ્વમાન વગેરેની બાબતમાં ગંભીર થઇ જાય છે તેમ, તેઓ ગંભીર થવાં જોઇએ. એમનામાંથી કહેવાતું ચંચલપણું ચાલ્યું જાય છે.

બાલમંદિર ચલાવનારાઓને એવો અનુભવ ઘણી વાર થાય છે. નવાં આવેલાં ચંચળ બોળકોના પ્રાણને જ્યારે પ્રબોધક સાહિત્યોનો પ્રાણ બોલાવે છે ત્યારે તેઓનાં રખડતાં મન પાછાં આવે છે, સ્થિર થાય છે, એકાગ્ર થાય છે; પરિણામે તેઓ પ્રફુલ્લિત અને આનંદી થાય છે. એમની વૃદ્ધિની ભૂખ ઊઘડે છે. અને સમધારણતાને રસ્તે બાળક ઊપડે છે. શરીર અને મનની શક્તિઓ કે જે અત્યાર સુધી એક યા બીજા નકામા અને ક્ષયપ્રદ (Wasteful) રસ્તે વપરાતી હતી તે સુયોગ્ય માર્ગે વળતાં બોળકો તંદુરસ્ત અને સુખી બને છે. એમનાં અવલોકનો ઊંડાં, કામો શાંત, જાણે કે જરા પણ મુશ્કેલી વિના બનતાં હોય તેવાં અને સ્વભાવ ધીરગંભીર બને છે. સામાજિક રીતે પણ તેમનાં બીજા લોકો સાથેનાં વર્તનો જરૂરિયાત પૂરતાં જ, મર્યાદિત છતાં સુભગતાવાળા (Graceful) બને છે. એવાં બાળકો સામાન્ય રીતે શરમાળ પણ નથી રહેતાં કે અતિઉત્સાહિત થઇને મહેમાનો વગેરેને વળગી નથી પડતાં; માત્ર યોગ્ય અને સૌમ્ય લાગણીઓ જ દર્શાવે છે. માબાપો સાથે લાડ, હઠ કે વિરોધનું વર્તન ન કરતાં ગંભીરતા, સમજણ અને જવાબદારીવાળું વર્તન તેઓ ચલાવે છે. સોંપેલાં કામો પ્રફુલ્લિત મને ગંભીરતાપૂર્વક પાર ઉતારે છે. કોઇ જોનાર હોય કે ન હોય તોપણ કામ જ એમને આકર્ષી શકે છે. લોકોની વાહવા કે અણગમો બન્નેમાંથી એક પણ તત્ત્વથી કામનું પ્રોત્સાહન એમને મળતું નથી.

બાલમંદિરમાં પણ તેઓ ખરેખર સ્વતંત્રપણે જ વિહરતાં માલૂમ પડે. ખોટા ચંચળ પ્રવૃત્તિના પ્રકારો કરતાં શુદ્ધ અને વિકાસક પ્રવૃત્તિના પ્રકારો તેમને આકર્ષી શકે.

આવો આ બહિર્મુખતાનો પ્રકાર છે. દરેક માબાપે અને શિક્ષકે તે પ્રત્યે સજાગ રહેવું ઘટે, એટલું જ અહીં કહીશ. ન૦

## વાચકો અવશ્ય વસાવે

**સ્મરણાંજલિ.** ગુજરાતના અનેક વિદ્વાનો અને સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થીઓએ લખેલાં સ્વર્ગસ્થનાં સંસ્મરણો. પાકું પૂઠું અને સ્વર્ગસ્થના અનેક ફોટાઓ સાથે કિંમત ૧–૮–૦ ટપાલખર્ચ ૦–૪–૦.

**મોન્ટેસોરી શિક્ષણપ્રચારમાળા:** લેખક સ્વ: ગિજુભાઇ અને શ્રી. તારાબેન મોડક. પાકું પૂઠું કિ. ૦–૧૦–૦: ટપાલખર્ચ ૦–૨–૦.

પુસ્તકો મંગાવવાનું સ્થળ:
મંત્રી: **નૂતન બાલશિક્ષણ સંઘ,**
**૧૧૭, હિંદુ કૉલની, દાદર.**

# બાળકોની બીક દૂર કેમ થાય

( ગત વર્ષ અંક ૧૦ પાનું ૧૧૬ થી ચાલુ )

માનસશાસ્ત્રીઓ જણાવે છે તે મુજબ નહોતી. મારી એ હિંમતનો જશ હું ધારું સામી વ્યક્તિની ભયભીત મુખમુદ્રા જોઈને છું કે મને સાચવનારી બાઈને ઘટે છે. અથવા ભયની કારમી ચીસ સાંભળીને પણ બાળકો મનમાં ભય પામે છે. સિનેમા કે નાટકો પ્રત્યક્ષ નિહાળતાં આપણે જાતે પણ આ એનુ- ભવમાંથી પસાર થઈએ છીએ. પડદા પર નાયકોના મોં પર ભયના ભાવો દેખાતાં આપણી છાતી પણ બીકથી ધ્રૂજી ઊઠે છે. બાળકો આ ભાવોનું દર્શન વધારે સ્પષ્ટતાથી કરાવે છે. બે-અઢી વર્ષનું બાળક ખુશીમાં આવી મજા કરતું હોય–રમતું હોય, પણ તેની પાસે જો આપણે બાવરા બની ગયાનો દેખાવ ધારણ કરી જઈએ તો તુરત બાળક પણ ભયથી સંકોચ પામે છે અને ઘણી વાર રડવા પણ માંડે છે. વળી એ પણ આપણે રોજ અનુભવીએ છીએ કે જે બાળકની માતા અગર ભાઈબહેન બીકણ હોય તે બાળક પોતે પણ બીકણ જ બને છે; અને જે જે બાબતોથી માતા અગર ભાંડુઓ ડરતાં હોય તે જ બાબતોથી બાળક પણ બીતું થાય છે. મારી એક બેનપણીનો કિસ્સો આવો જ છે. ચોમાસાનો મોટો ગડગડાટ સાંભળે કે વીજળીના ચળકારા જુએ તો આ ઉંમરે પણ તે ભયથી ધ્રૂજી ઊઠે છે. એની એ ભયભીત સ્થિતિનો પડઘો તેનાં બાળકો પણ પાડે છે. વરસાદની ગર્જના, વીજળીનો કડકડાટ અથવા ચળકારા દેખી બાળકો પણ ભયથી ચીસ પાડી ઊઠે છે અગર તો ઘરની અંદર દોડીને પેસી જાય છે. મારો આથી ઊલટો અનુભવ છે. નાનપણમાં હું નીડર વૃત્તિની હતી એમ તો ન કહેવાય, છતાં વરસાદની ગર્જનાથી હું બીતી નહોતી. મારી એ હિંમતનો જશ હું ધારું છું કે મને સાચવનારી બાઈને ઘટે છે. ચોમાસામાં ગર્જના થવા માંડે કે એ મને કહેતી, "જોજે હોં, હવે આકાશમાં ડોશી ચણા ભરડવા માંડશે !" ને તુરત બીવાને બદલે હું એ જ વિચારે ચડતી : "વાદળામાં બેઠેલી આ ડોશી કેવડી મોટી હશે ? એનો ઘંટલો કેવડો જબરો હશે ? ને આટલી બધી ચણાની દાળ એ કોને માટે કરતી હશે ?" મારી નોકર બાઈની અજબ કલ્પનાનો મને એ લાભ થયો કે કુદરતી બનાવને ઘરના સ્વાભાવિક બનાવની ઉપમા મળવાથી એનાથી બીવાનું કશું જ કારણ ન હોય એ વાત સહજ રીતે મેં સ્વીકારી લીધી હતી. અનેક સ્ત્રીઓ કૂતરાં કે બિલાડાંથી પણ બીએ છે; પરિણામે એમનાં બાળકો પણ એનાથી ડરતાં થાય છે. એનાથી વિરુદ્ધ ઉદાહરણ અમારી કમુનું છે. કમુની બાને કૂતરાં અને બિલાડાં રમાડવાનો ભારે શોખ છે; નાનાં કુરકુરિયાં કે બિલાડીનાં બચ્ચાંને એ ખોળામાં બેસાડે છે, અને માથે તથા ખંભે પણ ચડાવે છે. પરિણામે કૂતરાં કે બિલાડાંને જોઈ કમુને કદી પણ બીક નથી લાગતી.

બીકનું એક જોતાં ચેપી રોગ જેવું છે. એટલે એનો ચેપ બીજાંઓને ન લાગે એમ કરવું હોય–બાળકોને ભયથી મુક્ત બનાવવાં હોય તો પ્રથમ માતાઓએ પોતાને લાગતા ભયો દૂર કરવા જોઈએ. કાંઈ નહિ તો ભય લાગતો હોય તે પ્રસંગે પણ બાળકોની હાજરીમાં ( છેક ધાવણા બાળકથી માંડીને ) ભીતિનો

કોઇ પણ જાતનો ભાવ આપણા મોં પર કે અન્ય કોઇ રીતે ન દર્શાવાય એની ખાસ કાળજી રાખવી જોઇએ. બીજું એ પણ તપાસી લેવું જોઇએ કે આપણાં બાળકોના મિત્રોમાં કોઇ પણ બીકણ બાળક આવી જવું ન જોઇએ.

ભયનું બીજું કારણ અજ્ઞાન છે એ અગાઉ કહી દેવાયું છે. અંધારામાં બાળકોને જે બીક લાગે છે તે આ જાતની બીકનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. ઘણાં બાળકો અંધારાથી ખૂબ બીએ છે. અંધારા ઓરડામાં જઇને કશું લાવવું હોય, રાત્રે અંધારામાં બાળે પેસાબ કરવા જવું હોય, અથવા અંધારામાં એકલાં રહેવું હોય તો ઘણાં બાળકોને બીક લાગે છે. આપણે એમ તો માનીએ છીએ કે આવી જાતની બીક બાળકોમાં ન ઊતરે તો સારું. પરંતુ એ દૂર કરવા માટે યોજાતા ઉપાયો ઘણી વાર ઘાતકી અથવા વિચિત્ર હોય છે. બીનાર બાળકની મશ્કરી કરવાથી, અગર તેને ડરામણી દેખાડવાથી કે શિક્ષા કરવાથી બાળકની બીક દૂર થતી નથી. આવા ઉપાયોથી બાળક જીવ હાથમાં લઇને કદાચ કહ્યા પ્રમાણે અંધારામાં એકલું જાય તોપણ પાછું ફર્યા પછી ઘણી વાર સુધી એની બીક જતી નથી; એની છાતીમાં ચાલી રહેલો ધડધડાટ શમતો નથી. વળી મોટેરાંની ડરામણી અથવા મારને કારણે બાળકો એકાદ વાર કદાચ ઉકત અગ્નિપરીક્ષામાંથી પસાર થાય તોપણ તેમના મનમાંથી ભય સદાને માટે દૂર થાય છે એવું નથી બનતું. કાંટે કાંટો નીકળે એ કહેવત કાંટો કાઢવા પૂરતી કદાચે સાચી હોય તોપણ ડરામણી કે મારનો ભય દેખાડવાથી બાળકોમાંથી ભય નાશ પામતો નથી. ઊલટું એનું પરિણામ વિપરીત જ આવે છે, અને જે બીક દૂર કરવાનો પ્રયત્ન આપણે કરતાં હોઇએ તે કાયમી બની બેસે છે. સાચો ઉપાય એ છે કે અંધારાથી બીવા જેવું કશું છે નહિ, એમાં લાગતો ભય બિનપાયાદાર છે, એની ખાતરી બાળકોને સમજપૂર્વક કરાવવી જોઇએ. એ માટે બાળકને સાથે રાખી આપણે અંધારામાં વારંવાર જઇએ આવીએ તો બાળકોને ગળે આપણું કહેવું તુરત ઊતરે છે, છતાં બાળકો એમ માને છે કે મોટેરાં સાથે તેમની આંગળી ઝાલી અંધારામાં જતાં કશું ન થાય તોપણ એકલાં અંધારામાં જવાથી 'હાઉ' જરૂર કશુંક કરી નાખશે! અંધારાથી બીનારાં ઘણાં બાળકોને હું સારી રીતે ઓળખું છું ને નીચલા ઉપાયો દ્વારા તેમની ઘણાંની બીક મેં કાઢી પણ નાખી છે. એવા બેત્રણ ઉપાયો લીધાના દાખલા નોંધવાથી વધારે સ્પષ્ટતા થશે.

કમળાબેન ૭ વર્ષનાં છે. અંધારામાં જઇને કરવાનું કોઇ કામ તેમને સોંપતાં તે ગભરાઇ જતાં. તેના પિતા સમજદાર હતા. જન્મદિવસે તેમણે કમળાબેનને ભેટ તરીકે એક નાની એવી ટોર્ચ આણી આપી. પછી કહ્યું, "બેન, જ્યારે કોઇ વાર અંધારામાં જવું પડે ત્યારે ટોર્ચ લેતા જવું અને ખૂણામાં અથવા પલંગ તળે કાંઇ છૂપાયાનો વહેમ પડે કે તુરત ટોર્ચ સળગાવી ખાતરી કરી લેવી કે ત્યાં કશું નથી." કમળાબેનને એ ટોર્ચ ભારે મદદગાર બની! શરૂમાં અંધારામાં જતાં તે વારંવાર ટોર્ચ સળગાવતાં; પણ ધીરે ધીરે તેમની ખાતરી થઇ કે જ્યાં જ્યાં બીક લાગવા જેવું લાગતું હતું ત્યાં ખરું જોતાં કાંઇ જ નહોતું. એમ કરતાં મહિને દહાડે તેમની બીક ઘણી ઓછી થઇ ગઇ.

અમારા વસંતનો પણ આવો જ દાખલો છે. અંધારામાં જતાં તે પણ બહુ બીતો. એ

બીક દૂર કરવા એના કાકાએ નીચેનો ઉપાય લીધો. અવારનવાર સાંજે ઘેર આવતાં તેઓ વસંતને ગમતું કોઇ રમકડું કે કોઇ ખાવાની ચીજ બાનો બે આના બચી લેતા આવતા. રાત્રે જમી રહ્યા પછી બધાં બેઠા હોય ત્યારે બહુ સ્વાભાવિક હોય તેમ તેઓ વસંતને કહેતા, "અરે વસંત! તને કહેવાનું જ ભૂલી ગયો. આજે હું મજાનો એક ભમરડો લાવ્યો છું, પણ તે મારા કોટના બીસામાં ઉપર રહી ગયો છે. તું ઉપર જઇને જરા લઇ આવીશ?" વસંતને ભમરડો મેળવવાની હોંશ એટલી બધી થતી કે અંધારામાં બીવાની વાત તે ભૂલી જતો ને ઉપર દોડી જઇ કાકાના બીસામાંથી ઉત્સાહ ભેર પેલી ચીજ લઇ આવતો. પરિણામે ધીરેધીરે તેની અંધારાથી બીવાની ટેવ જતી રહી.

બાળક અંધારાથી બીએ છે તેનું એક એ પણ કારણ છે કે અંધારા વિષે કલ્પનામાં અનેક બિહામણાં ચિત્રો એના મનમાં ઊભાં થાય છે. આથી અંધારામાં જતી વેળા બાળકોનું મન જે તેમને ગમતી બીજી કોઇ ચીજમાં રોકાઇ જાય એવી યોજના કરી હોય તો આપોઆપ અંધારાનાં બિહામણાં કલ્પનાચિત્રો ઊભાં જ થતાં નથી, ને પરિણામે અંધારાથી બીવાની ટેવ ઓછી થઇ જાય છે. સૌથી સારો ઉપાય બાળકને નાનપણથી અંધારામાં સૂવાની ટેવ પાડવી એ છે. સૂવાના ઓરડામાં કાયમ બત્તી રાખવાની ટેવ જો બાળકોને બચપણથી પડી હોય તો આગળ જતાં તેઓ અંધારાથી બીતાં થાય છે. (અપૂર્ણ)

**સુલભાબાઇ પાણંદીકર**

# શિક્ષણ-સમાચાર

—મુંબઇની ૧૪ મી એપ્રિલની હોનારતમાં સાધનો સાથે સંપૂર્ણ રીતે નાશ પામેલું સ્વ. શેઠ ગોરધનદાસ કરસનદાસ હિંદુ બાલમંદિર ફરીને દાતાઓની ઉદારતાથી વડગાદી ઉપર કરસનદાસ નાથાના મોળામાં પ્રાથમિક શાળા સાથે જુલાઇની પહેલીથી શરૂ થાય છે.

—સંઘ સાથે જોડાયેલાં મુંબઇનાં કેટલાંક બાલમંદિરોએ પોતાને ત્યાં આવતાં બાળકોના વાલીઓમાં 'શિક્ષણપત્રિકા'નો પ્રચાર કરવાનું શરૂ કરી દીધું છે. બીજાં બધાં બાલમંદિરો જો આ કામ સહેજ જ અગવડ વેઠી ઉપાડી લે તો નૂતન શિક્ષણનો કેટલો બધો પ્રચાર થાય! બાલમંદિરોને પણ શિક્ષણના સિદ્ધાંતો સમજનાર વાલીઓનો પછી કેવો સુંદર સમજપૂર્વકનો સહકાર મળે!

—વાડાશિનોરમાં નવું બાલમંદિર શરૂ થયું. તેના મુખ્ય શિક્ષક શ્રી મગનભાઇ (હરિજન આશ્રમ બાલમંદિરવાળા) નિમાયા છે.

—હરિજન આશ્રમ, સાબરમતીનું બાલમંદિર હાલ તુરત બંધ કરવામાં આવ્યું છે.

—પાટણમાં તા. ૧૬ મીએ શ્રી તારાબેન મોડકના હસ્તે "કિલ્લોલ" બાળકમંદિર ખુલ્લું મુકાયું. સંચાલક શ્રી પુનમચંદ શાહ.

—સ્વ. શેઠ હંસરાજ પ્રેમજી ઑફ શિશુ-શિક્ષણમંદિર, વાલકેશ્વરના મુખ્ય શિક્ષક શ્રી ઇશ્વરભાઇ પરીખ નિમાયા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨-૬-૪૪.

નામદાર વડોદરા સરકારના હુકમ નં D ૫/૩ તા. ૧૮-૮-૪૪ ની મંજુરાથી

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાલસેવા એ જ શ્રેષ્ઠ જનસેવા છે.
અને બાળકોની આંતર ઊર્મિઓ
ફળી લેવી એ જ શ્રેષ્ઠ બાલસેવા છે.

વર્ષ ૧૯ :-: કાર્યાલય : : અંક ૫

૨૦૦૦ રાવપુરા : વડોદરા અશાડ

# સ્વ. ગિજુભાઈ પાંચમી સંવત્સરી

આ વર્ષે સ્વ. ગિજુભાઈની પાંચમી સંવત્સરી ઘણે ઠેકાણે ઉજવાઈ છે. બધેથી અમને અહેવાલ મળ્યા નથી. પણ જે જે ગામો તરફથી અમને અહેવાલ મળ્યા છે તેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે. —તંત્રી

**મુંબઈ:**—નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખાએ એક સપ્તાહનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ તા. ૨૩ મી જૂનના રોજ એક જાહેરસભા શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહના પ્રમુખપદે મળી હતી. સભામાં શ્રી રહાનાબેન તૈયબજીએ ભક્તિ-રસપૂર્ણ ભજનો ગાઈ સંભળાવ્યાં હતાં. શ્રી તારાબેન મોડકે સ્વ. ગિજુભાઈ, સંઘ, તેમનું કાર્ય અને હવે આપણું કર્તવ્ય શું છે તે સમજાવ્યું હતું. પ્રમુખ શ્રી હીરાલાલભાઈએ સ્વર્ગસ્થના જીવનકાર્યની અને કામકાજ ચલાવ-વાની રીતની તારીફ કરી હતી અને સ્વર્ગસ્થના સ્મરણ પુસ્તક 'સ્મરણાંજલિ'માં જે જે વિશે-ષણોથી એમને સંબોધવામાં આવ્યા છે તેની વાસ્તવિકતા દાખલા સાથે સમજાવી હતી.

તા. ૨૪ મીએ સંઘ સાથે જોડાયેલાં બાલમંદિરોનાં બાળકોને શૈક્ષણિક ચિત્રપટ ફ્રેલો-શિપ સ્કૂલમાં બતાવવામાં આવ્યું હતું. ૨૫૦ બાળકો, ૨૦ શિક્ષકો અને ૧૫ સંચાલકોએ ભાગ લીધો હતો.

તા. ૨૬ થી તા. ૩૦ ની સુધી રોજ બપોર ના ચાર વાગે સંઘ સાથે જોડાયેલાં બાલ-મંદિરોમાં જુદા જુદા દિવસે જુદાં જુદાં બાલમંદિરોમાં બાલીકાઓની સભા ગોઠવવામાં આવી હતી.

**અમદાવાદ:**—ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મુખ્ય સભા પ્રખ્યાત ચિત્રકાર શ્રી રવિશંકર રાવળના પ્રમુખપદે થઈ હતી. તે ઉપરાંત બાળકોનો કાર્યક્રમ પણ મોટી સંખ્યાની હાજરીમાં ઉજવાયો હતો.

**માણસા:**—બાલમંદિર તરફથી બાલ-મંદિરના જ બગીચામાં આસોપાલવનો સુંદર શણગાર કરી સ્વ. ગિજુભાઈજયંતી ઉજવામાં આવી. ડૉ. નથ્થુભા.ઇ શાહે પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. તેમણે સ્વર્ગસ્થના જીવનને સમજાવ્યું હતું અને તેમનું અધૂરું કામ પુરું કરવાની શક્તિ આપણે મેળવીએ એમ ઇચ્છા બતાવી હતી. ઉપરાંત વીસનગરના શ્રી ઈશ્વરાચાર્યે પણ દૂરથી એ બોલ કહ્યા હતા. બીજા દિવસના બાલ-સંમેલનમાં બાળકો સારી સંખ્યામાં આવ્યાં હતાં અને શ્રી ઈશ્વરાચાર્યે સૌને ખૂબ રંજન કરાવ્યું હતું.

**ભાવનગર:**— ત્રણ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૩ મીએ સવારે બાલ-મંદિરમાં સૌ મળ્યા હતા. ધૂપદીપ વગેરેથી વાતાવરણ પવિત્ર અને શાન્ત બન્યું હતું. તેમાં હરિજનભાઈઓના ભજનોએ વધારો કર્યો. વચ્ચે સ્વ લગતાં 'પ્રાસંગિક મનન' તથા 'શાંત પળોમાં'થી શ્રી પ્રેમશંકર ભટ્ટે કેટલુંક વાંચી સંભળાવ્યું હતું. સાંજે સાત વાગે રાજ્ય કેળવણી અધિકારી શ્રી દલપતરામ જોષીના હાથે પ્રદર્શનની ઉદ્ઘાટનક્રિયા થઈ હતી. શ્રી નાનાભાઈ ભટ્ટ તથા શ્રી હરભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

તા. ૨૪ મીએ બાળકો તથા શિક્ષકોનું આનંદ-સંમેલન ગામબહાર [illegible]

સ્વર્ગસ્થની પ્રણાલિ પ્રમાણે બધા જ શિક્ષકોએ નાટકમાં ભાગ લીધો હતો. રાસ અને ગરબા બાદ ઉપાહાર કરી સૌ વિખરાયા હતા.

શુક્રવારે શ્રી બજરંગ વ્યાયામ મંદિરે નાટ્ય-પ્રયોગો ગોઠવેલા. બન્ને દિવસોના કાર્યક્રમ ખૂબ ઉત્સાહથી પાર પડયો હતો.

શનિવારે રાત્રે મજૂરલત્તામાં મજૂર ભાઇઓની ખાસ સભા રાજ્ય કેળવણી પ્રધાન શ્રી હરજીવનદાસ મહેતાના પ્રમુખપદે મળી હતી. મજૂરભાઇઓને બાળકોને ભણાવવા તથા પોતે અભણ હોય તો ભણવા અંગે સમજાવવામાં આવ્યું હતું અને તે માટે સ્વર્ગસ્થની પ્રૌઢ શિક્ષણયોજનાનો પરિચય આપ્યો હતો.

તા. ૨૫ રવિવારે જાહેરસભા મળી હતી. તેમાં શ્રી નાનાભાઇ ભટ્ટ, શ્રી હરભાઇ ત્રિવેદી, શ્રી હીરાલાલ પંડ્યા, શ્રી જમુભાઇ દાણી, તથા શ્રી ચુનીભાઇ-શાહે સ્વર્ગસ્થને જુદી જુદી રીતે અંજલિ આપી હતી. ગિજુભાઇની આત્મ-શ્રદ્ધા અને પોતાના કાર્યનો અડગ વિશ્વાસ આપણામાં ઉતારી તેમનો યજ્ઞ ચાલુ રાખવાની આશા વ્યક્ત કરાઇ હતી. શ્રી નાનાભાઇ ભટ્ટે કહ્યું: "હવે બોલ બોલ કયાં સુધી કરવું ? પોતાના કામની ગિજુભાઇ જેવી એકનિષ્ઠા હું કયાં ય જોતો નથી. મૂંગા મૂંગા પણ કરી બતાવવું જોઇએ. ગિજુભાઇ જેવી સાચી નિષ્ઠા કેળવવી જોઇએ. હું આજે સાચી કેળવણી કયાં ય જોતો નથી. કેળવણીને નામે જાતજાતના શો-ઓવાળી હાટડીઓ જોઉં છું. કેળવણીનું સાચું કામ આપણી પાસે ચોક્કસ ધ્યેય, આદર્શ ને અડગ નિષ્ઠા તેમ જ ચોક્કસ પદ્ધતિ માગી લે છે." [illegible] ભાવનગરે

રાત્રે હરિજનવાસમાં શ્રી રણછોડદાસ-ગાંધીના પ્રમુખપદે સભા મળી હતી. મ્યુ. ચેરમેન શ્રી કોઠારી તથા માનભાઇ ભટ્ટ, શ્રી હેમુભાઇ વગેરે હાજર હતા.

પ્રદર્શન સોમવારથી શુક્રવાર સુધી ખુલ્લું રાખવામાં આવ્યું હતું.

**વડોદરા :**—શિશુકુંજ, શિશુભારતી અને અન્ય શાળાઓના ઉપક્રમથી ઉત્સવ ઉજવાયો હતો. સૌ. સુભદ્રાબાઇ પગારના શુભ હસ્તે બાળકોના કામનું પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

બાળકોના અભ્યાસ ઉપરાંત તેમણે કરેલાં ચિત્રો, માટીકામ અને કાગળનાં રમકડાં વગેરેનું નિરીક્ષણ કરી માબાપોને પણ બાળકોના શિક્ષણ અને આદિત્ય માટે પૂર્ણ લક્ષ આપવા સ્ત્રી અધ્યાપન પાઠશાળાનાં પ્રિન્સિપાલ શ્રી ગંગુબાઇ પટવર્ધને સલાહ આપી હતી. તે ઉપરાંત પ્રો. ચતુરભાઇએ તથા સૌ. સુભદ્રાબાઇએ શ્રદ્ધાંજલિ આપી હતી [illegible]

તા. ૨૩ મી સાંજે ૬॥ વાગે તારકેશ્વરમાં રાજરત્ન શ્રી રમનારાયણ કાનુનગો સાહેબના પ્રમુખપદે જાહેર સભા મળી હતી. જાહેર સભામાં પ્રો. રમણલાલ દલાલ, શ્રી ગોપાળરાવ વિદ્વાંસ, શ્રી વિષ્ણુપ્રસાદ મજુમદાર તથા, શ્રી શંકરભાઇ પટેલે ગિજુભાઇની અમૂલ્ય બાલસેવાની તારીફ કરી હતી.

**ઇંદોર:**—ઇંદોરના વિદ્યાર્થીસંઘ તરફથી પુણ્યતિથિ ઉજવાઇ હતી. શ્રી. ઠોકે, શ્રી શ્રીનિવાસજી બેંકર તથા શ્રી પ્રભાકરજી દુબે, વગેરેએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં. ઠેર ઠેર બાલક્રીડાંગણો ઊભાં કરવાની પ્રવૃત્તિ ઉપાડી લેવાની ઇચ્છા પ્રગટ કરાઇ હતી.

**વીસનગર :**—અમદાવાદના શ્રી ગોવિન્દ-ભાઇ ડૉકટરના પ્રમુખપદે ઉત્સવ ઉજવાયો હતો.

તેમના હાથે માતુશ્રી ચંદુબાઈ બાલમંદિરનાં ચિત્રપ્રદર્શનનું ઉદ્ઘાટન થયું હતું. સાંજે બાલ-સંમેલન ભરાયું હતું. બીજે દિવસે વિદ્યાર્થીઓ અને પ્રાથમિક શાળાના શિક્ષકોની સભા થઈ હતી. જનતાના પૂરા સહકારથી આખો કાર્યક્રમ સફળ થયો હતો.

---

# બાળકોની બીક દૂર કેમ થાય

( ગતાંક ૪ પાનું ૪૮ થી ચાલુ )

બીકનું એવું છે. જે વસ્તુની બીક લાગતી હોય તેનાથી હંમેશાં દૂર ને દૂર રહેવાનું બાળકને મન થયા કરે છે. જેમ જેમ બીકનું પ્રમાણ વધતું જાય તેમ તેમ જીવનમા આનંદ ઓછો થતો જાય છે. આપણી આસપાસની અનેક બાબતોનો ઉપભોગ લેતા થઈએ, એ બાબતોમાં આપણે તલ્લીન બનીએ તો આનંદ આવે છે. એથી ઊલટું એ બધી બાબતોથી આપણે જો અળગા રહીએ તો આપણી દુનિયા મર્યાદિત બની જાય છે અને એટલા પ્રમાણમાં દિલ પણ સંકુચિત વૃત્તિનું બને છે, અને આનંદ પણ ઘટે છે. બીકને લીધે અળગાપણું–અતડાપણું આવે છે; અળગા-પણાને પરિણામે હલનચલન કે ક્રિયાઓનું પ્રમાણ ઘટી જાય છે, અને ક્રિયાશક્તિ ઓછી થવાથી બુદ્ધિશક્તિ અને ભાવનાઓમાં જડતા પેસવા માંડે છે. માટે જ બીક દૂર કરવી બહુ જરૂરનું છે. જેનાથી ભય કે બીક લાગતી હોય એને જ અંગે કશી નવી પ્રવૃત્તિ કરવાનું યોજી કાઢીએ તો ભય દૂર થાય છે. કુ. ઇંદુબેન ચાર વર્ષનાં હતાં. હરેક પાળેલા પ્રાણીથી તે બહુ બીતાં, પરંતુ એ જ પ્રાણીઓનાં લાકડાનાં કે માટીનાં રમકડાં સાથે રમવામાં એમનું હેતાળ અંતઃકરણ દેખાઈ આવતું. એમના એ સદ્‌ગુણનો લાભ લઈ એમની પ્રાણીઓની બીક અમે દૂર કરી દીધી. અમારી ટીપુડી ( કૂતરી ) બહુ ગરીબ હતી. કોઈ સામે કદી ભૂંકતી નહિ. તેમાંય નાનાં બાળકો-તેને બહુ ગમતાં. ઇંદુબેન સાથે તે ગેલ કરવા આવતી પણ ઇંદુબેન તો તેને દૂરથી દેખીને જ નાસી જતાં: અમે ઇંદુબેનને સમજાવતાં: " જુઓ ઇંદુબેન! ટીપુડીને તમારા પર વહાલ કરવું બહુ ગમે છે; તેને તમે પંપાળો એટલા આરે તે તમારી પાસે આવે છે, ત્યારે તમે તો ભાગી જાઓ છો. એવું કરાય ? એ બિચારીને કેટલું દુઃખ થાય છે ?" ઇંદુબેનના માયાળુ સ્વભાવને ઉત્તેજન મળતું. આમ આસ્તે આસ્તે તેમની ટીપુડી બાજુની બીક જતી રહી. બાળકોમાં રહેલું સહજ માયાળુપણું, સહાનુભૂતિ, ચોકસાઈ અથવા સ્પર્ધા જાગૃત થતાં જ આપોઆપ તેમનો ભય દૂર થાય છે. બાળકોમાં અનુકરણવૃત્તિ પણ વધારે પ્રમાણમાં હોય છે; એનો ઉપયોગ કરીને પણ તેમની બીક દૂર કરી શકાય છે. વિના કારણે અથવા કોઈ નાનાશા કારણે બાળકો ઘણી વાર બીવા લાગે છે. ઘણાં બાળકો પાણીથી બહુ ડરે છે; તરવા જવાનું નામ લેતાં જ તેમને ધ્રૂજારી છૂટે છે. આવે વખતે એવા બાળકને પાણીમાં તરવા ઉતારતા પહેલાં રોજ તળાવ કે તટીએ બીજાં બાળકો સાથે નાવા લઈ જવાથી અને અનેક બાળકોને તરતાં અને

પાણીમાં રમત કરતાં જોવાં દેવાથી, આસ્તે આસ્તે એ બાળક સ્વયં પાણીમાં ઊતરતું થાય છે; અને શરૂમાં ગોઠણપૂર પાણીમાં તો પછી કમરપૂર પાણીમાં જવા માંડી આખરે બધાં સાથે તે પણ તરવાનો આનંદ લૂંટવા માંડે છે.

બાળકોની બીક દૂર કરવાના ઉપર કેટલાએક રસ્તાઓ બતાવ્યા છે. મુખ્ય વાત એ છે કે બાળકોની બીક દૂર કરવા માટે જે ઉપાયો લઈએ તેમાં સમજાવટ, અને એમાં બીવા જેવું કશું નથી એવી તેમની ખાતરી કરાવવાનાં ઉપાયો યોજવા જોઈએ. થોડોક આગ્રહ કરવાથી બાળક કોઇ વાર થોડી હિંમત બતાવે એથી એ બાબતમાં ભય પામવા જેવું કશું નથી એવી એમને મનથી ખાતરી તુરત થતી નથી. પરંતુ આવે પ્રસંગે પણ બાળકોને સહેજ આગ્રહ કરીને અટકી જવું જોઈએ. દબાણ કરવાથી તો પરિણામ ઊલટું જ આવવાનો સંભવ વધારે છે. માર અથવા દબદાટીના ઉપાયો સાવ નિરર્થક છે– અસ્થાને છે. બીકણ બાળકને નીડર બનાવવામાં મોટેરાંઓની ત્વરિત અને ધીરજની બરોબરી કસોટી થાય એવું છે.

હું એમ નથી કહેવા માગતી કે બાળકોને કોઇ પણ બાબતની બીક ન જ લેવી જોઇએ. જે બાબતોથી બરોબર ડરવાની જરૂર છે એવી બાબતોથી બાળકો સહેજ બીતાં રહે એ જ યોગ્ય છે. અગ્નિ પાસે જવામાં, ખૂબ ઊંચેથી લંબાઇને ડોકાવામાં, તેમ જ મોટાં શહેરોમાં રસ્તો ઓળંગતી વેળા ગાડીઘોડા કે મોટરોથી કચરાઇ જવામાં ભય રહેલો છે, અને એવે વખતે સાવચેતીની જરૂર છે જ; એવે પ્રસંગે પણ જો બાળક બેદરકાર રહેતું હોય તો ત્યાં તેમાં રહેલ જોખમ બાળકને સમજાવવાની પણ આવશ્યકતા છે. એ સાવચેતી એના પોતાના રક્ષણ અર્થે જ છે. પણ એમાં એ પણ જોવું જોઇએ કે સાવચેતી બીકમાં ન પરિણમે. અગ્નિથી સાવચેત રહેવાનો અર્થ તેની પાસે પણ જવામાં એવી ડરપોકવૃત્તિમાં પરિણમતો હોય તો તે અટકાવવો જરૂરી છે. સાવચેતીના પ્રસંગો બીકમાં ભળી જાય ત્યાં બીકનાં જે માનસિક પરિણામો છે તે એમાં પણ આવવાનાં જ, અને બાળકોના માનસિક વિકાસનાં રોધક બનવાનાં જ છે. ઘણે ભાગે બાળકોમાં આવતી બીકની જવાબદારી વડીલોની જ હોય છે. આપણી વાતચીતો અને અજાણપણે મોં પર થતા હાવભાવોની ઊંડી અસર બાળકો પર થયા વિના રહેતી નથી, અને એ વેળાની આપણી ભયભીત મુદ્રાઓ બાળકોમાં કાયમી ભય પેદા કરે છે ન કરવા જેવું કોઇ કાર્ય બાળક કરતું હોય ત્યારે તેને રોકવા માટે આપણે કોઇ જાતની બીક તેને બતાવીએ છીએ; તે વખતે આપણો ખ્યાલ નથી રહેતો. પણ એ જ બીક બાળકોમાં જડ કરી બેસે ત્યારે આપણે બાળકને બીકણ ગણી તેની મશ્કરી કરવા લાગીએ છીએ. બાઘડો, બિલાડી, વાઘિયો, ડિસપાઇ, પટ્ટાણ, વગેરે અંગે શરૂઆતમા આપણે જ બાળકોને બીવરાવીએ છીએ પણ જરા દહાડે વસ્તુતઃ નિરુપદ્રવી એવી આ બાબતો બાળકોના મનમાં ભયંકર અને

બિહામણાં રૂપો ધારણ કરી જડાઈ જાય છે, અને બાળક કોઇ પણ પ્રવૃત્તિ કરવા માંડે કે આ કલ્પનાનાં ભૂતો તેની આસપાસ જઆ થાય છે ને અણઘટતી બીકને પરિણામે તેને ક્રિયાહીન અથવા નિશ્ચેષ્ટ બનાવી મૂકે છે.

આપણે વડીલોએ એ ખાસ જોવાનું છે કે નજીવી લાગતી આપણે બતાવેલી ડરામણીનું પરિણામ બાળકને સદાને માટે બીકણ, ડરપોક અને નમાલું ન બનાવે!

સુલભાબહેન પાણંદીકર

---

# આજનાં બાલમંદિરો

ગુજરાત મહારાષ્ટ્રમાં મળીને એકંદરે આજે ૨૫ બાલમંદિરો નૂતન બાલશિક્ષણ સંઘ સાથે જોડાયેલાં છે. તે સિવાય નહિ જોડાયેલાં એવાં બાલમંદિરો લગભગ બમણાં તો ઓછાંમાં ઓછાં હશે જ. ફક્ત અમદાવાદમાં જ ડૉ. મોંટીસોરી આવવાનાં હતાં ત્યારે ચાલીસેક બાલમંદિરો ગણવામાં આવ્યાં હતાં, જ્યારે આજે સંઘ સાથે જોડાયેલાં માત્ર ત્રણચાર જ છે. એ હિસાબે તો ન જોડાયેલાં બાલમંદિરો બસો કે વધારે પણ હોય તો નવાઈ નથી.

આજના આ બધાં બાલમંદિરો કેવા પ્રકારનાં છે તે આપણે જોઇએ.

(૧) વેપારી વૃત્તિનાં બાલમંદિરો:—હાલમાં ચાલતાં બાલમંદિરોમાં એક મોટો વર્ગ વેપારી વૃત્તિથી ચાલતાં બાલમંદિરોનો ગણાવી શકાય. તેમાંથી કેટલાંએક જરા ઠીક ઠીક પણ ચાલતાં હશે. પણ ચલાવનારના ઉદ્દેશમાં મોટો તફાવત હોય છે. આ પ્રકારનાં બાલમંદિરોનો મુખ્ય ઉદ્દેશ બાલમંદિર સારી રીતે ચાલવું જોઇએ એટલે ચલાવનારને તેમાંથી સારી એવી કમાણી થવી જોઇએ, એ હોય છે. તેથી પૈસા આપનાર વર્ગને તેમણે સંતુષ્ટ રાખવો જ પડે છે. તે કારણે પૈસા આપનાર વર્ગ એટલે વાલીઓ શિક્ષણમાં જે જે માગે તે, તે આપવા તેઓ પ્રયત્ન કરે છે. ઉપરાંત શાળાનો દેખાવ, રૂપરંગ વગેરે જે જે બાબતોથી વાલીઓ ખુશ થાય ને શાળાને સારી ગણે, તે બધું કરવા ચાલકવર્ગ તત્પર હોય છે. તેમની ભૂમિકા વાલીઓને જોઇએ તે પૂરું પાડવાની હોય છે, નહિ કે શિક્ષણ આપી બાળકોને માટે શું સારું તે તેમને બતાવવાની. આ કારણસર આજે બાલશિક્ષણમાં ઘણી અનિષ્ટ બાબતો પેઠી છે. એ અનિષ્ટ છે એમ ઘણાખરા ચાલકો ને શિક્ષકો જાણે છે છતાં ચલાવે છે, ને શિક્ષકની ભૂમિકામાંથી બસી જઇ વેપારીઓ બને છે.

આવી અનિષ્ટ બાબતોના થોડાએક દાખલાઓ ગણાવી શકાય.

બાળકોને થોડી અંગ્રેજી કવિતાઓ મોઢે કરાવીએ કે પાંચ દસ વાક્યો અંગ્રેજી બોલતાં કરીએ તો વાલીઓ ઘણા જ ખુશ થાય છે માટે તેવું શીખવવા સારુ ઘણાં બાલમંદિરો એંગ્લો-ઇંડિયન અથવા પારસી બાનુઓને શિક્ષિકા તરીકે રાખે છે. બાળક "ચાંદા ચાંદા! ઘીગોળ માંડા." બોલે એમાં શું? એ તો આપણને પણ આવડે એમ બાબાપોને લાગે છે. તેઓ "ધી કાઉ જંપડ ઓવર ધી મૂન" એવું કાંઇ, ભલે ને કઢંગા ઉચ્ચાર કરીને, કશું સમજ્યા વગર, બાળક બબડતું હોય તો એવા રાજી થાય

છે: " ઓહોહો ! આપણું અઢી ત્રણ વર્ષનું બાળક અંગ્રેજી કવિતા ગાય છે ! " " વૉટ ઇઝ ધિસ ? ધિસ ઇઝ એ ટેબલ " બાળક એવું એવું અંગ્રેજી બોલે તે શાળા તો બહુ જ સારી કહેવાય ! શિક્ષકે તો ભારે કરી એમ કહેવાય ! તેથી બીજાં પાંચદસ બાળકો પણ એ શાળામાં જવા લાગે છે, અને શાળા ચલાવનાર સંચાલક કે માલેકનો હેતુ સાધ્ય થાય છે. ફી ઉપર કમાણી કરનાર શાળાને પાંચ પચાસ બાળકો વધે, શાળામાં સંખ્યા સારી થાય, એ જ પહેલવહેલાં જોવાનું હોય છે !

" બાળકોની ફી રૂપિયા પાંચને બદલે દસ લ્યો, પણ ઝટ ઝટ ભણાવી દો. " એમ વાલીઓ કહે છે ને માસ્તરો જાહેરાત કરતા ફરે છે કે " અમારી શાળામાં બે વર્ષમાં ચાર ધોરણ કરાવી દેવામાં આવે છે ! " અગર " અમે છ મહિનામાં બાળધોરણ ને પહેલી સાથે કરાવીએ છીએ ! " વાલીઓને શાળા ખૂબ જ પસંદ પડે છે; ફી આપ્યા પ્રમાણ લાગે છે ! " ભલે ને થોડા પૈસા વધારે જાય ? પણ બાળક સાતમે વર્ષે હાઇસ્કૂલમાં જાય તો કેવું સારું ? હોશિયાર ગણાય, ને આગળ જતાં વહેલું ધંધે વળગી શકે" એમ વાલીઓને થાય છે. આવી પરિસ્થિતિમાં બાલશાળાઓએ વાલીઓને રાજી રાખવા માટે ઝટ ઝટ ભણાવી દેવું જ જોઇએ, ને ભણાવી દેવા માટે જે જે કરવું ઘટે તે કરવું જ જોઇએ. એટલે સ્પેશ્યલ વર્ગ પણ લેવો જોઇએ; બાળકોને ' ઝટ મોઢે કરો. ' એમ કહેવું પણ જોઇએ, અને ન કરે તો તેનો ઉપાય પણ લેવો જોઇએ ! ઘરે માસ્તર પણ રખાવવા જોઇએ. એકંદરે બહારથી બાલમંદિરનું નામ ને રૂપ રાખી અંદરથી ઘૂડી નિશાળની પદ્ધતિ ચલાવી બાળકોને વાલીઓની દૃષ્ટિએ હોશિયાર કરી આપ્યે જ તેમને છૂટકો ! એવી પરિસ્થિતિ આ વેપારી બાલમંદિરો આનંદથી સ્વીકારે છે, કેમકે તેમનો આનંદ કમાણીમાં ને " ઉત્તમ શાળા " એવી મળતી નામનામાં હોય છે.

સારો દેખાવડો સામાન વસાવવાની તથા એકંદરે બાલમંદિરનો દેખાવ સરસ કરવાની વૃત્તિ ચાલકોમાં હોય છે, કારણ પૈસાદાર વાલીઓને તે વગર શાળા આકર્ષક લાગતી નથી. તેથી આવી શાળાઓમાં ઘણી વાર અગત્યની વસ્તુઓને કે પ્રવૃત્તિઓને સ્થાન મળતું નથી, જ્યારે ઠાઠ ઠઠારામાં સારી પેઠે પૈસા વપરાતા દેખાય છે.

આવાં બાલમંદિરોમાં કેટલીએક જગ્યાએ અમુક રીતે વાર્ષિક મેળાવડાઓ કરવાની પ્રથા પણ દેખાય છે કેમકે ઘણી વાર મેળાવડાનાં અભિનયગીતો, નૃત્ય સીન્સ, લાઇટ, કપડાં વગેરેની અસર વાલીઓ ઉપર ખૂબ થાય છે, અને તેથી પણ શાળાને આગળ વધવામાં સારી મદદ થાય છે

(૨) બાલમંદિરોનો બીજો પ્રકાર તે અનુકરણિયા બાલમંદિરોનો ગણાવી શકાય.

' બીજાં મોટાં બાલમંદિરો આવું કરે છે, તેવું કરે છે; ને આપણે તેમ કરીએ નહિ તો ખોટું દેખાશે, આપણું બાલમંદિર સારું કહેવાશે નહિ, બધાંની સાથે હારમાં ઊભાં રહેવું હોય તો આપણે પણ બીજાં કરે તેમ કરવું જ જોઇએ.' એમ માની ઘણાં બાલમંદિરો અનુકરણમાં ઢસરડાય છે.

મેં કેટલીય જગ્યાએ જોયું છે કે બીજાં કરે માટે પોતે મેળાવડાઓ કરવા નીકળે છે, બીજાંનું નૃત્ય વખણાયું માટે પોતે મહિના બે મહિના માટે અભિનય અને નૃત્ય શીખવનાર શિક્ષક રાખે છે, પડદાઓ કરાવે છે, ને કેટલાયે ખર્ચમાં ઊતરે છે. પૂછીએ કે " આવું બધું શું કામ કરો છો? ' તો

'અમારા ગામમાં આમ ન કરીએ તો ન ચાલે; ભાવનગરની વાત જુદી હતી ને અહીંની જુદી છે.' એમ કહી ઊલટાં આપણને સમજાવવા લાગે છે.

એ જ રીત અંગ્રેજની, એ જ રીત ગાડી રાખવાની, એજ રીત જલદી ભણાવી દેવાની. બધું બીજાં મોટાંઓ કરે તેમ કરવું જ જોઇએ, નહિ તો પોતાની શાળા રદ્દી ગણાય ને આગળ ચાલે નહિ, પોતાને ત્યાં સારા ઘરનાં બાળકો આવે નહિ, પૂરતી સંખ્યા થાય નહિ, ને પૂરતી ફી ન આવે તો શાળા કેમ ચાલે ? મહિનાનો ખર્ચ કેમ નીકળે ? શિક્ષકોને સારો એવો પગાર આપવો પડે, સાધનો વગેરે બધું અદ્યતન રાખવું પડે, એ બધું કેમ થાય એ રોજની ચિંતા અાવાં બાલમંદિરોના ચાલકોને માથે ઝઝૂમતી હોય છે. તેથી અનિચ્છાએ પણ તેઓ પ્રતિષ્ઠિત કહેવાતાં બાલમંદિરોની જેમ બધું રાખવાનો પ્રયત્ન કરે છે. આમાંથી કેટલાંએક આ બધું કરવું બરાબર જ છે એમ માને છે, જ્યારે કેટલાંએક મનમાં સમજે છે કે સોચી કરવા જેવી વસ્તુ જુદી છે, પણ તેને વળગી રહ્યે પોસાય તેમ નથી, "'માટે કરતાં હોઇએ તેમ કરીએ ને છાસની દોણી ભરીએ." એમ ચાલે છે.

(૩) શોભાનાં બાલમંદિરો :—પોતાના ગામમાં બધી જાતની સારી ગણાતી સંસ્થાઓ હોવી જ જોઇએ, કોઇ મોટા માણસો આવે તો તેમને બતાવવા જેવી બધી સંસ્થાઓ બતાવવા જેવા રૂપમાં હોવી જોઇએ, એવા વિચારથી કેટલાંએક બાલમંદિરો ચાલે છે. ગામમાં જેમ એકાદ બગીચો હોય, હોસ્પિટલ હોય, હાઇસ્કૂલ હોય, તેમ હાલના જમાનામાં એકાદ બાલમંદિર પણ હોય તો તે ગામ અદ્યતન ગણાય છે. આ સંસ્થા માટે મોટું સારું મકાનો હોય ને સાધનસામગ્રી દેખાવની બધી સારી હોય એટલે બસ. ત્યાં સારો શિક્ષક હોવો જ જોઇએ અથવા કામ અમુક જ રીતે ચાલવું જોઇએ, એવો આગ્રહ કોઇ રાખતું નથી. ગામમાં બાલમંદિર પણ છે, તેને માટે સારું મકાન પણ છે, ને સરસામાન પણ છે, એટલું બતાવવા પૂરતું ચાલતું હોય તો બસ !

આવાં બાલમંદિરો વિકાસ પામતાં જ નથી. કેમકે તે વિકસાવવાનો ચાલકોનો ઉદ્દેશ જ હોતો નથી. ત્યાં સુધારાવધારા, બાળકોની અથવા શિક્ષકોની સગવડઅગવડ, કશાનો વિચાર કોઇ કરતું જ નથી. કેમકે મૂળમાં જ તેવા વિચારથી શાળાની શરૂઆત થયેલી હોતી નથી. સંસ્થો સ્થાપવાનો મૂળ હેતુ સરે એટલું જ પોષણ તેને મળે છે; તેથી વધારે નહિ.

(૪) લેભાગુ બાલમંદિરો :—એ પણ એક વેપારી બાલમંદિરોનો જ વર્ગ છે. વેપારી દૃષ્ટિએ બરાબર ચાલતાં બાલમંદિરો જોઇ ઘણાંને થાય છે કે આ એક સારો ધંધો છે. તેથી જેમનામાં જરા ધંધો કરવાની આવડત અથવા બુદ્ધિ હોય એવા માણસો આગળ આવે છે, એકાદ ડિપ્લોમાવાળાને પોતાને ત્યાં રોકે છે ને બરાબર સીધો વેપાર જ શરૂ કરે છે. આવા માણસોમાં વેપારી દૃષ્ટિ હોય છે પણ શિક્ષણની દૃષ્ટિ બિલકુલ જ હોતી નથી તેથી તે બાલમંદિરોનું કામ લેભાગુ રીતે ચાલે છે.

આવાં બાલમંદિરોનો એક વર્ગ પોતાની પાસે થોડીએક મૂડી હોય તો તે રોકી ભાડૂતી શિક્ષકો રાખી બાલમંદિરો ચલાવનારનો છે, જ્યારે બીજો વર્ગ પોતે જ શિક્ષક, પોતે જ ચાલક, બધું પોતે જ ચલાવનાર ઘૂડી નિશાળનો હોય છે. તેમની પાસે નાણાં હોતાં નથી, એટલે બાળક દીઠ એકએક બબે રૂપિયા જે કી મળે છે તે ઉપર

તેઓ ચલાવે છે. શરૂઆતનાં સાધનો ભેટ આપનાર કોઇ દાતા તેઓ શોધી લે છે; તો કોઇ કોઇ જગાએ તો સાધનો પણ હોતાં નથી, માત્ર બાલમંદિર એ નામથી જ તેમનું ચાલી શકે છે ! સાધનો હોય કે ન હોય, અંદર કામ કરવાની પદ્ધતિ બન્નેની સરખી જ હોય છે; એટલે એ બન્નેમાં કશો ફેર હોતો નથી.

બાળકોને એકઠા કરવાં, તેમને પાટી ઉપર ફક્કો ને એકડા કાઢી, દેવા ને કઢાવવા, થોડી વાર્તા કહેવી, થોડાં ગીતો બોલાવવાં એટલે બાલમંદિરનું કામ પૂરું ! નથી હોતી ત્યાં શાંતિ, સ્વચ્છતા કે વ્યવસ્થા. સાધનો હોય તોપણ મોટે ભાગે તે વપરાતાં નથી; ને કોઇ જગ્યાએ વપરાતાં હોય તો તે બાળકોને ફાવે તેમ વપરાય છે; તેની ગાડી પણ કરાય, મોઢામાં પણ નખાય ને બધું જ થાય ! ત્યાં બાળકોને બે ગાળો પણ દેવાય ને જરૂર પડે ટાપલી પણ મરાય છે.

(૫) અજ્ઞાની બાલમંદિરો :—બાલમંદિર એ વસ્તુ બહુ સારી છે, તથા બાળકોને માટે કાંઇક કરવું જોઇએ એ વાત કેટલાંએકના મનમાં હસી જાય છે. શિક્ષણપત્રિકા વાંચીને અથવા કોઇનાં વ્યાખ્યાનો સાંભળી કે પુસ્તકો વાંચીને કેટલાંએકના મનમાં તમન્ના જાગે છે કે આપણે આપણા ગામનાં બાળકો માટે કાંઇક કરવું જોઇએ. તેઓ તરત બાલમંદિર શરૂ કરે છે, પણ તે માટે સાધનો કેવાં હોય અથવા પદ્ધતિ કેવી હોય તે કશું જ જાણતાં નથી. તેથી બાળકોને ભેગાં કર્યા-પછી શું કરવું તે તેમને સમજાતું નથી. કાંઇક વાંચ્યું હોય કે સાંભળ્યું હોય તે ઉપરથી કાંઇક કર્યા કરે છે; બહુ બહુ તો એવા કોઇ જાણકારને પત્ર લખી તેઓ સૂચનાઓ માગે છે. કોઇ વાર તેમને બોલાવીને દિશાસૂચન મેળવી લેવાનો પ્રયત્ન પણ કરે છે. પણ મૂળમાં કશી બબર જ હોતી નથી એટલે બિચારાં ઘણી સારી ઇચ્છા છતાં કેટલું કે કરી શકે ? આવાં બાલમંદિરો જોઇ આપણને ચલાવનારની દયા આવે છે. એ બિચારાં સાચા દિલથી, બાળકો વિષેની સાચી હિતબુદ્ધિથી કાંઇક કરવા પ્રેરાય છે બરાં; એમની ભાષા ને કાર્ય પ્રચારકની ઢબનું હોય છે. પણ તેઓ કશું જાણતાં નથી હોતાં એટલે બાલમંદિરો તો ગમે તેમ ચાલે છે. ઘણે ભાગે એવાં બાલમંદિરો કૉન્વેંટ અથવા અંગ્રેજી કિંડરગાર્ટન શાળાનું રૂપ પકડે છે, કેમકે ચલાવનારને સારી બાલ શાળાનો થોડોક ખ્યાલ તેથી શાળાઓ ઉપરથી આવેલો હોય છે.

(૬) નિરાશ્રિત બાલમંદિરો:—કોઇ સારી ક્ષણે કોઇ ભાવનાશાળી વ્યક્તિ બાલશિક્ષણ વિષે નવા વિચારો વાંચી હલી જાય છે, અને તે વિષે અભ્યાસ કરવા નીકળી પડે છે. બરાબર પાકે પાયે અભ્યાસ કરીને તૈયાર થઇને તે આવે છે. પોતે નવા વિચારોથી સળગેલા હોવાથી ગામના બીજા લોકોમાં બગશ ઉત્પન્ન કરી શકે છે, ને તેમની મદદથી ગામમાં એકાદ બાલમંદિર શરૂ થાય છે. શરૂઆતમા તો બધાંને જ ઉત્સાહ હોય છે, એટલે મોટી ધામધૂમથી ઉદ્ઘાટનક્રિયા કોઇ મહાન્ વ્યક્તિને હાથે થાય છે, ને બધે અનેરો ઉત્સાહ ને બગશ ઉત્પન્ન થાય છે. સાધનો, પદ્ધતિ, મકાન, બીજું ત્રીજું, બધું સરસ રીતે ગોઠવાય છે ને કામ પણ સરસ ચાલવા લાગે છે. એ જ બાલમંદિરો ૮–૧૦ વર્ષ પછી નિરાશ્રિત સ્થિતિમાં જોવામાં આવે છે. ગામના લોકોનો ઉત્સાહ ઓસરી જાય છે. બાળકદીઠ રૂપિયો કે બે રૂપિયા જે આવતી હોય તેમાં ને તેમાં ચાલે તેમ ચલાવાય છે. સાધનો તૂટીફૂટી ગયાં હોય તો એક ખૂણામાં કે કબાટમાં બડકી દેવામાં

# ક્ષમાયાચના

આ પાંચમો અંક ગ્રાહકોના હાથમાં લગભગ એક મહિના કરતાં પણ મોડો પહોંચાડવામાં આવે છે, તે સારુ અમે ક્ષમા માગીએ છીએ.

નવો 'કાગળ નિયમનધારો' ગઈ ૨૦મી જુલાઈએ વડોદરા રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો તેથી ૨૨મી તારીખે પ્રગટ થનારો જુલાઈનો અંક મોકૂફ રહ્યો. શિક્ષણપત્રિકા પ્રગટ કરવાનું ૧૯૪૩ થી વડોદરામાં ફેરવાયલું હોઈ, કાગળ નિયમન ધારા અનુસાર ૧૯૪૩ થી પ્રગટ થનારાં સામયિકોએ વડોદરા સરકારની લેખિત પરવાનગી મેળવ્યા પછી જ પ્રકાશન કરવાનું હતું. તે અનુસાર શિક્ષણ-પત્રિકાના જુલાઈ અંકના પ્રકાશન માટે કરેલી અરજી મંજૂર થઈ અમારા હાથમાં આવતાં આ અંક આટલો મોડો પ્રગટ થયો છે. લગભગ બધા ગ્રાહકોએ અમારી આ અનિવાર્ય પરિસ્થિતિ કચવાટ વિના સહી લીધી છે તે માટે અમે ખરેખર તેમના ઋણી છીએ; પરંતુ વાચકો સમક્ષ અમારે એક બીજી પણ હકીકત રજૂ કરવાની રહે છે. તે એ છે કે આ નવા ધારા અનુસાર 'ન્યૂઝપ્રિન્ટ' સિવાયના કાગળો ઉપર છપાતાં સામયિકોએ પોતાનાં કદ ૩૦ ટકા ઉપર લાવી દેવાનાં છે. આ રીતે જોતાં અસલ ૧૬ પાનાંમાંથી કાગળની બચતવારીને કારણે ૧૨ પાનાં ઉપર આવેલી શિક્ષણપત્રિકા, હવે કાયદાનુસાર ફક્ત ૪ પાનાંમાં જ છપાઈ શકે! નૂતન બાલશિક્ષણ સંઘનું ધ્યેય, શિક્ષણના પ્રચારનું તેનું કાર્ય, અને માસિકમાં વપરાતા કાગળનો બહુ નાનો જથ્થો વગેરે બાબતો રજૂ કરી નૂતન બાલશિક્ષણ સંઘના વતી વડોદરા સરકારને અરજી કરી શકય હોય તો તેઓ નામદાર શિક્ષણપત્રિકાને જે કદમાં તે આજે પ્રગટ થાય છે તેટલા જ કદમાં એટલે કે ૧૨ પાનાનાં અંક તરીકે પ્રગટ કરવાની મંજૂરી આપે. જો આ અરજી મંજૂર થશે તો હવે પછી શિક્ષણપત્રિકાના બધા અંકો નિયમિત કદમાં મળશે, અને નહિ તો માત્ર ૪ પાનાંનો જ અંક નાઈલાજ પ્રગટ કરવો પડશે. શિક્ષણપત્રિકાનું પ્રકાશન એમ ને એમ ચાલુ રહે તે માટે જ મૂળે તો લેખિત પરવાનગીની જરૂર હોઈ એ અંગે યોગ્ય સ્થળે અરજીઓ રજૂ કરેલી જેનો નિકાલ આવી ગયો છે. તે મુજબ હવે પછીનો અંક ગ્રાહકોના હાથમાં વહેલી તકે મૂકશું. થયેલ વિલંબ માટે ફરી વાર વાચકો અને ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ.—તંત્રી

---

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૩૧-૮-૪૪.

નામદાર વડોદરા સરકારનો હુકમ નં. D ૬/૪ તા. ૨૩-૮-૪૪ ની મંજૂરીથી

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

બાળકોને રુચે અને તેમને માફક આવે તેવો સાત્વિક ખોરાક આપવાની આવશ્યકતા માબાપો સ્વીકારવા લાગ્યાં છે એ આનંદની બિના છે. પરંતુ તેમની બૌદ્ધિક ભૂખ સંતોષવા માટે તેમને સુંદર ચિત્રો, શોભીતાં રમકડાં અને ખાસ કરીને વાર્તાનાં મનોરંજક પુસ્તકો સંપડાવવાની જરૂરિયાત હજુ તેમણે સ્વીકારી નથી એ ખેદની વાત છે.

બાળકો જો સંકુચિત બુદ્ધિનાં રહે તો તેનો દોષ કોને દઈશું ?

## વાચકો ધીરજ રાખે

આ અંક ચાર જ પાનાંનો ગ્રાહકોના હાથમાં મૂકતાં અમને દર્દ થાય છે. પરંતુ કાયદા પ્રમાણે આથી વધારે પાનાં આપી શકાય તેમ નથી. આટલી ટૂંકી જગ્યાની કરકસર કેમ કરવી તેનો વિચાર કરી બને તેટલી સંકોચભરી રીતે અંક છાપવાનો પ્રયત્ન કર્યો છે. આથી ઝીણાં બીબાં લઇ શકાય પણ આજે તે શક્ય નથી, એટલે નાઇલાજ છીએ.

આટલાં ઓછાં પાનાંનું માસિક ચલાવવામાં અન્ય બધું પ્રમાણમાં વધારે થાય એ સહજ છે. એટલે લવાજમ કેવી રીતે ગણવું, કેટલું ગણવું, શિક્ષણપત્રિકા ત્રણ ભાષામાં પ્રગટ થાય છે તેને બદલે ફક્ત રાષ્ટ્રભાષામાં જ ચાલુ રાખવી, ગુજરાતી અથવા મરાઠીમાં જ પ્રગટ કરવી, કે ત્રણે ભાષાનું લખાણ સહુને મોકલવું, વગેરે પ્રશ્નો ઊભા થાય છે. આ બધી બાજુનો વિચાર સંઘનું વ્યવસ્થાપક મંડળ કરી રહેલ છે. એટલે જે નિર્ણય થશે તેની પૂરી માહિતી વાચકો આગળ આવતા અંકમાં રજૂ થશે. સપ્ટેમ્બરનો એટલે ૭ મો અંક આ માસ આખર સુધીમાં મળી જશે, અને તે પછીનો ૮ મો અંક ઓકટોબરની ૨૨ મી તારીખે નિયમિત વાચકોને મોકલાશે. ત્યાં સુધી તેઓ ધીરજ રાખવા કૃપા કરે.

તંત્રી

આવે છે. શિક્ષકને પેટપૂરતો પગાર પણ મળતો નથી હોતો, એટલે તે પણ બીજું કાંઇ કામ અથવા ટ્યૂશન કરતો હોય છે, અથવા ભૂખે મરતો હોય છે, એટલે તેનો ઉત્સાહ પણ ટકતો નથી. આબાપ વગરનાં, રસ્તા પર ભૂખે મરતાં બાળકોની જેવી દયામણી સ્થિતિ દેખાય છે એવી સ્થિતિમાં આજે ગુજરાતનાં કેટલાંયે બાલમંદિરો દેખાય છે. શરૂઆત થઇ હોય પૂજ્ય બાપુજીને હાથે, પણ આજે કોઇ સામું જોનાર પણ ન ભળે, એવી સ્થિતિ હોય છે !

(૭) ખટપટમાં-સપડાયેલાં બાલમંદિરો :— ઉપરની પેઠે જ શરૂઆતમાં ઉત્સાહથી શરૂ થયેલાં પણ આજે ખટપટમાં સપડાઇ બરાબર ન ચાલતાં બાલમંદિરોનો પણ એક વર્ગ દેખાય છે. કોઇ જગ્યાએ ચાલકો શિક્ષકને દબાવતા હોય, કોઇ જગાએ કોઇ એકાદ વ્યક્તિ પોતાનું ધાર્યું કરાવવાનો પ્રયત્ન કરતી હોય, કોઇ જગ્યાએ પોતે શિક્ષક જ કાંઇ ખટપટ ઊભી કરતો હોય; પરિણામે બાલમંદિરનું સારા પાયા પર શરૂ થયેલું કામ બગડે છે શિક્ષણની બાબતોને ઓછું બલકે બિલકુલ મહત્ત્વ અપાતું નથી, જ્યારે બીજી નકામી વાતો જ ગંભીર સ્વરૂપ પકડી લે છે. કોઇ ફૂલતાફાલતા વૃક્ષના મૂળમાં ઊધઇ કે જીવાત લાગી જવાથી તેની જેવી સ્થિતિ થાય છે, તેવી સ્થિતિમાં આવાં બાલમંદિરો આવી જાય છે.

(૮) ઘરડાં બાલમંદિરો:—વર્ષોથી અમુક રીતે ચાલતાં હોય તે ને તે જ રીતે ચાલ્યા કરે તેવાં પણ બાલમંદિરો છે. તેમાં નથી કશો નવો ઉત્સાહ કે નથી નવીનતાનો પ્રાણ. એક જ ઢબે એક જ ઘરેડમાં ચાલ્યા કરે એવાં પણ કોઇ કોઇ બાલમંદિરો દેખાય છે.

(૯) ઊતરી ગયેલાં બાલમંદિરો :—કોઇ જગાએ શિક્ષકો જ પોતે શીખેલું બધું ભૂલી જઇ પ્રાથમિક કે ઘૂડી નિશાળ જ, પણ જરા નવા દેખાવની શાળા, ચલાવ્યા કરે છે. શિક્ષક પોતે જ શીખેલું બધું ભૂલી ગયો હોય છે. તેને કોઇ જાતનો ઉત્સાહ કે સિદ્ધાન્તમાં શ્રદ્ધા કે ખાસ વિચારો જ રહ્યા હોતા નથી. તેથી શાળા દિવસે-દિવસે ઊતરતી જાય છે.

(૧૦) મૌલિક રહેવાનો દાવો કરનારાં બાલમંદિરો:—કેટલાએક બાલકોનો એવો ફાંકો હોય છે કે કિંડરગાર્ડન કે મૉંટીસોરી કે એવી કોઇ પદ્ધતિ શા માટે જોઇએ ? બીજાંએ શોધેલું જ પોતે શા માટે ગ્રહણ કરવું જોઇએ ? આપણે પોતે જ નવી પદ્ધતિ ઉપજાવવી જોઇએ; નવાં સાધનો પણ ઉપજાવવાં જોઇએ; આપણે મૌલિક થવું જોઇએ! માત્ર પાશ્ચાત્યનું અનુકરણ કરવામાં શો માલ ? એવા વિચારોથી પ્રેરાઇ કોઇ કોઇ જગાએ સ્વતંત્ર, પોતાની જ પદ્ધતિ પર ચાલતાં બાલમંદિરો પણ જોવા મળે છે.

(૧૧) પદ્ધતિસર ચાલવાનો પ્રયત્ન કરનારાં બાલમંદિરો :—આવાં બાલમંદિરોમાં શિક્ષકોને અને સંચાલકોને બાલમંદિરો અને તેની શિક્ષણ-પદ્ધતિ સંબંધે કેટલાએક ચોક્કસ વિચારો હોય છે; કેટલાએક નક્કી સિદ્ધાન્તોને વળગી રહેવાનો તેમનો પ્રયત્ન હોય છે. એવાં બાલમંદિરો મોટે ભાગે જાહેર સંસ્થા તરીકે, મંડળ કે એવી કોઇ જાહેરની મદદથી ચાલે છે કોઇ જગાએ જાતમાલિકીની સંસ્થા પણ હોય છે, પણ તેવાઓને ટકી રહેવું અઘરું અથવા અશક્ય થઇ પડે છે, એટલે પરિણામે થોડે ઘણે અંશે સિદ્ધાન્તોને બાજુએ મૂકી તેમને શાળા ચલાવવી પડે છે. જ્યાં બીજું કોઇ મંડળ શાળા ચલાવતું હોય ત્યાં ખોટ પૂરી કરવા મંડળ દ્વારા પ્રયત્ન થતા હોવાથી તેમની શાળા ધારેલી પદ્ધતિ કે સિદ્ધાન્ત ઉપર ટકી શકે છે. એવી

શાળાઓને જનતાનો સહકાર કે પીઠબળ ઓછું હોય છે; શાળાનું મંડળ જેટલું જોર કરે તેટલું જ તેમને પીઠબળ હોય છે. તેથી આવી કોઈ શાળા પણ આજે ખૂબ જહેમતજલાલી ભોગવતી દેખાતી નથી. કોઈ કોઈ જગ્યાએ એકાદ સંસ્થા લોકોનો વધારે વિશ્વાસ ને આદર મેળવી શકે છે, ને બાલમંદિરના શિક્ષકો પણ જોરથી કામ કરનારા મળી જાય છે ત્યાં બાલમંદિરો જરા સારા સ્વરૂપમાં આવી ગયેલાં દેખાય છે. તેમાં પણ આવાં બાલમંદિરો તો દેખાય જ છે કે જ્યાં સંસ્થાને બાલમંદિર-સુધારવાની ને સરસ ચલાવવાની ખૂબ હોંશ હોય છે, પણ શિક્ષકો જ મોળા મળે છે; જ્યારે કોઈ જગ્યાએ શિક્ષકો ખૂબ ઉત્સાહી ને બાહોશ હોય છે, પણ મંડળનું પીઠબળ મોળું હોય છે તેથી શિક્ષકો ધારે તેટલું કરી શકતા નથી. જ્યાં બન્ને પક્ષો સરખા મળે છે ત્યાં સોનામાં સુગંધ મળવા જેવું બને છે, ને તેવાં બાલમંદિરો સુંદર-રીતે ચાલતાં દેખાય છે.

તા.

---

## બાગવાન

મારો બાગવાન બહુ જ સારો છે. તે આડા ખોદે છે, બી વાવે છે, પાણી સીંચે છે, ખાતર પૂરે છે, બગીચો સાફ રાખે છે, સુંદર ફૂલ ઉતારે છે.

અને હું તેને પૂછું છું કે બાગવાન! તું આડા કેમ ખોદે છે? તો તે કહે છે: બાબાજી! હું ક્યાં આડા ખોદું છું? હું તો ધરતી માતાને ખોળે બીને સુવડાવવા મજાની પોગી પોચી પથારી તૈયાર કરું છું. તેને ખૂંચે નહિ માટે કાંટા-કાંકરા-કચરો સાફ કરું છું!

અને પૂછું કે તું પાણી તો ખૂબ જ રેડે છે; બીને બિચારાંને શેરડી નહિ લાગી જાય?

તો કહેશે: ના રે બાબુજી! હું તો અમૃત સીંચું છું બી ધરતી માતાનાં ધાવણ ધાવશે, આ અમૃતજળ પીશે, ફાલશે, ફૂલશે ને કાલ મોટું થઈ બીલી ઊડશે!

પણ બાગવાન! તું તો રાખોડી, છાણ અને ગંધાતો કચરો ય ત્યાં વેરે છે. એવું તે ત્રાંસું કામ કરતો હોઈશ? આવા સુંદર બગીચામાં ગંદકી ભરવી તને કેમ ગમે છે?

ત્યારે એ તરત જ કહેશે: અરે બાબુસાહેબ! બીને એ બધું જ ગમે છે. એમાંથી એ કસ ચૂસે છે અને મજાનું ફાલીફૂલી સુંદર- ફૂલો ઉતારશે, હું તો બીને જે જોઈએ તે જ આપું છું; ન જોઈએ તે નથી આપતો-કદિ નથી આપતો.

બાગવાન કેવો સારો છે! તે બીને જે જોઈએ તે જ આપે છે, ન જોઈએ તે કદિ નથી આપતો; અને બીના માર્ગમાં આવતા કાંટા-કાંકરા-કચરો વીણ્યા જ કરે છે.

અને પેલા ગુરુદેવ તો?—

જવા દો એ વાત!

અમને જે જોઈએ તે એ આપે જ નહિ-કદિ આપે નહિ. ન જોઈએ તે આપ્યા કરે-ખાસ આપ્યા કરે. અને અમારા માર્ગમાં કાંટા-કાંકરા તો એટલા બધા ખૂંચે છે કે કોણ જાણે કેમ પણ અમને ત્યાં જવું જ ગમતું નથી.

—અનુજ

# ક્ષમાયાચના

આ પાંચમો અંક ગ્રાહકોના હાથમાં લગભગ એક મહિના કરતાં પણ મોડો પહોંચાડવામાં આવે છે, તે સારુ અમે ક્ષમા માગીએ છીએ.

નવો 'કાગળ નિયમનધારો' ગઈ ૨૦મી જુલાઈ એ વડોદરા રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો તેથી ૨૨મી તારીખે પ્રગટ થનારો જુલાઈનો અંક મોકૂફ રહ્યો. શિક્ષણપત્રિકા પ્રગટ કરવાનું ૧૯૪૩ થી વડોદરામાં ફેરવાયલું હોઈ, કાગળ નિયમન ધારા અનુસાર ૧૯૪૩ થી પ્રગટ થનારાં સામયિકોએ વડોદરા સરકારની લેખિત પરવાનગી મેળવ્યા પછી જ પ્રકાશન કરવાનું હતું. તે અનુસાર શિક્ષણ-પત્રિકાના જુલાઈ અંકના પ્રકાશન માટે કરેલી અરજી મંજૂર થઈ અમારા હાથમાં આવતાં આ અંક આટલો મોડો પ્રગટ થયો છે. લગભગ બધા ગ્રાહકોએ અમારી આ અનિવાર્ય પરિસ્થિતિ કચવાટ વિના સહી લીધી છે તે માટે અમે બરેબર તેમના ઋણી છીએ. પરંતુ વાચકો સમક્ષ અમારે એક બીજી પણ હકીકત રજૂ કરવાની રહે છે. તે એ છે કે આ નવા ધારા અનુસાર 'ન્યૂઝપ્રિન્ટ' સિવાયના કાગળો ઉપર છપાતાં સામયિકોએ પોતાનાં કદ ૩૦ ટકા ઉપર લાવી દેવાનાં છે. આ રીતે જોતાં અસલ ૧૬ પાનાંમાંથી કાગળની મોંઘવારીને કારણે ૧૨ પાનાં ઉપર આવેલી શિક્ષણપત્રિકા, હવે કાયદાનુસાર ફક્ત ૪ પાનાંમાં જ છપાઈ શકે! નૂતન બાલશિક્ષણ સંઘનું ધ્યેય, શિક્ષણના પ્રચારનું તેનું કાર્ય, અને માસિકમાં વપરાતા કાગળનો બહુ નાનો જથ્થો વગેરે બાબતો રજૂ કરી નૂતન બાલશિક્ષણ સંઘના વતી વડોદરા સરકારને અરજી કરી શકય હોય તો તેઓ નામદાર શિક્ષણપત્રિકાને જે કદમાં તે આજે પ્રગટ થાય છે તેટલા જ કદમાં એટલે કે ૧૨ પાનાનાં અંક તરીકે પ્રગટ કરવાની મંજૂરી આપે. જો આ અરજી મંજૂર થશે તો હવે પછી શિક્ષણપત્રિકાના બધા અંકો નિયમિત કદમાં મળશે, અને નહિ તો માત્ર ૪ પાનાંનો જ અંક નાઈલાજ પ્રગટ કરવો પડશે. શિક્ષણપત્રિકાનું પ્રકાશન એમ ને એમ ચાલુ રહે તે માટે જ મૂળે તો લેખિત પરવાનગીની જરૂર હોઈ એ અંગે યોગ્ય સ્થળે અરજીઓ રજૂ કરેલી જેનો નિકાલ આવી ગયો છે. તે મુજબ હવે પછીનો અંક ગ્રાહકોના હાથમાં વહેલી તકે મૂકશું. થયેલ વિલંબ માટે ફરી વાર વાચકો અને ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ.—તંત્રી

---

નૂતન બાલશિક્ષણ સંઘ માટે શ. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૩૧-૮-૪૪.

નામદાર વડોદરા સરકારના હુકમ નં. D ૬/૪ તા. ૨૩–૮–૪૪ ની મંજૂરીથી

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણસંઘ )

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાળકોને રુચે અને તેમને માફક આવે તેવો સાત્વિક ખોરાક આપવાની આવશ્યકતા માબાપો સ્વીકારવા લાગ્યાં છે એ આનંદની બિના છે. પરંતુ તેમની બૌદ્ધિક ભૂખ સંતોષવા માટે તેમને સુંદર ચિત્રો, શોભીતાં રમકડાં અને ખાસ કરીને વાર્તાનાં મનોરંજક પુસ્તકો સંપડાવવાની જરૂરિયાત હજુ તેમણે સ્વીકારી નથી એ ખેદની વાત છે.

બાળકો જો સંકુચિત બુદ્ધિનાં રહે તો તેનો દોષ કોને દઈશું ?

## વાચકો ધીરજ રાખે

આ અંક ચાર જ પાનાંનો ગ્રાહકોના હાથમાં મૂકતાં અમને દુઃખ થાય છે. પરંતુ કાયદા પ્રમાણે આથી વધારે પાનાં આપી શકાય તેમ નથી. આટલી ટૂંકી જગ્યાની કરકસર કેમ કરવી તેનો વિચાર કરી અને તેટલી સંકોચભરી રીતે અંક છાપવાનો પ્રયત્ન કર્યો છે. આથી ઝીણાં બીબાં લઇ શકાય પણ આજે તે શક્ય નથી, એટલે નાઇલાજ છીએ.

આટલાં ઓછાં પાનાંનું માસિક ચલાવવામાં અન્ય બધું પ્રમાણમાં વધારે થાય એ સહજ છે. એટલે લવાજમ કેવી રીતે ગણવું, કેટલું ગણવું, શિક્ષણપત્રિકા ત્રણ ભાષામાં પ્રગટ થાય છે તેને બદલે ફક્ત રાષ્ટ્રભાષામાં જ ચાલુ રાખવી, ગુજરાતી અથવા મરાઠીમાં જ પ્રગટ કરવી, કે ત્રણે ભાષાનું લખાણ સહુને મોકલવું, વગેરે પ્રશ્નો ઊભા થાય છે. આ બધી બાજુનો વિચાર સંઘનું વ્યવસ્થાપક મંડળ કરી રહેલ છે. એટલે જે નિર્ણય થશે તેની પૂરી માહિતી વાચકો આગળ આવતા અંકમાં રજૂ થશે. સપ્ટેમ્બરનો એટલે ૭ મો અંક આ માસ આખર સુધીમાં મળી જશે, અને તે પછીનો ૮ મો અંક ઓકટોબરની ૨૨ મી તારીખે નિયમિત વાચકોને મોકલાશે. ત્યાં સુધી તેઓ ધીરજ રાખવા કૃપા કરે.

તંત્રી

વર્ષ ૧૯ : : કાર્યાલય : : અંક ૬
૨૦૦૦ રાવપુરા : વડોદરા શ્રાવણ

## કેટલાંક સંસ્મરણો

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘના આશ્રય નીચે ભગિનીસમાજ બાલમંદિરમાં, બાલમંદિરોમાં કામ કરતા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને બાળકેળવણીમાં રસ લેતાં કેટલાંક આમંત્રિત સજ્જનો અને સન્નારીઓનું એક સુંદર નાનકડું સ્નેહસંમેલન થાય અને તેમાંથી અને તેટલું સુંદર પરિણામ લાવી શકાય, એ હેતુથી શ્રી તારાબેન મોડક અને શ્રી સરોજબેન ચોધે એક યોજના ઘડી હતી. એ અનુસાર રવિવાર તારીખ ૬ ઠ્ઠી ઓગસ્ટે સવારે નવ વાગે ભગિનીસમાજના બાલમંદિરમાં ઘણાં ઉત્સાહી શિક્ષકો અને શિક્ષિકાઓ તેમ જ આમંત્રિત નરનારીઓ એકઠાં થયાં હતાં. નક્કી કરેલી યોજના મુજબ બધાં ત્રણ ટોળીઓમાં વહેંચાઈ, કામ કરતા વર્ગોમાં અવલોકન કરવા લાગ્યાં. અમે તો ભાગ્યવશાત્ આમંત્રિત ગૃહસ્થો હોવાથી અમને જ્યાં જવું હોય ત્યાં જવાની છૂટ મળી.

બહારથી આવેલ પચાસ ઉપરાંત નવા પ્રેક્ષકો જોતા હતા, છતાં તેમનાથી જરા પણ ક્ષુબ્ધ અથવા બેધ્યાન થયા વગર બાળકોને એકાગ્રતાથી પોતાના કામમાં ગૂંથાયેલાં જોઈ ખૂબ નવાઈ લાગતી હતી.

એક કલાકના અવલોકન પછી બાળકો કામ પૂરું કરી ઘેર ગયાં અને શિક્ષકોની ચર્ચા શરૂ થઈ.

વ્યવસ્થા વિરુદ્ધ સ્વયંસ્ફૂર્તિ એ મુદ્દા પર સારી એવી ચર્ચા થઈ. ત્યાર પછી બાલમંદિરમાં બાળકોની કેટલી સંખ્યા હોય, સંગીત કેવું અને કેટલો સમય રાખવું જોઈએ, વગેરે ઘણા વિષયો ચર્ચાયા. ઉપસંહારમાં ચર્ચાનાં પ્રમુખ શ્રી તારાબેન પ્રેમચંદે આવાં સંમેલનોનું મહત્ત્વ, તેમાં કેવા વિષયો ચર્ચવા તથા કેવી રીતે ચર્ચવા, વગેરે વિષે વિવેચન કર્યું.

આ પછી સૌએ સાથે આણેલી રોટલી અને શ્રી સરોજબેન ચોધને ત્યાંથી આવેલું શાક, વટાણાભાત, વગેરે સાથે સહભોજન લીધું.

બપોરના કાર્યક્રમમાં થોડાંએક નવાં સાધનો દેખાડવામાં આવ્યાં તેમ જ થોડાએક પ્રશ્નો પણ પુછાયાં.

એક પ્રશ્ન દેશી રમતો વિષે હતો.

જેમ ભૂગોળ વિના ઇતિહાસનું જ્ઞાન અધૂરું રહે છે તેમ કોઇ પણ શિક્ષણવિષયમાં તેની પૂર્તિરૂપે બીજી બાબતો ઉમેરવી જોઇએ. આપણાં બાળકો જે રમતો—જેવી કે લખોટી, ગીલીદંડા, પતંગ, રાસ, વગેરે રમે છે, તે પ્રત્યેક રમત બાળકની કઇ કઇ ઇંદ્રિયનો વિકાસ સાધે છે તેનો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરી, તેને વ્યવસ્થિત રૂપમાં મૂકી, ને તે રમતો રમવા દેવા માટે બાલમંદિરના શિક્ષકો ઉત્તેજન આપે તો બાલમંદિરના કાર્યમાં વધુ વેગ મળે કે કેમ? તે પ્રશ્ન વિચારવા જેવો લાગ્યો હતો. અને તે માટે વિચાર કરવા એ બાબત સંઘના ધ્યાનમાં લાવવા વિનંતી કરી હતી.

બીજો પ્રશ્ન મોન્ટેસોરી સાધનોના જેવાં, અને એવાં જ અનેક પ્રકારનાં બીજાં સાધનો બજારમાં મળવા લાગ્યાં છે તેનો હતો. તે સાધનો બરાબર છે કે કેમ? અગર નથી તો તેમાં કયો દોષ છે તે જો બતાવવામાં આવે તો સાધનો બનાવનાર તેમાં સુધારો કરે, અગર મોન્ટેસોરી સાધનોના નામમાં શ્રદ્ધા રાખનાર નામમાત્રથી તેનો ઉપયોગ ન કરે. આની સાથે બીજી વિચારવાની એવી પણ બાબત છે કે મૅડમ મોન્ટેસોરીએ જે સાધનો બનાવ્યાં છે અને તેની પાછળ જે રહસ્ય સમજાવ્યું છે, તે જ રહસ્ય સાચવીને

કોઈ ઉત્સાહી અને વિચારક, વધુ નવાં સાધનો બનાવી શકે કે કેમ ? અને બનાવે તો તે તાત્ત્વિક દૃષ્ટિએ બરાબર છે કે કેમ; તે સારુ એ પદ્ધતિ-નિષ્ણાત આગળ રજૂ કરી મંજૂરી મેળવી શકાય એવી કોઈ વ્યવસ્થા થવી જોઈએ. અલબત્ત જે દૃષ્ટિ મૅડમ મોન્ટેસોરીમાં છે તેવી અને તેટલી દૃષ્ટિ તો બીજામાં ન હોય. છતાં વધુ કે નવું કરી ન શકાય એમ માનવું એ પણ ભૂલભરેલું ગણાય. આ વધતા જતા જમાનામાં તો ભૂલો થાય તોપણ હિંમત અને ઉત્સાહ રાખી આગળ વધ્યે જ છૂટકો.

આવા આવા વિચારો જ્યારે ઉત્સાહી શિક્ષકોનાં સંમેલનો ભરાય ત્યારે જ મૂકી શકાય ને ?

ત્યાર પછી નાટકો, ગરબા, દાંડિયારાસ, વગેરે રંજનકાર્યક્રમ અને ચાપાણી થયા પછી ખૂબ આનંદ અને ઉત્સાહ સાથે સંમેલન પૂરું થયું.

ખરેખર, આ સંમેલનમાં સર્વ બહેનો અને યુવાન શિક્ષકો બહુ જ ઉત્સાહી અને જિજ્ઞાસુ લાગ્યાં. એ પ્રાણ શ્રી તારાબેને પોતાના જ્ઞાન અને વ્યક્તિત્વથી પૂર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. મને સ્વાનો વિચારો અને વાતાવરણનો જે લાભ લેવાનો પ્રસંગ તેઓશ્રીએ આપ્યો તે માટે હું તેમનો આભારી છું. એ જોયા પછી એ કાર્ય તરફ ખેંચાઉ તેમાં સક્રિય-ભાગ લેવાનું મારું મન થઈ ગયું છે.

ધી ન્યૂ ઇરા સ્કૂલ — ચંદુલાલ બ્રાસ

## વ્યવસ્થા વધારે કે સ્વયંસ્ફૂર્તિ ?

બાળક કામ પૂરું કરીને ઊભું થાય છે; પોતે લીધેલી દફ્તારપેટી તેની જગ્યાએ મૂકી દેવાનું ભૂલી જાય છે; દફ્તર પણ ત્યાં જ છૂટા મૂકી તે જવા લાગે છે. શિક્ષિકા ધીરેથી પાસે જઈ તેનું ધ્યાન તે તરફ દોરે છે. તુરત બાળક દફ્તારો દફ્તારપેટીમાં બરાબર ગોઠવીને સાધન તેની જગ્યાએ જઈને મૂકે છે અગર તો ગોઠવતાં ગોઠવતાં તેમાં જ તલ્લીન બની જાય છે.

અવલોકન કરનાર આ વખતે ઘણી વાર મૂંઝાય છે. તેને શંકા થાય છે કે શિક્ષકે બાળકને અટકાવ્યું તે બરોબર છે ? બાળકને બીજું કામ કરવાની જે સ્વયંસ્ફૂર્તિ થઈ આવી હતી તેને અવકાશ આપ્યો હોત, તેને છૂટું જવા દઈને શું કરવા ધારે છે તે તેણે નિહાળ્યું હોત તો શો વાંધો હતો ? બાળકને અટકાવીને તેની પાસે દફ્તારપેટી વ્યવસ્થિત ગોઠવવામાં શિક્ષકે બાળકની સ્વયંસ્ફૂર્તિ પર આક્રમણ કર્યું ન ગણાય ? વ્યવસ્થા વધારે કે સ્વયંસ્ફૂર્તિ ?

આ પ્રશ્ન અંગે નૂતન બાલશિક્ષકોનું એક નાનકડું સંમેલન ઑગસ્ટમાં મુંબઈમાં મળ્યું હતું તે વખતે ઘણી જાણવા જેવી ચર્ચા થઈ હતી. ચર્ચાના મુદ્દાઓ ટૂંકમાં નીચે પ્રમાણે ગણાવી શકાય :—

( ૧ ) બરેબરી સ્વયંસ્ફૂર્તિ નાનીમોટી ગમે તેવી અટકાયતો આવે તોપણ રોકાઈ કે દબાઈ જતી નથી.

( ૨ ) વર્ગને માટેની વ્યવસ્થાના નિયમો બાળકે જાણવા જ જોઈએ. બાળકનું ધ્યાન ખેંચ્યા છતાં જો તે સાધન યોગ્ય સ્થળે મૂકવાની ના પાડે તો " ચાલો, આપણે સાથે મળી મૂકી દઈએ, " એમ કહીને શિક્ષકે તેની સાથે તે મૂકવા લાગવું જોઈએ. પરંતુ " સાધન તેની જગ્યાએ "નો નિયમ અફર છે એ મુદ્દો તો બાળકને બરાબર સમજાવવો જોઈએ.

( ૩ ) છતાં બાળક સાધન છાંડીને ચાલ્યું જાય તો તુરત તેને રોકવાને બદલે બેત્રણ મિનિટ તે શું કરે છે તે જાણવા માટે શિક્ષકે રાહ જોવી.

( ૪ ) સાધારણ રીતે બાળકોમાં વ્યવસ્થિત રહેવાની ટેવ કેળવાઇ હોતી નથી, તેમ લીધેલું સાધન પાછું તેની અસલ જગ્યાએ મૂકી દેવાની જવાબદારીનું ભાન પણ તેમનામાં જાગ્યું હોતું નથી; એથી બાળકો સાધન જેમ તેમ પડતું મૂકી કામ પૂરું કરતાં ચાલી જવા માંડે છે. એવાં બાળકોને સાધન લેવાના નિયમો અને તે વાપરવાની જવાબદારીનું ભાન શિક્ષકે કરાવી દેવું જ જોઇએ. એટલું ખરું કે આને માટે વ્યક્તિગત કામને બદલે એના સમૂહગત પાઠો રાખ્યા હોય તો વધારે સારું. છતાં, વારંવારના સમૂહપાઠો પછી જે બાળકોને એ યાદ ન રહેતું હોય તેમનું વ્યક્તિગત ધ્યાન ખેંચવું પણ આવશ્યક છે. એવા કિસ્સાઓમાં પાઠ આપતી વેળા શિક્ષક કહી રાખેઃ " ઘણાં બાળકોને આ યાદ નથી રહેતું તેથી આવતી કાલે કામ વખતે હું યાદ આપીશ. "

( ૫ ) કેટલાંક બાળકોમાં શેકિયાપણું હોય છે અગર તેઓ એ અંગે બેપરવા હોય છે. યાદ આપતાં એવાં બાળકો કહે છેઃ " સાધન તમે જ મૂકી દો; હું નહિ મૂકું. " અગર કશો જવાબ આપ્યા સિવાય જ નાસી જાય છે. એવાં બાળકો બીજે દિવસે સાધન લેવા આવે ત્યારે તેમને શરૂઆતમાં જ સાધન વાપરવાના નિયમો જણાવી દેવા. તેમને કહી દેવું : " રમી રહ્યા પછી સાધન તેની જગ્યાએ મૂકી દેશો ? મૂકી દેવાના હો તો જ સાધન લઇ શકાશે. " અને એ નિયમનું કડક પાલન કરવું.

( ૬ ) વ્યવસ્થા અગર નિયમન બાલ-વિકાસનાં વિરોધી છે એવું છે જ નહિ; ઉલટ પક્ષે તે આવશ્યક છે. નિયમનને લીધે બધું કામ સરલ બને છે, ગોટાળો ઊભો થતો નથી, ગભરાટ પેદા થતો નથી. નિયમન બાળકના બુદ્ધિના વિકાસમાં સહાયરૂપ હોઇ સામાજિક જીવનમાં અતિ આવશ્યક છે. અને માટે જ બાલમંદિરમાં વ્યવસ્થા અથવા નિયમનને અગત્યનું સ્થાન છે. ખરું જોતાં વ્યવસ્થા અને સ્વયંસ્ફૂર્તિ એક-બીજાનાં વિરોધી નથી, પરંતુ પરસ્પર સહાયક છે. વીજળીના ચમકારા પેઠે સ્વયંસ્ફૂર્તિ કેવળ ક્ષણિક નથી, એટલું જ નહિ પરંતુ વ્યવસ્થિત વાતાવરણમાં જ તે શ્રેષ્ટ રીતે કાર્યક્ષમ બને છે એ યાદ રાખવું જોઇએ. તા૦

## જોડાયેલાં નવાં બાલમંદિરો

( ૧ ) ધી ન્યૂ ઇરા સ્કૂલ બાલવિભાગ મુંબઇ ૭
( ૨ ) વઢવાણ કેમ્પ બાલમંદિર વઢવાણ કેમ્પ
( ૩ ) કિલ્લોલ બાલમંદિર પાટણ
( ૪ ) ગોવિંદજી માધવજી ભાટિયા બાલમંદિર મુંબઇ ૨
( ૫ ) સ્વ. શેઠ ગોરધનદાસ કરસનદાસ હિંદુ બાલમંદિર મુંબઇ ૭
( ૬ ) કેશવજી કરશનદાસ ભાટિયા સ્ત્રીમંડળ-બાલમંદિર મુંબઇ ૬

## સંઘના નવા આજીવન સભ્યો

ઘ વર્ગ : એકી સાથે રૂા. ૧૫૦) આપનાર
શ્રી મેનાબેન જમનાદાસ મુંબઇ

ચ વર્ગ : એકી સાથે રૂા. ૫૦) આપનાર
શ્રી પોપટલાલ હરગોવિંદદાસ શેઠ વઢવાણ કેમ્પ

**તમારો ગ્રાહક નંબર અવશ્ય જણાવશો.**

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા.-પુ.-આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું ૨૦-૯-૪૪

નોંધાયેલ વડોદરા સરકારના હુકમ નં. D ૬/૪ તા. ૨૩-૮-૪૪ ની મંજૂરીથી

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

## આણંદ સંમેલન

તારીખ ૯-૧૦ ઑક્ટોબરના દિવસોમાં આણંદ મુકામે ચરોતર વિભાગનું એક નૂતન બાલશિક્ષક સંમેલન થઇ ગયું. ચરોતર કેળવણી મંડળની બાલગૃહશાળાએ એની સર્વ વ્યવસ્થા કરી હતી. ચરોતરમાં આવેલાં બાલમંદિરોના શિક્ષકોને તથા સંચાલકોને આમંત્રણ આપવામાં આવ્યાં હતાં અને આશરે ૩૫ શિક્ષકો તથા સંચાલકોએ ભાગ લીધો હતો.

સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં સભાના પ્રમુખ શ્રી. હરિવલ્લભદાસે પોતાનો હર્ષ પ્રગટ કર્યો હતો અને સંઘનાં મંત્રીઓ શ્રી તારાબેન મોડક અને શ્રી સરોજબેન ચોધને તથા ઉપસ્થિત શિક્ષકો-સંચાલકોને આવકાર આપ્યો હતો. બાલમંદિરના કાર્ય વિષે બોલતાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં આ કાર્ય વિષે બે જાતના મત પ્રવર્તે છે: (૧) થોડું પણ સંગીન કાર્ય કરવું; (૨) કાર્યનું પોત પાતળું હોય તોપણ તે બહોળું કરવું. આ બંને વિચારસરણી ઉપર મનન કરવા તેમણે આગ્રહ કર્યો હતો.

બાદ શ્રી તારાબેને સૌ શિક્ષકોને મળવાથી પોતાને થતો આનંદ વ્યકત કર્યો હતો. બાલ-શિક્ષણના કાર્ય વિષે બોલતાં તેમણે જણાવ્યું કે ઉપરના બંને મતોનું એકીકરણ એ જ સાચો માર્ગ છે. સંઘનો સક્રિય પ્રયત્ન પણ તેવો જ છે. ગામડાંઓમાં નૂતન બાલશિક્ષણનો બહોળો પ્રચાર થાય એ દૃષ્ટિએ ત્રણ ક્રીડાંગણો ચલાવ-વાનું કામ નૂતન બાલશિક્ષણ સંઘે ઉપાડેલું તે ત્રણેની માહિતી આપ્યા પછી મુંબઇમાં હરિજન-વાસમાં ચાલતા એક બાલક્રીડાંગણ 'સેવામંદિર'-ની વધુ માહિતી આપવા અર્થે તેમાં કામ કરતા શ્રી. ભગવતીપ્રસાદ શેલતને તેમણે જણોવ્યું હતું.

ભાઇશ્રી શેલતે સેવામંદિરની આપેલી માહિતીમાંથી નવું બાલક્રીડાંગણ શરૂ કરતાં સામાન્યતઃ કયી મુશ્કેલીઓ આવે તથા તેનો કેવી રીતે ઉકેલ થઇ શકે તે સ્પષ્ટ થતું હતું. સેવામંદિરમાં ચાલતી, રસપ્રદ વિવિધ પ્રવૃત્તિ-

ઓની માહિતી તેમણે કેટલાએક નમૂનાઓ પ્રત્યક્ષ બતાવીને આપી હતી.

ભોજનબાદ બપોરના સમયમાં બાલ-મંદિરોમાં થતાં ચિત્રકામ, કાતરકામ, હસ્ત-વ્યવસાય તથા ભાષાશિક્ષણના કામકાજના નમૂના અને પાઠોનું એક પ્રદર્શન ગોઠવેલું હતું તે જોવામાં કેટલાએક ગૂંથાયા હતા; કેટલાએક અંદરોઅંદર નાની નાની ટૂકડીઓમાં ગોઠવાઇ વિચારવિનિમયમાં રોકાયા હતા, અને પ્રવચનના મુદ્દાઓ પર ચર્ચાઓ કરતા હતા; તો વળી કેટલાકોએ બાળગીતોની રમઝટ જમાવી હતી. આખા વાતાવરણમાં ઉત્સાહ અને તરવરાટ સ્પષ્ટ નજરે તરી આવતાં હતાં.

સાંજે ચાર વાગે ફરી સહુ એકઠા થયા અને મધ્ય ગુજરાતના પ્રદેશમાં નૂતન બાલશિક્ષણનો પ્રચાર વધારે કેવી રીતે થઇ શકે તે પ્રશ્ન ખૂબ છૂટથી ચર્ચ્યો હતો; તથા મધ્ય ગુજરાતમાં સંઘની એક શાખા સ્થાપવા અને કામકાજ શરૂ કરવા માટે ચરોતર કેળવણી મંડળની કારોબારીના સભ્ય શેઠ શ્રી હરિવલ્લભદાસના પ્રમુખપદે એક સમિતિની નિમણૂક કરવામાં આવી. સમિતિના મંત્રીઓ તરીકે અંબાલાલ બાલગૃહશાળા, આણંદવાળા શ્રી પુરુષોત્તમભાઇ તથા આંકલાવ બાલમંદિરવાળા શ્રી મગનભાઇ પટેલને નીમવામાં આવ્યા. તેઓ ટૂંક સમયમાં શાખાનું બંધારણ, નિયમો, સભ્યો વગેરે નક્કી કરી સંઘના વ્યવસ્થાપક મંડળ સમક્ષ માન્યતા માટે રજૂ કરશે. ચર્ચા દરમિયાન શિક્ષકોની ખેંચ, ચાલુ બાલમંદિરોની આર્થિક અને શિક્ષણવિષયક સ્થિતિ, ગ્રામોદ્ધાર અને ઇતર પ્રવૃત્તિઓ, ઇત્યાદિ ઘણાં પ્રશ્નોની છણાવટ નિખાલસપણે થઈ હતી. શ્રી તારાબેને સહુ શિક્ષકોને હોંશથી કામ કરવાની સલાહ આપી હતી; કોઇએ નિરાશ થવાની જરૂર નથી; આપણું કામ આગળ વધે છે અને વધશે જ એમ જણાવ્યું હતું

રાત્રે ભોજન પછી ૯ થી ૧૧ સુધી એકઠા થયેલા સહુ શિક્ષકોએ સાદા છતાં આકર્ષક મનોરંજનનો કાર્યક્રમ ગોઠવી કાઢી સહુનો થાક ઉતારી દીધો હતો.

બીજે દહાડે તા. ૧૦ મીના રોજ સવારના ૬-૩૦ વાગતાં ફરી સૌ મળ્યા હતા. એ સમય અંબાલાલ બાલગૃહશાળાનું ચાલુ કામ શાંતિથી અવલોકવા માટે ગોઠવ્યો હતો. શ્રી તારાબેન મોડક તથા શ્રી મોંઘીબેન બધેકાએ બાલમંદિરનું કામકાજ ચલાવી બતાવ્યું હતું.

છેક અજાણ્યો શિક્ષકવર્ગ અને આજુબાજુ પ્રેક્ષકોના ટોળાને લઈને શરૂઆતમાં બાળકો તદ્દન શાંત, સ્તબ્ધ અને મૂક બની ગયાં હતાં. પણ શ્રી તારાબેન અને શ્રી મોંઘીબેને સામાન્ય વાતચીત, ઝાડપાનનો પરિચય, વગેરેથી બાળકોનાં મન જીતી લીધાં અને અરધા કલાકમાં જ જાણે કેટલા ય વખતના પરિચિત શિક્ષકો સાથે કામ કરતાં હોય તેવું વાતાવરણ બાળકો માટે જમાવી દીધું હતું. આ પ્રસંગ શિક્ષકોને સારુ જાણવા અને અવલોકનનો અર્થે ખરેખર અદ્વિતીય કહી શકાય. બાળકોને ત્યાર પછી સાધનો અપાયાં હતાં, તથા સાધનો અંગેના પાઠો આપી બતાવવામાં આવ્યા હતા. દોઢેક કલાકના કામકાજને અંતે સહુ વિખેરાયા હતા.

બપોરના ભોજન પછી સવારે કરેલા અવલોકન અંગે ચર્ચા અને પ્રશ્નોત્તરી થઇ હતી તે પછી ભાષાશિક્ષણ અને ગણિતનાં સાધનોના વપરાશનો પરિચય આપવામાં આવ્યો હતો. ગણિતનાં સાધનોના વપરાશ પરત્વે સહુ શિક્ષકોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું

અને બધાએ કાળજીપૂર્વક તેની સમજ લીધી હતી.

સાંજના કામેકાજ પૂરું થયા પછી શ્રી તારાબેને સહુ શિક્ષકો તેમ જ નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી સંમેલનની સઘળી વ્યવસ્થા કેરી આપવા બદલ ચ૦ એજ્યુ૦ સોસાયટીનો તથા સંમેલનના ખર્ચ માટે શ્રી હરિવલ્લભદાસ શેઠે રૂા. ૧૫૦) સુધીની મદદ કર્યા બદલ તેમનો આભાર માન્યો હતો; શેઠ શ્રી હરિવલ્લભદાસે વળતો આભાર માનતાં સંમેલનની પૂર્ણાહુતિ થઇ હતી.

કંઈક કરી નાખવાના તરવરાટભર્યા પ્રફુલ્લ ચિત્ત સાથે રાત્રે સહુ વિખેરાયા હતા.

---

# આવતાં જતાં

(૧)

સેકંડ કલાસના એક ડબામાં ત્રણ બાંકડા રિઝર્વ કરાવીને એક બેન પોતાનાં પાંચ બાળકો સાથે પ્રવાસ કરી રહ્યાં હતાં. તેઓ મુંબઇથી અમદાવાદ જવા નીકળ્યાં હતાં. મુસાફરી માત્ર બાર જ કલાકની-ફક્ત એક રાતપૂરતી જ હતી. સાંજે પોણા સાત વાગે ગાડી ઊપડી.

પંદર મિનિટે ગાડી દાદર સ્ટેશને આવી પહોંચી. કેળાં, મુસંબી, ચીકુ, ચેવડો, પેપરમીટ વગેરે જાતજાતની ચીજો વેચનારા ફેરિયાઓ ઊભરાઇ વળ્યા. સેકંડ કલાસનો ડબો અને તે યે બાળકોથી ભરેલો જોઇ દરેક ફેરિયો તેમના ડબા પાસે ઊભો રહી "બાઇસાહેબ, કાંઇક તો ખરીદો?" એમ કહી આગ્રહ કરવા લાગ્યો.

બાળકો પણ, "બા! આ લ્યો ને, પેલું લ્યો ને?" કહી માતાને સતાવવા લાગ્યાં.

માતાએ બાળકોને જોરથી હાકલ કરી દબડાવ્યાં: "છાનાં રહો! કશું જ લેવું નથી. ખાઇ ખાઇને માંદાં પડો તો શું કરવું?"

ફેરિયાઓ વારંવાર એ જ ડબા પાસે વારા-ફરતી આવતા હતા, પેલાં બેનનેં ખરીદવાનો આગ્રહ કરતા હતા અને બેન એટલા જ નિશ્ચય-થી 'ના' કહી દરેકને રવાના કરી દેતાં હતાં. બાળકો દરેક ફેરિયા તરફ આતુરતાથી જોતાં હતાં, માતા તરફ પણ આશાપૂર્ણ ચહેરે તાકી રહેતાં હતાં.

એટલામાં પેલાં બેન સાથે બેઠેલી તેમની બેનપણીએ થોડોક ચેવડો ખરીદ્યો. ચાર દાણા મોંમાં નાખી તેમણે પેલાં બેનને આગ્રહ કર્યો: "બેન! તમે પણ લ્યો ને? બહુ સારો છે."

બેને ચાર આનાનો ચેવડો ખરીદ્યો અને આશાભરી આંખે તાકી રહેલાં બાળકોને વહેંચી આપ્યો; થોડોક પોતે પણ ખાધો.

હું વિચારમાં પડી: એક વાર બાળકોને 'ના' પાડી વળી પોતે જ ખરીદીને બધાંને ચેવડો આપ્યો, એનો શો અર્થ સમજવો?

ગાડી દાદરથી છૂટી. વસઇ આવ્યું. "કેળાં, વસઇનાં કેળાં!" એમ ફેરિયાઓનો દોડાદોડી થઇ પડી. ગાડીમાં બેઠેલી બીજી સ્ત્રીઓ કેળાં-વાળાઓ સાથે ભાવની રસાકસીમાં પડી. પેલાં બાળકો પોતાની બાના મોંભણી આશાપૂર્ણ નજરે જોઇ રહ્યાં; પરંતુ કોઇની તાકાત નહોતી કે બાને કેળાં ખરીદવાનું કહી શકે!

દરમિયાન બાળકોના પિતા ડબ્બા પાસે આવી પહોંચ્યા; તેમણે ૧૦-૧૨ ડઝન સામટાં કેળાં ખરીદ્યાં અને પત્નીને સોંપતાં સોંપતાં કહેતા ગયા: "તમે અને બાળકો ભાત્રે તેટલાં બાજો, અને બાકીનાં અમદાવાદ લઈ જશું એટલે સહુને આપવા થશે."

બાએ કચવાતે મને બાળકોને બબ્બે કેળાં આપ્યાં. મોટાંઓએ પણ બેત્રણ કેળાં બાધાં. આ વખતનું બધું કામ જરાયે રઝાદડી કે દમદાટી વિના જ પાર પડી ગયું.

* * *

થોડી વારે વળી બાળકોએ સતામણી શરૂ કરી દીધી: "બા! ભૂખ લાગી છે; બાવાનું આપો."

બાએ બાળકોને ડરાવ્યાં: "છાનાં મરો! એટલામાં જ ભૂખ શાની લાગે વળી? ને ગાડીમાં રાતના બાઇએ તો માંદાં પડાય. કેળાં તો હમણાં જ બાધાં છે. હવે સૂઈ જાઓ."

બાએ પથારીઓ બોલી દીધી, પરંતુ બાળકો સૂવા તૈયાર નહોતાં. બાએ ધમકાવી, આંખ કાઢી, અને છેવટે મારવાનો પણ બીક બતાવીને બધાં બાળકોને પથારીભેગાં કર્યાં. "એકેક પથારીમાં બબ્બે જણાં સૂઈ જાઓ. આંખો મીંચી શાંત થઈ જાઓ. હવે જરા ય ગડબડ નહિ!"

બા હુકમ કરીને બેનપણી સાથે વાતોએ વળગ્યાં.

મને થયું: "કામ પૂરું થતાં જ જેમ સીવવાનો સંચો સંકેલીને બાજુ પર મૂકી દઈએ છીએ તેવું બાળકોની બાબતમાં કરી શકાતું હોત તો કેવું સારું? બાળકોને અને બાને બંનેને નિરાંત તો થાત!"

*

પણ બાળકો શાંત રહેતાં નહોતાં, રહી શકે તેમ ન હતું. તેમણે અંદરોઅંદર ગડબડ કરવી શરૂ કરી દીધી સામસામે કોઇએ મારામારી આદરી, કોઇ પાટુ મારવા લાગ્યાં, કોઇ બીજાની ઓઢવાની ચાદર ખેંચવા લાગ્યાં, ને કોઇ બર્થ ઉપરથી નીચે ચઢઊતર કરવામાં પડ્યાં: જાણે બાસી રમત શરૂ થઇ ગઇ! બારી પાસે બેસવા માટે પણ બાળકો વચ્ચે ચડસાચડસી થવા લાગી. તેમાં કોઇ વળી વચ્ચે આસ્તે રહીને બોલતું હતું: "બા! ભૂખ લાગી છે."

અને એ બધાના એક જ ઉપાય તરીકે વાતોની વચ્ચે રહીરહીને બા બૂમ પાડી બાળકોને શાંત કરતાં હતાં, ડરાવતાં હતાં, મારવાની બીક બતાવતાં હતાં, તેમ કોઇ વાર એનો અમલ પણ કરતાં હતાં.

—"છાના રહેવું છે કે હું ત્યાં આવું?"

—"અને તું તો બધાથી મોટો બૂઓ છું! તને ય ભાન નથી? માર બાવો છે?"

—"ઊભી રહે હમણાં આવીને બારીમાંથી બહાર જ ફેંકી દઉં એટલી વાર છે!"

—"હવે સ્ટેશન આવવા દે! જરા ય માનતી નથી એટલે તારા કાકા પાસેજ મોકલી દેવી છે!"

આંખો કાઢી, નાક ફુલાવી, બાએ પોતાના જાતજાતના ડરામણીના પ્રકારો દર્શાવ્યા, અને ઘડીભર બાળકો પણ બધાં શાંત બની ગયાં. પણ પાંચ જ મિનિટમાં વળી પાછી ધીરે ધીરે ગડબડની શરૂઆત થઇ.

આવી રીતે થોડી થોડી વારે એનું એ દૃશ્ય પુરાવર્તન પામવા લાગ્યું શરૂઆતમાં બાળકો ધીરેથી ગડબડ આદરે, એ પ્રમાણ વધતું જાય, બેંચાબેંચી ને મારામારી સુધી પહોંચે, એટલે વળી બા બધાને ધમકાવી શાંત પાડે.

હું આ દૃશ્ય જોઈ રહી હતી

બાળકોને કેમે ઊંઘ આવતી નહોતી, પરંતુ બાના તેમને સુવરાવવાના પ્રયત્નો જોર-શોરથી ચાલતા હતા. આખરે દોઢ બે કલાકે બા પણ કંટાળી અને થાકી ગઈ. આખરે એણે ભાતાના ડબરા ઉઘાડ્યા અને કહ્યું: "આ લ્યો, ખાવ ત્યારે. ખાવ, ને પડો માંદાં! હું તે શું કરું?" ચીડાઈને બાએ ભાતાના ડબા ખોલી નાખ્યા, ડબામાં મગજના લાડુ, પૂરીઓ, ચેવડો, વગેરે ઘણું ભર્યું હતું તે બાળકો જાણતા જ હતા. એ બધાને ન્યાય આપ્યા વિના બાળકો ઊંઘી શકે તેમ જ નહોતાં. આખરે ડબાનું ઢાકણું ઊઘડ્યું અને બધાં શાંત થઈ ગોઠવાઈ ગયા

દરમિયાન મોટો દસ વર્ષનો છોકરો બારણા પાસે ઊભો હતો તેણે બારણું ખોલ્યું. બારણું અંદર ઊઘડતું અને જરાક જ ખોલાયું હતું. પણ ત્યાં તો બાની વૃષ્ટિ શરૂ થઈ ગઈ "હમણા મરી જાત! કાંઈ થઈ ગયું હોત તો। બધાને હું શું મોં બતાવત? આવડો મોટો ઢાઢો થયો પણ જરા ય કાળજી રાખતા ન શીખ્યો!"

બાળકની સહનશક્તિનો હવે અંત આવ્યો હતો. મોં બગાડીને ઊંચે બર્થ પર ચડી પથારીમાં પડ્યો, તેણે બાવાની ના પાડી દીધી ઘણું સમજાવ્યો પણ માન્યો નહિ આખરે બીજાઓએ ભાતું આપ્યું એ બાળકો શાંતિથી નાસ્તો કરી રહ્યા હતા, પણ મોટો છોકરો માત્ર ઊંચે મૂડો પડ્યો બળી રહ્યો હતો. બા બાતાં બબડ્યા કરતી હતી; "ભલે સૂતો છે જા એવો એક વાર નહિ બાય તો સૂકાઈ નહિ જાય જોઉં છું કેટલા દિવસ નથી બાતો તે!"

આમ સાત વાગે શરૂ થયેલ બા અને બાળકોની ગડબડનું ને તડાફડીનું નાટક દસ-વાગતા સુધી ચાલ્યું મારે અને પેલા મોટા છોકરાને મન આ આખું ય દૃશ્ય કરુણાત નાટક બની રહ્યું હતું! હું તે છોકરાને ઓળખતી નહોતી; તે પણ મને જાણતો નહોતો. અર્થાત્ આ ડબામા પોતા તરફ સહાનુભૂતિ દર્શાવનાર એકાદ વ્યક્તિ પણ છે એનો એને ખ્યાલ આવી શકે તેમ નહોતો.

અને એવી કશી સહાનુભૂતિ દર્શાવવા પ્રયત્ન કર્યો હોત તોપણ તે તેને રુચત કે કેમ એ સવાલ છે. હું માનું છું કે એવી રીતની સહાનુભૂતિ મોટે ભાગે આવી ક્ષણોમા આવ-કારદાયક નથી નીવડતી

બધા બાળકો બાઈ પી, હાથમોં ધોઈ, પાણી પી સૂઈ ગયાં. આખરે એક વિજેતાની માફક છાતી કાઢી ઊભા રહી બા બેનપણીઓને સંભળાવી રહ્યા હતાં. "હું બાળકોનુ જરા ય ચલાવી લેતી નથી. આપણે કહીએ તે બાળકો ન માને એવું કેમ ચાલે? એવું ચલાવી ન જ લેવાય."

ગરીબ બિચારા બાળકો

અને પોમર બિચારી માતા! પોતે પોતાનાં વહાલાં બાળકોને કેવડું મોટું નુકસાન કરી રહેલ છે તેનો તેને જરા ય ખ્યાલ નહોતો!

એક વાર 'ના' પાડવી અને એ જ વિષે બીજી જ ક્ષણે 'હા' પાડવી એ તે કેવું બેહૂદું? બાળકોને ઘડીભર ડરાવવાં, ઘડીભર મારવા, એ તે કાંઈ માતાપણું છે?

# આજનાં બાળકોમાં કશી રીતભાત જ ન મળે

આજના વિદ્યાર્થીઓનું અંગ્રેજી ખરાબ; આજના વિદ્યાર્થીઓ શિસ્તમાં કશું સમજે જ નહિ; આજના વિદ્યાર્થીઓને રીતભાતનું કશું ભાન જ ન મળે ! ઘરનાં મોટેરાંઓની આ અને આવી જાતની વિદ્યાર્થીઓ–બાળકો વિરુદ્ધની ઘણી ફરિયાદો આપણે કાને રોજ અથડાય છે. આ ફરિયાદો થોડેઘણે અંશે સાચી હોય તોપણ એક બાબત પરત્વે તો મોટેરાંઓનું ધ્યાન ખેંચવાનું મન થયા વિના રહેતું નથી. તે એ છે કે મોટેરાંઓની આ ફરિયાદો આજનાં બાળકો પૂરતી જ સાચી છે અને પહેલાંનાં બાળકો તો બહુ ડાહ્યાંડમરાં હતાં એમ જે માનવામાં આવે છે તે સત્યથી વેગળું છે. બાળકો સર્વ સ્થળે ( અને સર્વ કાળે ) જ્યાં જુઓ ત્યાં એવાં જ હોય છે. મોટેરાંઓ ફોગટનું માની બેસે છે કે પોતે નાનાં હતાં ત્યારે શાણાં હતાં અને આજનાં બાળકો બહુ ખરાબ છે. મોટેરાંઓ જે કેટલાએક ભ્રમો સદા સેવ્યા કરે છે તે પૈકીનો આ પણ એક ભ્રમ અથવા જૂઠી માન્યતા છે. મોટેરાંઓ વર્તમાનકાળ પરત્વે સામાન્ય રીતે મનથી હમેશાં અમુક અંશે અસંતોષ સેવ્યા કરે છે. આ અસંતોષનાં અનેક અંગો પૈકી એક અંગ તે 'ભૂતકાળ ઘણો સારો હતો' એવી માન્યતાનું છે. અને એ જ માન્યતા એક યા બીજા સ્વરૂપે જીવનમાં વારંવાર દેખા દે છે. અર્થાત્ બાળકો ભૂલ કરતાં હોય તોપણ તે આજનાં જ બાળકો ભૂલ કરે છે એવું નથી; બાળકો સર્વ કાળે ભૂલો કરતાં જ આવ્યાં છે.

બીજું પણ છે. બાળકોની જે ભૂલો તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવે છે તે બધી ભૂલોની જવાબદારી માબાપો શાળા અગર વાતાવરણ ઉપર જ ઢોળે છે. જાણે કે બાળકો જે કાંઈ આચરે છે તે ફકત શાળા અથવા માત્ર ઘર બહારના વાતાવરણને લીધે જ ન હોય ! મને લાગે છે, એ ભૂલ છે. માબાપો ઇરાદાપૂર્વક નજર હકીકતો તરફ આંખ બંધ કરી દઇ સત્ય હકીકત જાણવા માગતાં જ નથી. આસપાસની એટલે કે ઘર બહારની પરિસ્થિતિ જેટલાં જ બલકે તેથી પણ વધારે અંશે બાળકોની રીતભાત સારુ માબાપોને જવાબદાર ગણવાં જોઇએ. ઘર બહાર બાળકો બહુ તો છ-સાત કલાક-રહે છે; એ સિવાયનો સઘળો વખત એટલે દિવસનો ઘણો મોટો ભાગ તેઓ માબાપો વચ્ચે જ વસે છે, અને તેમના જ સંસ્કારો ઝીલે છે. બાળકોની ભૂલો માટે આપણે માબાપો પણ ઘણે અંશે જવાબદાર છીએ એ વીસરી ગયે નહિ ચાલે. એટલે આજનાં બાળકોમાં કશી રીતભાત જ ન મળે એમ કહેતા પહેલાં માબાપો આત્મનિરીક્ષણ કરી લે તો ઘણી ઉપાધિમાંથી તેઓ બચી જાય ખરાં !

—એક બાપ

# બાળકોની વૃત્તિ

બાળકો અને મોટેરાંઓમાં એક મોટો તફાવત છે. બાળકો જે કામ કરે છે તે પરિણામ તરફ લક્ષ રાખીને કરતાં નથી હોતાં તેઓ કાંઇ પણ કામ હાથમાં લે ત્યારે તે કરતી વેળા તેમને એમાંથી જે આનંદ સાંપડે છે તે આનંદ ખાતર જ તેઓ એવા અથાક પરિશ્રમો કર્યા કરે છે. મોટેરાંઓ વિષે આમ કહી ન શકાય. મોટેરાંઓ જ્યારે કાંઇ પણ કામ કરવાનું હાથ

ધરે છે ત્યારે તે કામના અંતિમ સાધ્ય તરફ તેમનું લક્ષ સતત રહ્યા કરે છે; આથી કામ સિદ્ધ થયા પછી તેમને જે આનંદ થાય છે તેટલો અથવા તેવો આનંદ કામ કરતી વેળા તેઓ અનુભવી શકતાં નથી. બાળકો ઝાડને પાણી પાય છે ત્યારે તેમના મનમાં એ ઝાડ મોટું થશે ત્યારે એનાં ફૂલો આપણને મળશે અગર એનાં ફળો આપણે ખાઇશું એવી વૃત્તિ મુખ્યત્વે નથી હોતી, પરંતુ પાણી પાવાની ક્રિયામાં જ તેમને મજા પડે છે, ને તેથી તેઓ પાણી પાવા દોડે છે. કોઇ બાળક પાટીમાં કે કાગળ પર લીંટા તાણે અગર માટીના પીંડા બનાવે ત્યારે અમુક ચોકકસ ચિત્ર કે આકાર બનાવવાના હેતુથી તે એ ક્રિયા કરવા લાગતું નથી; ઘણી વાર એમાંથી શું બનશે તેનો ખ્યાલ પણ તેમને નથી હોતો. ગમે તે પરિણામ આવે; પાટી પર લીંટા દોરવામાં અગર માટીના પીંડા બનાવવામાં જ મળતો આનંદ એમની ક્રિયાનું પ્રેરક બળ હોય છે. પોચી પાટીમાં આંગળાં ખુતાડવામાં અગર હાથમાં માટીનો પીંડો લેવામાં સ્નાયુઓને જે અનુભવ થાય છે એનું પુનરાવર્તન–એનો આનંદ માણવામાં જ બાળક તલ્લીન હોય છે. આથી જ ગંજીપાનાં પ્રાનાંનો બંગલો બનાવનાર બાળકને હાથ પર કામૂ મેળવી જે ધીરજથી અને સાવચેતીથી બંગલો બનાવવાની મજા આવે છે અગર ધનનો ટાવર બનાવવાનો જે અનેરો આનંદ તેઓ લૂંટે છે, તેટલો આનંદ એ બંગલો અથવા ટાવર (મિનારો) બની રહ્યા પછી એમાં એમને જણાતો નથી. અને એથી જ એ તૈયાર થયેલ આકારને સાચવી રાખવા કરતાં બાળકો તેને પાડી નાખી ફરી બનાવવામાં વધારે મોજ માણી શકે છે.

બાળકોમાં રહેલી આવી ક્રિયા કરવામાં જ આનંદ મેળવવાની વૃત્તિ જો મોટેરાંઓ કેળવી શકે–સાધ્ય કરી શકે તો પોતાના અનેક વ્યવસાયોમાંથી તેઓ અનેરી મજા માણી શકશે.

બાળક દરેકેદરેક નાનામાં નાની ક્રિયા પણ ઝીણવટથી જોયા કરે છે, અને એવી હરેક ક્રિયા જાતે કરી એનાથી ઇંદ્રિયોને થતી સંવેદનાઓમાં આનંદ અનુભવે છે. આપણે ઘડિયાળને ચાવી દઇએ છીએ તે ઘડિયાળ ચાલતું રાખવાના હેતુથી; જ્યારે બાળક ચાવી દેતી વખતે જે અવાંજ થાય છે તેની મોજ માણવા ખાતર ઘડિયાળને ચાવી દેવાની ક્રિયા આવકારે છે. એ જ રીતે નળમાંથી પાણી પડતી વેળા થતો અવાંજ તેમને તલ્લીન બનાવી શકે છે. શીખંડ ગળ્યો લાગે છે એટલે એ ખાવામાં આનંદ તો પડે જ છે, પરંતુ સૂંવાળા અને પોચા ગાભા જેવા શીખંડના વાડકામાં આંગળાં ફેરવવાથી જે જાતનાં સંવેદનો તેઓ અનુભવે છે એની મોજ પણ બાળકને અનેરી આવે છે.

બાળકો આનંદમાં રહ્યા કરે છે તેનું એક બીજું પણ કારણ છે. દુઃખ અગર આનંદની લાગણીની તીવ્રતા બાળકો પણ અનુભવે જ છે. પરંતુ તેઓની એ લાગણી ક્ષણિક–એ ક્ષણ પૂરતી જ હોય છે. જૂનું–ગઇ કાલનું દુઃખ સંભારીને બાળકો ભાગ્યે જ રડે છે. મોટેરાંઓની આ અનુભવ–લાગણી લાંબો કાળ ચાલ્યા કરે છે. આપણાં દુઃખો, રાગદ્વેષ, ટંટા, ઝઘડા, આપણે તુરત ભૂલી શકતાં નથી એ મોટેરાંઓનું દુઃખ છે. આગલે દિવસે પાડોશીના બાળક સાથે પથરા ફેંકી મારામારી કરી આવેલ બાળક બીજે દહાડે તેને ત્યાં જતું આપણે જોઇ શકીશું. આપણે તેને યાદ આપીએ, "અરે

ભાઇ ! હજી ગઇ કાલે જ તને લોહી કાઢયું હતું ને ?" તો તુરત બાળક ઉત્તર આપી ચાલવા માંડશેઃ "" ગઇ કાલતું કાલે ગયું. આજે શું છે ?" બાળક પોતાનું દુઃખ, અપમાન, ઝઘડા, આમ તુરત ભૂલી જઇ શકે છે, એથી જ એ સુખી રહી શકે છે–પ્રસન્ન રહી શકે છે.

આપણે મોટેરાં પણ બાળકોની આવી વૃત્તિ કેળવવાનો પ્રયત્ન કરીએ તો ?

–ભા. ધો. કર્વે.

## સંઘ-સમાચાર

સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક તારીખ ૮–૧૦–૪૪ ના રોજ મુંબઇ ખાતે મળી હતી. નવા બંધારણ મુજબ સંઘની પ્રવૃત્તિ-ઓના સંચાલન માટે ભાષામંત્રીઓની નિમણૂક કરવાનું જે ઠરાવેલું છે, તે પ્રમાણે આ સભામાં હાલ તુરત એક વર્ષ માટે ત્રણ ભાષામંત્રીઓની નિમણૂંક કરવામાં આવી છેઃ આ ભાષામંત્રીઓ પોતપોતાના વિભાગમાં કાર્યકર્તામંડળો હવે રચશે અને કામકાજ શરૂ કરશેઃ

ગુજરાતી ભાષામંત્રી : શ્રી. કમળાશંકર પંડિત,
મુખ્ય અધ્યાપક, શિશુ ભારતી,
વડોદરા.

મરાઠી ભાષામંત્રી : સૌ. કમલિની દામલે,
એમ. એ., બી. ટી. પુના.

હિંદી ભાષામંત્રીઃ શ્રી. સુબોધચંદ્રજી શર્મા (નૂતન)
બાલનિકેતન, જોધપુર.

— ગુજરાતી ભાષા મંત્રી શ્રી. કમળાશંકર પંડિતે કામકાજની વ્યવસ્થા માટે ગુજરાતી ભાષા બોલનાર પ્રદેશને નીચે પ્રમાણેના નવ વિભાગમાં વહેંચી નાખ્યો છે. દરેક વિભાગમાંથી જરૂર મુજબ સભ્યો નિમાશે અને તેમનું કાર્યકર્તા મંડળ બનશે. (૧) સિંધ (૨) કચ્છ (૩) પૂર્વ કાઠિયાવાડ (૪) પશ્ચિમ કાઠિયાવાડ (૫) ઉત્તર ગુજરાત (૬) અમદાવાદ (૭) મધ્ય ગુજરાત (૮) દક્ષિણ ગુજરાત અને (૯) મુંબઇ.

—સંઘની મધ્ય ગુજરાત શાખા સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તેને માટે પ્રાથમિક કમિટિ નીમાઇ ગઇ છે.

—વસો, ભાદરણ, કાલોલ અને ગોધરાનાં બાલમંદિરો ટૂંક સમયમાં સંઘ સાથે જોડાઇ જશે.

## અમદાવાદ (ગુજરાત) માં
# છઠ્ઠો મોન્ટેસોરી અભ્યાસક્રમ.
### પ્રાથમિક વિભાગ

ડૉ. મેરીઆં મોન્ટેસોરી તથા મિ. મારીઓ મોન્ટેસોરી હિંદુસ્તાનમાં પોતાનો છઠ્ઠો મોન્ટેસોરી પ્રાથમિક તાલીમવર્ગ અમદાવાદમાં ડિસેમ્બર ૧૯૪૪ થી શરૂ કરવાનાં છે. સરકારની તે માટેની પરવાનગી મળતાં જ એ શરૂ થશે. અભ્યાસક્રમ સાડા ત્રણ માસનો રહેશે. તાલીમ-વર્ગમાં દાખલ થવા માટે અંગ્રેજી ભાષાનું ઘણું સારું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. અભ્યાસ-ક્રમની માહિતી, દાખલ થવાનું અરજીપત્ર, વગેરે માટે આઠ આનાની ટપાલની ટિકીટો સાથે નીચેને સરનામે પત્રવહેવાર કરવો :–

**શ્રી. સરલાદેવી સારાભાઇ,**
ધી રીટ્રીટ,
શાહીબાગ પો. આ.,
અમદાવાદ.

## નવાં જોડાયેલાં બાલમંદિરો

(૧) મે. વ્રી. બાલમંદિર, સોનિત્રા.

---

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આં. ચિત્રે એમણે ... વ, વડોદરા, એમાં છપીને પ્રગટ કર્યું.

નામદાર વડોદરા સરકારના હુકમ નં. D ૬/૪ તા. ૨૩-૮-૪૪ ની મંજૂરીથી

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

## આનંદના સમાચાર

અમને જણાવતાં હર્ષ થાય છે કે બનતાં સુધી જાનેવારી ૧૯૪૫થી 'શિક્ષણ પત્રિકા'ના પૂરાં ( એટલે ૧૨ નહિ પણ ) ૧૬ પાનાંના અંકો પ્રગટ કરી શકાશે. ચાર પાનાંના અંકનો નિર્ણય કર્યા પછી તુરત જ દિલ્લી પેપર કંટ્રોલ ઑફિસને અમે અરજી કરેલી અને તેમના તરફથી ' ન્યૂસ પ્રિન્ટ ' એટલે છાપાંઓમાં વપરાય છે તે કાગળમાં 'શિક્ષણ પત્રિકા' કાઢવાની રજા મળી છે; એને અંગે જોઇતો ' ન્યૂસ પ્રિન્ટ ' પણ તેઓ આપશે. હવે એને અંગેની પરમીટ-રજાચિઠ્ઠી મળતાં જ એ કાગળ ખરીદી શકાશે. તે પરમીટ હજુ મળી નથી, પણ આશા છે કે આ માસ આખર પહેલાં જ એ પણ મળી જશે. અને તો જાનેવારી ૧૯૪૫ થી 'શિક્ષણ પત્રિકા' ત્રણ વર્ષ પહેલાં નીકળતી હતી તેમ પૂરાં ૧૬ પાનાંની છાપીને ગ્રાહકોને મોકલી શકશું.

આ અંગે એ પણ જણાવતાં ખુશાલી થાય છે કે લવાજમમાં કશો વધારો કરવાનો સંઘે ધારેલ નથી. એટલે શાળા-પુસ્તકાલયો ૧-૦-૦ માં જ 'શિક્ષણ પત્રિકા' પૂરાં બાનાંની મેળવી શકશે. આ ઉપરાંત સંઘના સભ્યોનું લવાજમ જે , સામાન્ય સભ્ય માટે ૦-૮-૦, સક્રિય સભ્ય માટે ૨-૦-૦, સહાયક સભ્ય માટે ૪-૦-૦ તથા સંસ્થા-જોડાણના ૫-૮-૦ તે અલગ ગણાશે. એટલે સભ્યોનું લવાજમ મળીને શિક્ષણ પત્રિકાનું લવાજમ વાર્ષિક ૧-૮-૦, ૩-૦-૦, ૫-૦-૦ અને ૬-૦-૦ અનુક્રમે રહેશે.

સંઘના સભ્યોએ અને ગ્રાહકોએ 'શિક્ષણ પત્રિકા'ની મુશ્કેલીના કાળમાં પણ આજસુધી એને અપનાવી છે; તે સહુનો અમે ઉપકાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે સંઘને આથી પણ વિશેષ બળવાન બનાવવા તેઓ પોતાની પૂરતી સહાય આપશે તથા સંઘના સભ્યોનો ઉમેરો કરી બાલશિક્ષણના આ પવિત્ર કાર્યને વિસ્તૃત કરવામાં મદદ કરશે.

તંત્રી

# વર્ષમાં ફેરફાર

'શિક્ષણ પત્રિકા' શરૂ થઇ ત્યારથી તેનું વર્ષ માર્ચ માસથી ગણાતું આવ્યું છે; દેશી મહિનાને હિસાબે ફાગણથી ગણાયું છે. સને ૧૯૪૦ માં સંઘે બંધારણ પાકું કર્યા પછી સંઘનું વર્ષ દરેક જાનેવારીથી ગણવાનું ઠરાવેલું છે. સંઘ તરફથી ગુજરાતીમાં 'શિક્ષણ પત્રિકા' નીકળે છે, તે ઉપરાંત મરાઠીમાં 'શિક્ષણ પત્રિકા' નીકળે છે. તેનું વર્ષ જૂનથી શરૂ થાય છે અને હિંદી 'શિક્ષણ પત્રિકા' ના વર્ષની શરૂઆત દરેક ઑકટોબરથી થાય છે. ત્રણે ભાષાઓની 'શિક્ષણ પત્રિકા'ઓ શરૂ થઇ ત્યારે તે જુદે જુદે સ્થળેથી થયેલી અને શરૂ કરવાની અનુકૂળતા મુજબ તેનાં વર્ષો જુદે જુદે મહિનેથી ગણાતાં.

બંધારણ ઘડયા પછી-અને સંઘના સભ્યો બનાવવાની યોજના પછી સભ્યોનું લવાજમ દરેક જાનેવારીથી ડિસેમ્બર સુધીનું નોંધાય છે. આમ સભ્યનું લવાજમ અને 'શિક્ષણ પત્રિકા'નું લવાજમ જુદા જુદા મહિનાથી ગણાતું હોઇ હિસાબોમાં પ્રતિકૂળતા રહ્યા કરે છે.

સંઘનું નવું વ્યવસ્થાપક મંડળ ૧૯૪૪ ના એપ્રિલમાં ચૂંટાયા પછીની બેઠકમાં વર્ષનો ફેરફાર કરવાનું વિચારેલું પરંતુ દરમિયાન 'શિક્ષણ પત્રિકા' ઉપર કાગળનિયમન ધારાની અસર આવતાં તેનો દેહ છેક દુર્બળ થઇ ગયો! એટલે એ પરિસ્થિતિમાં પલટો ન આવે ત્યાં સુધી કોઇ ફેરફાર અમલમાં લાવવની ઇચ્છા મોકૂફ રાખેલી. આખરે દિલ્હી ખાતેથી "ન્યૂસ પ્રિન્ટ" વાપરવાની પરવાનગી મળતાં જ્યારે એમ લાગ્યું કે હવે તો એક બે માસમાં જ 'શિક્ષણ પત્રિકા' અસલનાં ૧૬ પાનાંના રૂપે પ્રગટ કરી શકાશે, ત્યારે વર્ષના ફેરફારનો વિચાર પણ અમલમાં મૂકવો યોગ્ય ધાર્યું છે.

એટલે ગુજરાતી 'શિક્ષણ પત્રિકા'નું વર્ષ જે અત્યારે ૧૯ મું ચાલે છે તે ડિસેમ્બર ૧૯૪૪ આખરે ૧૦ મા અંકથી પૂરું થયું ગણીને ૧૯૪૫ ના જાનેવારીથી ૨૦ મું વર્ષ શરૂ કરશે.

પરંતુ ચાલુ ગ્રાહકોનાં લવાજમો ફેબ્રુઆરી ૧૯૪૫ સુધી મળેલાં છે એટલે તેમને જાને૦ ફેબ્રુ૦ ના અંકો તેમના જૂના લવાજમને હિસાબે મળશે. અને જેઓ આગળ ચાલુ રહેશે તેમનું ૧૦ ને બદલે ૯ મહિનાનું એટલે રૂ. ૦-૧૨-૦ લવાજમ લઇને ૧૯૪૫ ના ડિસેમ્બર સુધીના ગ્રાહકો તેમને ગણવામાં આવશે. આ કારણે તે મુદતના સામાન્ય સભ્યનું લવાજમ રૂ. ૧-૪-૦, સક્રિય સભ્યનું રૂ. ૨-૧૨-૦, સહાયક સભ્યનું રૂ. ૪-૧૨-૦ તથા સંસ્થાનેડાણનું લવાજમ રૂ. ૫-૧૨-૦ રહેશે. આથી જૂના ગ્રાહકોને વિનંતી કરવાની કે જેઓ આગળ ચાલું રહેવા માગતા હોય તેઓ પોતાનાં લવાજમો અગાઉથી મોકલે તો તેમણે ઉપરને હિસાબે લવાજમો મોકલવાની વાત ધ્યાનમાં રાખવાની છે.

પરંતુ જેઓ નવા ગ્રાહકો નોંધાશે તેમને તો ૨૦ મા વર્ષનો જાનેવારી ૧૯૪૫ થી જ ગ્રાહકો ગણવામાં આવશે, અને તેમનું લવાજમ પૂરું એટલે રૂ. ૧-૦-૦, ૧-૮-૦, ૩-૦-૦, ૫-૦-૦ અને ૬-૦-૦ અગાઉની જેમ જ લેવામાં આવશે.

આશા છે કે સહુ સભ્યો આ યોજનાને આવકારશે અને તે મુજબ પોતપોતાનાં લવાજમો મોકલવાનું ધ્યાનમાં રાખશે. ચાલુ ગ્રાહકોને લવાજમો માટેનાં વી. પી. રૂ. ૦-૪-૦,

ઉમેરાઇને માર્ચ ૧૯૪૫ માં કરવામાં આવશે.

લવાજમો અંગે આવી જાતનો ફેરફાર મરાઠી અને હિંદીમાં પણ કરવામાં આવ્યો છે. મરાઠીનું ૧૨ મું વર્ષ જૂનું ૧૯૪૪ માં શરૂ થયું છે તે ડિસેમ્બરમાં ૭ અંક પૂરા થતાં પૂરું થયું ગણાશે, અને જાનેવારી ૧૯૪૫ થી ૧૩ મા વર્ષની શરૂઆત થશે; પરંતુ અત્યારના ચાલુ ગ્રાહકોને મે ૧૯૪૫ સુધી અંકો મળ્યા કરશે. હિંદી વર્ષ ઑક્ટોબરમાં ૧૧ મું શરૂ થયું છે. તે ત્રણ જ મહિનાનું ગણીને ડિસેમ્બર આખરે પૂરું થયું ગણાશે, અને તેનું પણ નવું વર્ષ ૧૯૪૫ ના જાનેવારીથી ગણાશે. એમાં જેઓ જૂના ચાલુ ગ્રાહકો છે તેમની પાસેથી વચલા ૧૧ માં વર્ષનું લવાજમ છોડી દેવાનું ધાર્યું છે, અને ૧૯૪૫ ના જાનેવારીથી એટલે ૧૨મા વર્ષથી તેમનું લવાજમ નિયમિત રીતે લેવાય છે તેટલું જ લેવાશે. પરંતુ જેઓ હિંદીના નવા ગ્રાહક નોંધાશે અગર જેમને ૧૧ મા વર્ષના ત્રણે અંકો પણ જોઇતા હશે તેમની પાસેથી એટલી મુદતના રૂ. ૦–૪–૦ વધુ લેવામાં આવશે.

સહુ સંધીઓ વર્ષોના આ નવા ફેરફારને આવકારે અને તે મુજબ હવેથી લવાજમોની ગણતરી ગણે એવી વિનંતી છે. –તંત્રી

## આવતાં જતાં

( અનુસંધાન ગતાંક પાને ૬૯ થી )

( ૨ )

મે મહિનાનો અંત આવી રહ્યો હતો. રાતના આઠ થયા હતા, ને મલબાર હિલને છેવટને છેડે બસની સહુ જોતી હું ઊભા હતા. બસ ઊપડવાને હજુ જરા વાર હતી. અંદર બેઠાં બેઠાં બકારો પુષ્કળ થયા કરતો હતો.

જરા વારમાં પાછલી ખુરશી પરથી બાળકના રડવાનો અવાજ આવ્યો. બાળક ખૂબ ચિડાઇને બૂમો પાડતું હતું. સ્વાભાવિક રીતે જ મારું ધ્યાન ખેંચાયું ને મેં પાછળ જોયું.

ત્રણ વરસની નાની બાળકીને લઇને પતિ-પત્ની ચડ્યાં હતાં; પેલી બાળકી ખુરશી પર બેસવા માગતી નહોતી, જ્યારે માબાપ તેને જોરથી બેસાડવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. બાળકી રોષે ભરાઇ હતી; તેને બેસવું જ નહોતું. હાથપગ પછાડી તે પોતાનો વિરોધ બતાવી રહી હતી.

જેમ તેમ કરી પતિપત્ની ખુરશી પર બેઠાં અને બાળકીને પકડીને ખોળામાં બેસાડી. બીજી બાજુ એનું રડવાનું ને હાથપગ ઉછાળવાનું ચાલુ જ હતું. બાળકીને સમજાવવાનો બંને જણાં ઘણો પ્રયત્ન કરતાં હતાં પણ ફેમે કરી તે રીઝતી નહોતી.

હું એ દૃશ્ય જોઇ રહી.

શરૂઆત બાળકીને મીઠા મીઠા શબ્દોથી રીઝવવાની થઇ. "બેન ! આપણે વાવા જોવા જવાનું છે ના? ત્યાં તને ભાગ લઇ આપશું. હાં ! જો, મસ્તી ના કરીએ, છાની થઇ જ જોઇએ." વગેરે.

બાળકી માનતી નહોતી. સમજાવટમાંથી ધમકી આપવાની શરૂઆત થઇ. "ચુપ રહે. માને છે કે નહિ? નહિ તર લગાવી દઇશ ! છાની રહે છે કે બહાર ફેંકી દઉં ?"

ધમકીમાંથી ડરાવવાના ઉપાયો લેવાયા "જો પેલો સિપાઇ આવે. તને લઇ જશે, હો ! છાની રહે નહિ તો પેલો ડ્રાઇવર તને મારશે પેલું કુંતરું જોયું ? તને ફાકડી ખાશે હાં કે !"

અને આખરે ચૌદમું રતન બતાવ્યું.

પિતાએ બે તમાચા ચોડી દીધા, ને માએ પણ એક ચૂંટી ખણી છાના બેસવા કહ્યું. પણ બાળકી કાંઇ માને ? માને લીધે તો તેણે ભેંકડો તાણી રડવાનું શરૂ કરી દીધું ને માતાને લાતો મારવા માંડી. એક વધારે તમાચો જોરથી વાંસામાં પડ્યો, અને બાળકી ગભરાઇ જઇ હીબકાં ભરતી મૂંગી બની ગઇ !

દરમિયાન કન્ડક્ટર અને ડ્રાઇવર આવી પહોંચ્યા. પેસેન્જરોની સંખ્યા પણ વધી. ધૂંધૂં કરતી બસ ચાલુ થઇ. નજીક એકાદ બે સ્ટૅન્ડ ઉપર ઊભી રહી, વળી ચાલુ થઇ. બેઠલામાં દરિયો દેખાવા લાગ્યો ને સાથે ઠંડી પવનની લેરખી પણ લેતો આવ્યો. બાળકી હવે શાંત બની ગઇ હતી, પરંતુ બહુ જ નારાજ હતી. ધીરે ધીરે નવી સ્થિતિની તેના પર અસર થઇ. મોંજાં ઊછળી રહ્યાં હતાં, અને ઠંડો આલ્હાદક પવન વાઇ રહ્યો હતો. બાળકીના વાળનાં જુલફાં ધીરે ધીરે ઊડી રહ્યાં હતાં. બાળકી બે મનમોહક દૃશ્ય જોઇ રહી, અનુભવી રહી

ધીરે ધીરે તેના મોં પર હાસ્યની રેખાઓ ઊડી. માબાપનાં દિલ પણ પ્રસન્ન થયાં.

પણ શરૂઆતમાં જે દૃશ્ય જામ્યું હતું તેની અસર બાળકીના દિલમાંથી સાફ ભૂંસાઇ ગઇ હશે એમ કેમ કહેવાય ? સિપાઇ અને કૂતરાનો બતાવેલો ડર, શરીર પર પડેલો માર, અને આસપાસના લોકો વચ્ચે થયેલું પોતાનું અપમાન બાળકી ભૂલી શકે બરી ? પોતાની અસહાયતા તે વીસરી શકે બરી ?

મને લાગે છે, આખોય પ્રસંગ અણઆવડતનું પરિણામ હતું. બાળકીની વાત જો પહેલેથી જાણી લીધી હોત તો ? બસમાં બની છેક મંદ હતી; કહો કે અંધારું જ હતું. બેઠો ગોઠો ઉકળાટ પણ સખત થતો હતો. મોટેરાને પણ અંદર બેસી રહેવું ગમે તેવું નહોતું. બસ ચાલુ થતાં સુધી માબાપ પૈકી એક જણ બાળકીને લઇને નીચે ઊભું રહ્યું હોત અને બસ ચાલુ થતા વખતે જ જો ઉપર ચઢત તો જે કરુણ પ્રસંગ બની ગયો તે બનત નહિ.

ઘણી વાર જરા સરખો વિચાર કરવાથી ઉપાય જડી જાય તેવું હોવા છતાં અનેક પ્રસંગોએ બાળકોને ઉપરના જેવા જ કરુણ અનુભવોમાંથી પસાર થવું પડે છે. માબાપોને પણ એ પ્રસંગો આનંદદાયક હોય છે એમ તો કેમ કહેવાય ?

માબાપો આનો ધીરજથી વિચાર કરશે ?

—તા૦

## ધૂંધૂ—ધૂરારાવ

મધ્ય ગુજરાત શાખાએ આણંદ મુકામે તા. ૧૯-૧૧-૪૪ ના રોજ પોતાનું બંધારણ ઘડીને કાર્યનો આરંભ કરી દીધાનું ભાષામંત્રી શ્રી કમળાશંકર પંડિત જણાવે છે. હાલ તુરત આ શાખા નીચેની પ્રવૃત્તિઓ માટે પ્રયત્ન કરશે:-

(૧) સભ્યો નોંધવા, (૨) ફરતા પુસ્તકાલય-ની-વ્યવસ્થા કરવી. (૩) આ વિભાગનાં બાલ-મંદિરોનો માહિતીસંગ્રહ, (૪) બાળગીતોનો સંગ્રહ કરવો, (૫) બાળરમતો, (૬) ક્રીડાંગણો-નાં સાધનોનું ચોકકસ માપ નક્કી કરવું, (૭) ભાષા અને ગણિતનાં ચોકકસ સાધનો તૈયાર કરવા સમિતિ નીમાઇ, (૮) સંસ્કારવર્ગ—Refresher Course—યોગ્ય સમયે ચલાવવો, (૯) પ્રચાર, પ્રત્રિક્ષા, વ્યાખ્યાનો વગેરે ગોઠવવાં.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે શા. પુ. આ૦ ત્રિવેદી એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨-૧૧-૪૪

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐


કેળવણીની આજની વિચિત્ર પદ્ધતિને પરિણામે જીવનના બે જુદા ભાગલા પડી જાય છે. શરૂઆતનાં ૧૫–૨૦ વર્ષોમાં ફક્ત ભણવાનું જ મળે છે, જ્યારે પછીનાં વર્ષોમાં એકલું જીવન જ જીવવાનું હોય છે. પહેલો વિભાગ સાવ જવાબદારી વિનાનો, જ્યારે બીજો વિભાગ સંપૂર્ણ જવાબદારીઓભર્યો. આ રીત છેક અકુદરતી છે. પૂર્ણ બિનજવાબદારીમાંથી સંપૂર્ણ જવાબદારી ભર્યા જીવનમાં પ્રવેશ કરવો એ એકાએક મોટો હનુમાનકૂદકો સાધ્ય કરવા જેવું છે.

—વિનોબા ભાવે


વર્ષ ૧૯ | :: કાર્યાલય :: | અંક ૧૦

૨૦૦૧ | રાવપુરા : વડોદરા | માગસર

# સેવામંદિર-સંમેલન

તા. ૨૫-૧૧-૪૪ ના રોજ મુંબઇનાં સંધ સાથે જોડાયેલાં બાલમંદિરોના શિક્ષકો તથા સંચાલકોનું આ વર્ષનું ત્રીજું સંમેલન ભરાયું હતું. મુંબઇના શિક્ષકો અને સંચાલકોએ બબ્બે ત્રણત્રણ માસને અંતરે જુદી જુદી સંસ્થામાં બાલશિક્ષણના જુદા જુદા વિષય ઉપર આવાં સંમેલનો ગોઠવવાનું નક્કી કરેલું છે. આ સંમેલન સેવામંદિરમાં ગામડાની દૃષ્ટિએ બાલ-શાળાનું સંચાલન કેવી રીતે થઇ શકે તેના પ્રત્યક્ષ પાઠો જોવા મળે, એ સારુ ગોઠવવામાં આવ્યું હતું. આ બાલશાળા મ્યુ. ભંગી કામદારોની ચાલીઓ વચ્ચે આવેલી છે. ભગિનીસમાજ આ કામદારોના લાભાર્થે પ્રૌઢ શિક્ષણ, ઔષધાલય, વગેરે પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. બાલશાળા પણ ભંગીકામદારોનાં બાળકોની છે.

૧૧ વાગતાં સંમેલનમાં આવેલા શિક્ષકો અને સંચાલકોની ત્રણ ટુકડીઓ પાડી દેવામાં આવી. દરેક ટુકડીને ૧૫ મિનિટ દરેક ઓરડાનું કામ જોવાનું હતું. પછી પરસ્પર ઓરડાની બદલી કરી બધા ઓરડાઓનું કામ બધા જ જોઇ શકે એ જાતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મુખ્ય ઓરડામાં ઝાડપાન, ફળ, ફૂલ, અને બિયાંની મદદથી જ સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું. બાળકો જુદાં જુદાં જૂથોમાં આપમેળે વહેંચાઇ જઇ પોતપોતાની ઇચ્છિત પ્રવૃત્તિઓ કરતાં હતાં. એક બાજુ બે-ચાર બાળકો માટીનાં જુદાં જુદાં વાસણો ઉપર મશગૂલ ચિત્રકારની છટાથી હાથમાં પીછી લઇ જુદા જુદા રંગમિશ્રણથી અવનવી આકૃતિઓ અને નિસર્ગસૌંદર્ય ઉપજાવવાનો એકધ્યાનથી પ્રયત્ન કરતાં હતાં. બીજાં થોડાંક બીજી બાજુ સીવણભરતના કામ ઉપર મચી રહ્યાં હતાં, તો વળી કેટલાંક ત્રીજી બાજુ રેતિયા અક્ષરો લઇ અક્ષરજ્ઞાન મેળવતાં હતાં, અને મેળવેલા જ્ઞાનનું પુનરાવર્તન પણ કરતાં હતાં.

બાજુના ઓરડામાં બાળકોના બપોરના ભોજન માટે રસોડાનું કામકાજ ચાલતું હતું. શાકભાજી સુધારવી, પાણીથી ધોઇ નાખવી, જમવાની જગ્યા સાફ કરી આસન પાથરવાં, પીરસવું, જમી રહ્યા પછી જગ્યા સાફ કરવી, વાસણો સાફ કરી નાખવાં, વગેરે બધી પ્રવૃત્તિઓ બાળકો કરતાં હતાં. બધું જ કામ શાંતિથી ચાલતું હતું અને સૌના મોં પર પોતાને ઘેર કરવા ન મળતાં કામો અહીં પોતાની જાતે કશી પણ રુકાવટ સિવાય કરવાનાં મળતાં હતાં તેનો અનેરો આનંદ તરવરતો હતો. શિક્ષિકાઓનું પણ આનંદથી અને ઉમંગથી બાળકો સાથે તેમના જેવાં જ થઇ જઇ કામ કરતાં હતાં.

પાછળના માંડવામાં તો વળી આનંદ ઉભરાતો હતો. એક શિક્ષક માટીનું કૂંડું લઇ બે હાથે માટી ચોળતા બેઠા હતા. બાળકો પોત-પોતાનું પાટિયું લઇ આજુબાજુ બેઠાં હતાં. શિક્ષક માટી ચોળતા જાય અને બાળકોને જોઇએ તેટલો આપતા જાય. અહીં શહેરી પ્લેસ્ટીસીન ન હતી પણ ગણપતિ–માટીમાં પાણી રેડી માટીકામ માટે માટી તૈયાર કરવામાં આવતી હતી. આ રીતની માટી તૈયાર કરી માટીકામ કરવાનો જેટલો આનંદ બાળકોને આવે છે તેટલો આનંદ નાની નાની ગોળીઓ જેટલી પ્લેસ્ટીસીન આપવાથી નથી જ આવતો. છૂટથી

માટી ગૂંદી તેના પીંડા બનાવવાની પ્રવૃત્તિમાં બાળમાનસને જે રસ પડે છે તે રસ પ્લેસ્ટીસીનની તૈયાર માટીથી અનુભવાતો નથી. થોડા જ સમયમાં બાળકોએ પોતાની કલ્પનામાં આવે એવાં રમકડાં બનાવી દીધાં. એક બાળકે તો બે બળદ જોડેલું હળ અને સાથે ખેડૂત પણ બનાવી દીધો. આટલાં ઝડપી અને વિવિધ સ્વતંત્ર સર્જનોનો ઉલ્લાસ આપણી શહેરી પ્લેસ્ટીસીન નથી ઉપજાવી શકતી એમ તે વખતે ઘણાને લાગ્યું. બપોરે બાર વાગે બાળકોને વિદાય કરી સૌ મહેમાનો પાછળ માંડવામાં આજના ખાસ મહેમાન શ્રી નાનાભાઇ ભટ્ટનું પ્રવચન સાંભળવા એકઠાં થયાં.

## શ્રી નાનાભાઈ ભટ્ટનું પ્રવચન

આજે આ સંસ્થાનુ કામ જોયા પછી મને બે જાતની લાગણીઓ થાય છે. પહેલી લાગણી અફસોસની છે કે આજે સ્વ. ગિજુભાઇ ગામડાનાં બાલમંદિરોનું પોતાનું સ્વપ્ન જોવા જીવી શકયા નથી. એમના જીવતાં ભાવનગર પાસેનાં ગામડાંઓમાં પ્રયોગ કરવાનો પ્રયત્ન કરેલો પણ તે સફળ ન થઇ શકયો. પછી અમને લાગ્યું કે અમે પોતે જ્યાં સુધી ગામડામાં જઇએ નહિ ત્યાં સુધી બે સફળતા નહિ મળે. અને હું ગામડામાં ગયો. તે દિવસનો હું ઝંખી રહ્યો છું કે ગામડામાં નવી કેળવણી કેમ દાખલ થાય ? અને તેથી જ મને અહીં આવીને આનંદ થયો. અમે જે ન કરી શકયા તેનાં બીજ મુંબઇમાં નખાયાં અને ઊગી નીકળ્યાં તેથી મને આનંદ થયો. આજે મારા હૃદયમાં સંતોષ છે. મને થાય છે : " હાશ, એક જગ્યાએ તો લીલી વાડી ખીલી છે ! "

મારી પાસે શીખી મારે હાથે પ્રમાણપત્ર મેળવીને બહાર પડેલા ઘણા વિદ્યાર્થીઓ આજે બાલશિક્ષકો તરીકે કામ કરી રહ્યા છે. તેમની સામે બધાની ફરિયાદ છે કે તેઓ પૈસાદારનાં બાળકોને ભણાવે છે. દક્ષિણામૂર્તિએ જેટલા શિક્ષકો સમાજને આપ્યા છે તે બધાએ આ જ વલણ લીધું હોવાથી લોકોએ આક્ષેપ ઉઠાવ્યો કે મૉન્ટેસોરી પદ્ધતિ ખૂબ જ ખર્ચાળ હોઇ પૈસાદારો માટે જ છે; ગરીબો માટે નથી. આ આક્ષેપના સૂર છેક ગાંધીજી સુધી પહોંચ્યા. પણ આજે આ શાળા જોયા પછી હું ગાંધીજી પાસે જઇશ ત્યારે મારી વાત વધુ જોસથી કહી શકીશ. હું એમને કહીશ, મૉન્ટેસોરી પદ્ધતિના બાળશિક્ષકો સામે જે આક્ષેપ છે તેનો ઇન્કાર હું હવે પ્રત્યક્ષ પુરાવા સાથે કરી શકું એમ છું.

આ બધું ગામડામાં કરી શકાય ખરું ? એ સવાલ મારી સમક્ષ ખડો છે. મને શ્રદ્ધા છે કે મને ૬૩ વર્ષ થયાં છે તે છતાં મારા અંતકાળ પહેલાં ગામડામાં બાલમંદિરો થયેલાં હું જોઇ શકીશ.

મારે પૈસાદાર સામે વિરોધ નથી. મારે મન બધાં બાળકો સરખાં છે. પણ પૈસાદારોના તરંગોને અનુકૂળ થાય એવી રીતે શિક્ષણસંસ્થાઓ ચાલે તેની સામે મારો વિરોધ છે. પૈસાદારોના શિક્ષણ અને કલાના વિકાસને અંગેના બધા જ વિચારો હરહંમેશ સાચા નથી હોતા. શ્રીમંતોનાં બાળકોની સ્વાભાવિક શક્તિઓ શ્રીમંતાઇનાં બંધનોમાં ચગદાય છે. તે શક્તિને મુક્ત કરવાનો રસ્તો તમારે શોધવાનો છે. તમે જોયું કે અહીંનાં બાળકોમાં ક્રિયાશક્તિ અને મૌલિકતા પૈસાદારનાં બાળકો કરતાં વધારે છે. મારો પણ એ જ અનુભવ છે. ગામડામાં જે કળા છે તે શહેરમાં દેખાતી નથી.

પૈસાદાર પણ દયાને પાત્ર છે. એમની શ્રીમંતાઇ એમને અનેક રીતે કચડે છે. તેમાંથી એમને આપણે મુક્ત કરવાના છે. આનો જ અર્થ " सा विद्या या विमुक्तये ". એ મુક્તિ બધાને માટે છે. અને શિક્ષકો તરીકે તમારે એ મુ કત સાધવાની છે.

આજે કસ્તુરબા સ્મારકનિધિમાંથી નવું શિક્ષણકાર્ય ગામડાંની બહેનો માટે ઊભું થાય છે. ગાંધીજી પણ હવે સાત વર્ષથી નીચેનાં બાળકોની કેળવણીનો વિચાર કરતા થયા છે. અને હવે સ્મારકનિધિની યોજનામાં પૂર્વપ્રાથમિક કેળવણીનો પણ સમાવેશ થયો છે. એટલે હવે ગામડે ગામડે બાલમંદિરો નીકળશે. તેમાં તમારા જેવા શિક્ષકોની જરૂર રહેશે. પણ ગામડામાં કામ કરવું સહેલું નથી. ગામડાની પ્રજા અજ્ઞાન છે. તેમને કેળવણીની જરૂર સમજાતી નથી. તેમનામાં ઘણા વહેમો છે. એટલે તેમના તરફથી શરૂઆતમાં ઘણા વિરોધો થવાના. પણ આપણામાં ધીરજ જોઇએ. આપણું કામ માર્ગ કરવાનું–ચીલો પાડવાનું છે. ગમે તેટલો વિરોધ હશે તોપણ આપણી શ્રદ્ધા અને આપણા પ્રયત્નથી તે ટળી જશે. તમે બધા મનથી અને શરીરથી ગામડામાં જવાની તૈયારી હવે કરજો. ગાંધીજી બાલકેળવણીને મહત્ત્વ આપતા થયા છે તેમાં તમારી જ તપશ્ચર્યા ફળી છે, એમ શા માટે ન માનવું ? તમારી સમક્ષ ઊજળું ભવિષ્ય ઊભું છે. તમે તમારું સુંદર કામ બતાવી મને નવી પ્રેરણા આપી છે તે બદલ હું તમારો આભારી છું.

* * *

શ્રી નાનાભાઇના પ્રવચન પછી સહભોજન રાખવામાં આવ્યું હતું. ભોજન બાદ એકાદ કલાકના આરામ પછી સવારના અવલોકન પર ચર્ચા ચાલી હતી. શિક્ષકજીવનના કેટલાક અટપટા પ્રશ્નોની નિખાલસ દિલથી છણાવટ કરવામાં આવી હતી. સાંજે પાંચ વાગે રમતગમતના કાર્યક્રમ પછી સૌ કાંઇ ને કાંઇ નવી પ્રેરણા લઇ વિખૂટા પડયા હતા.

---

# સોવિયેટ રશિયાનાં બાળકો

[ સોવિયેટ રશિયામાં જીવનના દરેક ક્ષેત્રમાં અદ્‌ભુત પ્રગતિ થયેલી જોવામાં આવે છે. ગયાં પચીસ વર્ષમાં તે દેશે જે પ્રગતિ કરી છે તેની જોડ દુનિયાના ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળશે. પ્રગતિ માટે પ્રયત્ન કરતા ભારતવર્ષને સોવિયેટ રશિયાના પ્રયોગોમાંથી ઘણું નવું જાણવાનું મળે તેમ છે. રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રોની જેમ કેળવણીના ક્ષેત્રમાં પણ સોવિયેટ રશિયાએ નવી ભાત પાડી છે. ત્યાંના કેળવણીના અખતરાઓમાંથી આપણે જાણવા જેવી ચીજો ક્રમશઃ 'શિક્ષણ-પત્રિકા' માં આપવાનો ઇરાદો છે. આશા છે કે વાંચકોને એ માહિતી બોધપ્રદ નીવડશે. આ માહિતી દીના લેવિન નામનાં અમેરિકન શિક્ષિકાએ જાત-અનુભવથી લખેલી પુસ્તિકાને આધારે લીધી છે.–લે૦ ]

## ૧. માબાપ

આપણા દેશમાં માબાપ બાળકોની કેળવણીમાં ઘણો જ ઓછો રસ લે છે, એ વાત સહુ કોઇ કબૂલ કરશે. ઇગ્લંડ જેવા સુધરેલા

દેશમાં પણ " હેડમાસ્તરને મળવાની જરૂર હોય તો જ માબાપોએ શાળાના મકાનમાં આવવું. એ સિવાય બીજા કારણસર માબાપોને શાળામાં આવવાની મનાઇ છે. " એવી જાતની નોટીસ શાળાના મકાન પર લગાડેલી જોવામાં આવે છે. પણ સોવિયેટ યુનિયનમાં શાળાની સાથે નિકટ સંબંધમાં રહેવું એ માબાપોની એક અનિવાર્ય ફરજ ગણાય છે. રશિયામાં કદાચ માબાપ પોતાની એ ફરજ પ્રત્યે બેદરકાર જણાય તો શાળા તેમને તેમની ફરજનું ભાન કરાવવામાં હમેશ જાગૃત રહે છે. વખતોવખત માબાપોને શાળામાં બોલાવવામાં આવે છે અને ચાલતા વર્ગોમાં હાજરી આપી શિક્ષકો કેવી રીતે શીખવે છે તે જોવાનું તેમને કહેવામાં આવે છે. બાળકોના ભોજનના સમયમાં માબાપ શાળામાં હાજર રહી મદદ કરે છે. માબાપ વખતોવખત જુદા જુદા વિષયો ઉપર શાળામાં ભાષણો પણ આપે છે.

પ્રત્યેક શાળામાં માબાપોની એક કમિટી હોય છે. આ કમિટીની ચૂંટણી માબાપોની સામાન્ય સભામાં દર વર્ષે થાય છે. આ કમિટી ઉત્સવો અને બાળકોની પાર્ટીઓ ગોઠવે છે, અન્ય રીતે શાળાના કાર્યક્રમમાં મદદ કરે છે અને શાળાના તંત્ર ઉપર એક જાતનું નિયંત્રણ રાખે છે. દરેક સત્રમાં માબાપોની જે સભા થાય છે તેમાં શાળાના આચાર્ય શાળાના કામકાજનો અહેવાલ આપે છે, અને તેના ઉપર માબાપો રસપૂર્વક ચર્ચા કરી સૂચનાઓ આપે છે. આવી સત્રાંત સભાઓ ઉપરાંત દરેક મહિને પ્રત્યેક વર્ગની સભા થાય છે. આ સભામાં માબાપો શિક્ષકોના કામ પ્રત્યે પોતાના સ્પષ્ટ અભિપ્રાયો દર્શાવે છે. આમાં શિક્ષકો ઉપર કડક ટીકા પણ થાય છે. આવી એક સભામાં ફિઝિકસના શિક્ષકનું વર્ગ પ્રત્યે જે વલણ હતું તેના ઉપર માબાપોએ સખ્ત ટીકા ચલાવી. પ્રિન્સિપાલે માબાપની ટીકાનું માચાપણું સ્વીકારી કહ્યું કે " ઉક્ત શિક્ષક સભામાં હાજર નહિ હોવાથી આ ચર્ચા આવતી સભા ઉપર મુલતવી રાખવી, જેથી કરીને તે શિક્ષક પોતે જ એ ચર્ચામાં ભાગ લઇ શકે. " શિક્ષકની હાજરીમાં માબાપો તેના દોષો વિષે ચર્ચા કરે અને શિક્ષક પોતે તેમાં ભાગ લે એ પરિસ્થિતિ શિક્ષકવર્ગ અને માબાપ બન્ને વચ્ચે અત્યંત નિકટ સંબંધ વગર સંભવતી નથી. રશિયાએ પ્રયત્નપૂર્વક એ સંબંધો સ્થાપિત કર્યા છે.

આપણે ત્યાં ઘણી શાળાઓમાં થાય છે તેમ દરેક વિદ્યાર્થીની પ્રગતિનો અઠવાડિક અહેવાલ ડાયરીમાં લખી માબાપ ઉપર મોકલી આપવામાં આવે છે. આ અહેવાલ વાંચી, પોતાની કોઇ સૂચના હોય તો માબાપ તે લખી જણાવે છે. વર્ગમાં પાઠ ચાલતો હોય ત્યારે કોઇ બાળકની મા કે પિતા વર્ગમાં પછવાડેના બાંકડા ઉપર બેસી પાઠનું નિરીક્ષણ કરે એ વાત રશિયામાં સામાન્ય છે; શિક્ષકને તો એ અત્યંત સ્વાભાવિક લાગે છે. આ નિરીક્ષણને અંતે માબાપ પોતાના બાળકની દૃષ્ટિએ તેમ જ કેળવણીની દૃષ્ટિએ શિક્ષક સાથે એ પાઠના ગુણદોષોની ચર્ચા કરે છે.

રશિયામાં દરેક વર્ગનો એક સલાહકાર રહે છે. તેની ફરજ દરેક બાળકના ઘરની પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ રાખવાની હોય છે આને અંગે તે વારંવાર બાળકોનાં ઘરોની મુલાકાત લે છે. આ સલાહકાર જ્યારે માબાપો પાસે જાય છે ત્યારે પોતાનાં બાળકોનો કોઇ મિત્ર આવ્યો હોય એવા હેતથી તેનું કુટુંબોમાં સ્વાગત થાય છે. આ મુલાકાતોમાંથી કેટલું સુંદર પરિણામ

આવે છે તેનો એક દાખલો અહીં આપવો ઠીક થશે. એક શિક્ષિકા-સલાહકાર એક બાળકને ઘેર ગઇ. ત્યાં એનું અદ્‌ભુત સ્વાગત થયું. તેને ત્યાં જમાડવામાં આવી. બાળકને લગતી ચર્ચામાં મા પાસેથી જણાયું કે બાળક નિશાળ છૂટયા પછી સીધો ઘેર જતો ન હતો. તેને અંગે શિક્ષિકા અને બાળક વચ્ચે નીચે મુજબ સંવાદ થયો :–

શિક્ષિકા:–તમારી મા કહે છે તે સાચું છે?

બાળક:–હા.

શિ૦–તમને વાંચવું ગમે છે ?

બા૦–બહુ નહિ. મને સહુ કરતાં સ્કેટિંગ વધુ ગમે છે. ઉનાળામાં માછલી પકડવાનું પણ ગમે છે. સાંજે હું સ્કેટિંગ માટે જાઉં છું તેથી ઘેર આવતાં મોડું થાય છે.

આ પછી મા, શિક્ષિકા અને બાળક ત્રણેએ મળી બાળકનો સાંજનો કાર્યક્રમ ગોઠવ્યો. પછી બાળકનો પિતા શિક્ષિકાને પોતાની ગાડીમાં બેસાડી તેને ઘેર મૂકી આવ્યો.

રશિયન શાળામાં દરેક વર્ગનું ભીંત–પત્ર હોય છે. આ છાપામાં વર્ગને લગતી માહિતી, વર્ગનાં બાળકોના લેખો, વગેરે હોય છે. આમાં બાળકો પોતાનાં માબાપોની માહિતી પણ આપે છે. કોઇ બાળકની માતા યા પિતા કોઇ બાબતમાં કશી ખાસિયત ધરાવતાં હોય તો તેનો ફોટો પણ આ ભીંતપત્ર પર ચોટાડવામાં આવે છે. આ વસ્તુ બાળકોને એટલી બધી મહત્ત્વની લાગે છે કે જે બાળકના માબાપનો ફોટો એ રીતે ભીંતપત્ર પર ન ચઢે, તે બાળકને દુઃખ થાય છે અને માબાપને તે પજવી કાઢે છે. જે માબાપ Shock-worker એટલે કે કોઇ નવી યોજનાપ્રવૃત્તિ યા કલ્પનાનાં ધુરીણ હોય તેના જ ફોટા મોટે ભાગે આ ભીંતપત્ર પર આવી શકે છે. એક બાળકે પોતાની માને એવી તો પજવી કે છેવટે એને પણ Shock-worker ની જવાબદારી પોતાને માથે લેવી પડી !

એક દસ વર્ષના બાળકનો પિતા ખૂબ જ બિજાળ હતો; એ બાળક તોફાની હતો. એક દિવસ એ બાળકને એના બાપે એક તમાચો માર્યો. બાળકે બીજા બે બાળકો સાથે પોલીસ સ્ટેશને જઇ પોતાના બાપે પોતાને તમાચો માર્યો છે એ વાતની ફરિયાદ કરી બીજે દિવસે પોલીસ ઑફીસર બાળકના પિતા પાસે ગયો. બધી વિગતો જાણ્યા પછી પોલીસ ઑફીસરે સમજી લીધું કે બાપ કોઇ અસંસ્કારી માણસ ન હતો, પણ બાળકના અસાધારણ તોફાનને લીધે બિજાજ ઠેકાણે ન હોવાથી એણે બાળકને એક તમાચો માર્યો હતો. બાળકે પણ કબૂલ કર્યું કે એના પિતાએ એને જિંદગીમાં પહેલી જ વાર માર્યો હતો. પણ એ બાળકે ઉમેર્યું કે મારા પિતા સોવિયેટ વકીલ છે તે છતાં બાળકને માબાપથી ન મરાય એ કાયદો તે કેમ ભૂલી શકે ?

દસ વર્ષના બાળકના આ વર્તનથી આપણને નવાઇ લાગશે, કદાચ બાળક ઉપર ઘૃણા પણ આવશે. પણ આપણે યાદ રાખવું જોઇએ કે રશિયામાં જીવનનું આખું મૂલ્યાંકન જ તદ્દન બદલાયેલું છે. ઉપરાંત રશિયામાં બાળકો માટે જે પોલીસખાતું છે, તેમાંના નોકરો સુશિક્ષિત અને સંસ્કારી હોય છે, અને તે ખાતાના અધિકારીઓ તો માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના જાણકાર કેળવણીકારો હોય છે ! પણ આ વિષેની માહિતી હવે પછી.

–ગો. રા. કુ.

સિવાય રહેા નહિ.

પત્રિકા 'ની આ રીતની સેવા 'પત્રિકા 'ને આગળ વધારશે તથા શિક્ષણના કાર્યને સુતરું બનાશે.

–તંત્રી

## વાંચકો, અવશ્ય વસાવે

**સ્મરણાંજલિ.** ગુજરાતના અનેક વિદ્વાનો અને સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થીઓએ લખેલાં સ્વર્ગસ્થનાં સંસ્મરણો. પાકું પૂઠું અને સ્વર્ગસ્થના અનેક ફોટાઓ સાથે કિંમત ૧-૮-૦ ટપાલખર્ચ ૦-૪-૦.

**મોન્ટેસોરી શિક્ષણપ્રચારમાળા :** લેખક સ્વ. ગિજુભાઇ અને શ્રી. તારાબેન મોડક.

પાકું પૂઠું કિં. ૦-૧૦-૦: ટપાલખર્ચ ૦-૨ ૦.

પુસ્તકો મંગાવવાનું સ્થળ :

મંત્રી: **નૂતન બાલશિક્ષણ સંઘ,**

**૧૨૭, હિંદુ કૉલની, દાદર.**

---

# લવાજમ વધ્યું છે.

ચાલુ ડિસેમ્બર માસના પહેલા અઠવાડિયામાં નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇમાં મળેલી બેઠકમાં 'શિક્ષણ પત્રિકા'નું લવાજમ વધારવાનો ઠરાવ કરવામાં આવ્યો છે તેની સહુ ગ્રાહકો નોંધ લેવા કૃપા કરે.

આટલાં વર્ષ સુધી 'શિક્ષણ પત્રિકા' ખોટમાં ચલાવ્યા પછી આખરે નાઇલાજે સંઘે લવાજમ વધારવાનું પગલું લીધું છે. સંઘને દર વર્ષે દોઢ બે હજારની ખાધ રહે છે. નવા વ્યવસ્થાપક મંડળની એપ્રિલમાં ચૂંટણી થયા પછી આ અંગે ગંભીરતાથી વિચાર કરવામાં આવેલો. દરમિયાન જુલાઇમાં માસિકનાં પાનાંઓ ઉપર પેપર કન્ટ્રોલ ઑર્ડર અનુસાર કાપ મુકાયો એટલે વાત અટકી ગઇ. પરંતુ હવે જ્યારે ૧૬ પાનાંની પૂરી સંખ્યા જેટલું લખાણ સંઘ આપી શકે તેવી અનુકુળતા થઇ છે ત્યારે લવાજમ વધારવાનો વિચાર સહુ સ્વીકારી લેશે એવી આશા છે.

એટલે હવે સામાન્ય સભ્યનું વાર્ષિક લવાજમ જે દોઢ રૂપિયો હતું તે બે રૂપિયા કરવાનું ઠરાવાયું છે. એ રીતે લવાજમમાં આઠ આના વધે છે. પરંતુ સાથે સાથે આજ સુધી 'શિક્ષણ પત્રિકા'ના માત્ર ગ્રાહકો તરીકે નોંધાવાની જે છૂટ રહેતી હતી તે બંધ કરી છે, એટલે કે દરેક ગ્રાહકે સામાન્ય સભ્ય તો થવું જ જોઇએ એમ નક્કી કર્યું છે. અને એ રીતે 'શિક્ષણ પત્રિકા'નું લવાજમ વાર્ષિક બે રૂપિયા ગણવાનું રહેશે. **પુસ્તકાલયો તથા શાળાઓ માટે મંગાવાતી નકલો માટે પણ લવાજમનું ધોરણ તો ઉપર મુજબ વાર્ષિક બે રૂપિયા જ ગણાશે.** તેઓ લવાજમ ભર્યાની રૂએ જ નૂતન બાલશિક્ષણ સંઘના સામાન્ય સભ્ય બની જશે.

આ રીતે સને ૧૯૪૫ માટે સક્રિય સભ્યનું લવાજમ પણ રૂા. ૩–૮–૦, સહાયક સભ્યનું લવાજમ રૂા. ૫–૮–૦ તથા સંસ્થાજોડાણનું લવાજમ રૂા. ૬–૮–૦ ગણવાનું રહેશે.

જે જૂના ગ્રાહકો ૧૯૪૫ માં આગળ ચાલુ રહેશે અને જેમને બે મહિના પછી એટલે માર્ચથી લવાજમ મોકલવાનું છે, તેઓ ગયા અંકમાં જાહેર કર્યા મુજબનું પોતાનું પોણા વર્ષનું લવાજમ હવે રૂ. ૧–૨–૦ તથા દરેક જાતના સભ્યના લવાજમના વાર્ષિક

૩. ૦–૮–૦, ૨–૦–૦, ૪–૦–૦ તથા ૫–૦–૦ મળીને અનુક્રમે ૩. ૧–૧૦–૦ સામાન્ય સભ્યના, ૩. ૩–૨–૦ સક્રિય સભ્યના, ૩. ૫–૨–૦ સહાયક સભ્યના તથા ૩. ૬–૨–૦ સંસ્થા જોડાણના લવાજમના મોકલી આપવાનું કૃપા કરી નોંધી લે. એ લવાજમ આ અંક મળતાં જ તેઓ મોકલવા ધારે તો મોકલી આપી શકશે. ગુજરાતી લવાજમો માટે વી. પી. ખર્ચના ૦–૪–૦ ઉમેરીને માર્ચ માસનો અંક વી.પી. થી રવાના કરવામાં આવશે. **જેમનું લવાજમ આ અગાઉ આવી ગયું છે તેમણે આ નવા ધોરણ પ્રમાણેના લવાજમમાં ઘટતી રકમ પૂરી કરી દેવાની છે.** તેઓ એ ઘટતી રકમ મનીઓર્ડરથી હમણાં જ મોકલી આપે તો વધારે સારું.

આર્થિક મુશ્કેલીના કાળમાં લવાજમમાં કરેલો આટલો વધારો બધા સંઘીઓ સ્વીકારી લઇ આજ સુધી સંઘના કાર્યને જે રીતે મદદ આપતા રહ્યા છે એમ સતત આપ્યા કરે એવી બધાં ગ્રાહક ભાઇબહેનોને આગ્રહભરી વિનંતી છે.

–તંત્રી.

## શિક્ષણ—સમાચાર

—ગુજરાતી વિભાગના ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિતે સંઘના ગુજરાતના કાર્યકર્તા મંડળની રચના કરી છે અને વ્યવસ્થાપક મંડળે તેને મંજૂરી પણ આપી છે.

**ગુજરાતી વિભાગનું કાર્યકર્તા મંડળ**

શ્રી. દેવરામ ડાહ્યાભાઇ વરૂ કચ્છ...અંજાર
શ્રી. ભગવાનજી ભીમજી શાહ
પશ્ચિમ કાઠિયાવાડ...પોરબંદર
શ્રી. પ્રેમશંકર ન. ભટ્ટ
પૂર્વ કાઠિયાવાડ...ભાવનગર
શ્રી. પુનમચંદ શાહ ઉત્તર ગુજરાત...પાટણ
શ્રી. મગનભાઇ વાઘજીભાઇ પટેલ
મધ્ય ગુજરાત...આંકલાવ
શ્રી. પુષ્પાબેન પકવાસા મુંબઇ શહેર...મુંબઇ

ગુજરાતના બાકીના વિભાગોની નિમણુંક હવે પછી કરવામાં આવશે.

—મરાઠી વિભાગને હાલ તુરત કામકાજની અનુકૂળતા માટે નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યો છે અને તેને માટેનું કાર્યકર્તા મંડળ ટૂંક સમયમાં નિમવામાં આવશે. વિભાગો :

(૧) મુંબઇ (૨) પૂના (૩) નાગપુર (૪) ઇંદોર (૫) કોલ્હાપુર (૬) અહમદનગર (૭) નાસિક.

—શ્રી. નિર્મળાબેન બકુભાઇ, અમદાવાદ, રૂા. એકસો એક આપી સંઘના આજીવન સભ્ય નોંધાયાં છે.

—'શિક્ષણ-પત્રિકા'નું વાર્ષિક લવાજમ રૂપિયા બે કરવામાં આવ્યું છે. હવેથી પત્રિકાના બધા જ ગ્રાહકો સંઘના સામાન્ય સભ્ય ગણાશે.

—સંઘના વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રી. હરપ્રસાદ ભટ્ટે રાજીનામું આપ્યું છે, અને વ્યવસ્થાપક મંડળે તે મંજૂર કર્યું છે.

—તા. ૨૭–૧૨–૪૪થી અમદાવાદમાં ડો. મેડમ મોન્ટેસોરીએ હિંદુસ્તાનમાં પોતાનો છઠ્ઠો મોન્ટેસોરી પ્રાયમરી કોર્સ શરૂ કર્યો છે. માત્ર ગુજરાતી જાણનાર ભાઇબહેનોને પણ આ વર્ગમાં લેવામાં આવ્યાં છે. પત્રવ્યવહારનું સરનામું: શ્રી. સરલાદેવી સારાભાઇ. ધી રીટ્રીટ, શાહીબાગ, અમદાવાદ.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા.૪–૧–૪૫

22974

22974

